

રશિયાએ ખેરસનને પર કર્યો કબજો, 300 જેટલા લોકોને બંધક બનાવ્યા

PAGE NO. 19

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 29 APRIL, 2022 Vol. 19, No. 17 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ચીનમાં કોરોનાનો રાફડોઃ 27 શહેરોમાં લૉકડાઉન

## વાયરસ રોકવા માટે લોકડાઉન, માસ ટેસ્ટિંગ, ક્વોરેન્ટીન અને સરહદો બંધ કરવા જેવા આકરા પગલાં ભરાયા



**બેઇજિંગ**

ચીનમાં કોરોના મહામારીને લઈને સરકારની દમનકારી નીતિને કારણે લોકોમાં ડરનો માહોલ છે. ઝીરો કોવિડ પોલિસીને કારણે ગણ્યાંગાંઠ્યા કેસ સામે આવવા પર પણ કરોડોની વસ્તીવાળા શહેરમાં તત્કાલ લૉકડાઉન લગાવવામાં આવી રહ્યું છે. નિયંત્રણોનો અંદાજ તેના પરથી લગાવી શકાય છે કે વર્તમાનમાં ચીનના ૨૭ શહેરોમાં લૉકડાઉન લાગૂ છે. આ શહેરોમાં રહેતા ૧૬.૫ કરોડ લોકો પોત-પોતાના ઘરોમાં બંધ છે. તેમાં સૌથી ખરાબ સ્થિતિ ચીનની આર્થિક રાજધાની શાંઘાઈની છે. સંક્રમણ પિક પર પહોંચવા દરમિયાન શહેરમાં એક દિવસમાં લગભગ ૧૦ હજાર કોરોના કેસ નોંધાયા હતા. આ વચ્ચે રાજધાની બેઈજિંગમાં પણ મોટાપાયે લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે.

મહામારી દરમિયાન ચીન પોતાની ઝીરો કોવિડ પોલિસી પર અડિગ છે. તે હેઠળ વાયરસ રોકવા માટે લોકડાઉન, માસ ટેસ્ટિંગ, ક્વોરેન્ટીન અને સરહદો બંધ કરવા જેવા આકરા પગલાં ભરવામાં આવી રહ્યાં છે. પરંતુ વધુ સંક્રામક ઓમીક્રોન વેરિએન્ટને કારણે ઝડપથી વધતા કેસોએ ચીનની આ પોલિસી પર સવાલ ઉઠાવ્યા છે. કોરોના વાયરસ ઝડપથી ચીનના અલગ-અલગ પ્રાંતમાં ફેલાય રહ્યો છે. તેવામાં ચીનની ઝીરો કોવિડ પોલિસીના આકરા પ્રતિબંધોની અસર જોવા મળી રહી નથી. તો પ્રતિબંધોને કારણે લોકો ભૂખે મરવા માટે મજબૂર છે.

સીએનએનના રિપોર્ટ અનુસાર ચીને દેશભરમાં ઓછામાં ઓછા ૨૭ શહેરોમાં પૂર્ણ કે આંશિક લૉકડાઉન લગાવ્યું છે. તેવામાં આ પ્રતિબંધોને કારણે ૧૬.૫ કરોડ લોકો ઘરમાં બંધ છે. લોકોને જીવન જરૂરીયાતની વસ્તુનો સ્કોર કરવાની પણ મંજૂરી આપવામાં આવી રહી નથી. તેવામાં એક કે બે કેસ મળવાથી લોકો ડરને કારણે ખરીદી કરી રહ્યાં છે. આ કારણે ચીનના શહેરોમાં ખાવા-પીવાની વસ્તુ અને બીજા જરૂરી સામાનની કમી થવા લાગી છે.

### ભારતમાં હીટવેવની આગાહી વચ્ચે ગરમીનો પ્રકોપ

# રાજસ્થાનમાં તાપમાન 45 ડિગ્રીને પાર, દિલ્હીમાં 46 ડિગ્રીની આગાહી

**નવી દિલ્હી**

ભારતમાં ગરમીનો પારો વધી રહ્યો છે. કેટલાક રાજ્યોમાં તાપમાન હવે ૪૫ ડીગ્રીને પાર પહોંચવા લાગ્યું છે. ગુરુવારે રાજસ્થાનના વનસ્થળીમાં તાપમાન ૪૫.૪ ડિગ્રી નોંધાયુ હતું જ્યારે બિકાનેર અને ફાલોદીમાં પણ ૪૫.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજ્યના મોટા ભાગના સ્થળોએ તાપમાન ૪૪ ડિગ્રીથી વધુ રહ્યું હતું, જેને પગલે લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. આગામી ચારથી પાંચ દિવસ તાપમાન વધી શકે છે અને હીટવેવની પણ ચેતવણી આપવામાં આવી છે. રાજસ્થાનની જેમ જ દિલ્હીમાં પણ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થયો હતો. દિલ્હીના સફદરજંગમાં મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી રહ્યું જ્યારે પિતમપુરામાં ૪૩.૬ ડિગ્રી, મુંગેશપુરમાં ૪૪.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજધાની નવી દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી છે.



જ્યારે હવામાન વિભાગે એવી ચેતવણી આપી છે કે દિલ્હીનું મહત્તમ તાપમાન આગામી દિવસોમાં વધીને ૪૬ ડિગ્રીએ પણ પહોંચી શકે છે. સાથે જ હીટવેવની પણ આગાહી આપવામાં આવી છે. બપોરના સમયે લોકોને ઘરોમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. એક તરફ ભારે ગરમી છે ત્યારે કેટલાક રાજ્યોમાં વિજસંકટની સ્થિતિ છે. ખાસ કરીને પૂર્વના રાજ્યોમાં વિજળી કટોકટી સર્જાઇ હતી. ઓડિશા, બિહાર, ઝારખંડમા તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોચી ગયો છે આ રાજ્યોમાં અનેક શહેરો અને ગામડાઓમાં કલાકો સુધી વિજળી ગુલ રહેવાથી લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

CIBC
Mortgage advice that comes to you
For expert advice contact me today
Dhiresh Shah
Mobile Mortgage Advisor
Tel : 647-248-0246
dhiresh.shah@cibc.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

SS & LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ફ્રિડમ કોન્વોય સામે ઈમરજન્સી એક્ટના ઉપયોગ બદલ તપાસ થશે

## સરકાર તરફથી લેવાયેલા પગલાંની યોગ્યતા અને અસરનો અભ્યાસ કરાશે : ફેબ્રુઆરી 2023 સુધીમાં અહેવાલ રજૂ કરાશે

**ઓન્ટેરિયો**

કેન્દ્ર સરકારે ફ્રિડમ કોન્વોય કે જેનું આયોજન ટ્રકચાલકો દ્વારા ફરજિયાત રસીકરણના વિરોધ માટે કરવામાં આવ્યું હતું. તેને પહોંચી વળવા માટે ઈમરજન્સી એક્ટનો અમલ કરવા ટ્રુડોની એક રાષ્ટ્રીય તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

આ માટે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોલ એસ. રોલીવનાં નેતૃત્વમાં પબ્લિક ઓર્ડર ઈમરજન્સી કમિશન રચવા કવાયત આદરી છે. જે કમિશન કટોકટીનો ઉપયોગ કરવા બદલ તપાસ કરશે. પોલ એસ. રોલીવ ઘણાં લાંબા સમય સુધી ન્યાયાધીશ તરીકે સેવા આપી ચૂક્યા છે અને તેઓ આ તપાસમાં આખરી અહેવાલ રજૂ કરશે. જેમાં મહત્વનાં સંશોધન તથા સરકારે આમાંથી શો બોધપાઠ લીધો છે, તેનો નિષ્કર્ષ કઢાશે. હાઉસ ઓફ કોમન્સ તથા



સેનેટના અધિકારીઓ પણ તેમાં પોતાની ફરજ બજાવશે.

ફેબ્રુઆરી 2023 સુધીમાં અહેવાલ રજૂ કરવામાં આવશે. આ સમિતિ સરકાર તરફથી જે પગલાં લેવામાં આવ્યાં છે, તેની યોગ્યતા અને અસરનો અભ્યાસ કરશે અને સરકારે ક્યા સંજોગોમાં કટોકટીના કાયદાનો ઉપયોગ કર્યો છે, તેની તપાસ કરશે. વધુ ચોકસાઈપૂર્વક કહીએ તો આ કમિશન વિરોધી દેખાવકારો, આયોજકો અને ભાગ લેનારાઓનું મૂલ્યાંકન અને તેમનાં હેતુઓની જાણકારી મેળવશે. ઉપરાંત આ દેખાવોમાં સ્થાનિક અને વિદેશી નાણાંની ભૂમિકા તથા ટોળાએ ભજવેલી ભૂમિકા વિશે તપાસ કરશે. સોશિયલ મીડિયાનો ઉપયોગ અને આ સ્ત્રોતનો ખોટી માહિતી ફેલાવવામાં કેટલો ઉપયોગ થયો છે તેની પણ તપાસ આ કમિશન કરનાર છે. આ ઉપરાંત આ બ્લોકેડની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પડેલી અસર તેમજ દેખાવો દરમિયાન પોલીસ તથા અન્ય સંબંધિત સંસ્થાઓના પ્રયાસોનો કયાસ પણ કાઢવામાં આવશે.

# PGWP ધારકોને ઓપન વર્ક પરમિટ અપાશે

## આંતરરાષ્ટ્રીય સ્નાતકોને લાંબા સમય સુધી કેનેડામાં રહેવુ સરળ બનશે

**ટોરોન્ટો**

વસાહતી ખાતાનાં પ્રધાન સીન ફ્રેઝરે એક નવી નીતિની જાહેરાત કરી છે. તે મુજબ આંતરરાષ્ટ્રીય સ્નાતકોને લાંબા સમય સુધી કેનેડામાં રહેવાની મંજૂરી આપવામાં આવનાર છે.

આ ઊનાળાથી અમલમાં આવી રહેલી નીતિ મુજબ આંતરરાષ્ટ્રીય સ્નાતક વિદ્યાર્થીઓ કે જેમણે પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) માં કામ કર્યું હોય અને જાન્યુઆરી તથા ડિસેમ્બર 2022ની વચ્ચે જેનું કામ પૂરું થઈ ગયું હોય તેઓને કેનેડા વધુ સમય માટે ઓપન વર્ક પરમિટ 18 મહિનાની મુદ્દત સુધી આપવામાં આવશે. સામાન્ય સંજોગોમાં PGWPને મુદ્દત લંબાવી આપવામાં કે નવિનીકરણ કરી આપવામાં આવતું નથી. આગામી સપ્તાહોમાં આ નીતિની વધુ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ જાહેરાતને PGWP ધારકોને કેનેડામાં લાંબો સમય રહીને કામનો વધુ અનુભવ મેળવી શકે એ નીતિનાં ભાગરૂપે જોવામાં આવે છે. જેથી તેમને કાયમી નિવાસી તરીકેની તક મેળવવામાં મદદ મળી રહે. ઈમીગ્રેશન રેફ્યુજીઝ એન્ડ સિટીઝનશીપ કેનેડા (IRCC)ના જણાવ્યા મુજબ 2022માં 95 હજાર વિદ્યાર્થીઓની PGWPની મુદ્દત પૂરી થાય છે અને આશરે 50 હજાર લોકોને આ નીતિથી વધુ લાભ થશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે કે, ફ્રેઝર તરફથી ઈકોનોમિક ક્લાસનાં વસાહતીઓ એટલે કે, એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો કુશળ કારીગરો કે જે CEC અને ફેડરલ સ્કીલ્ડ વર્કર પ્રોગ્રામ (FSWP)નાં ઉમેદવારોને મદદરૂપ બની શકશે, એમના માટે જાહેર કરવામાં આવી છે. ઉમેદવારો પણ જુલાઈ મહિનાથી શરૂઆત કરી શકશે. IRCCએ હાલના મહિનાઓમાં પ્રોસેસિંગની પ્રક્રિયા વિક્રમજનક રીતે ઝડપી બનાવી છે. 2022માં એક લાખથી વધુ લોકોની પરમિટ એપ્લિકેશન હાથ ધરવામાં આવી હતી,

# ભગવત્પ્રિયદાસજી સ્વામી દ્વારા પાઘડી પહેરાવી UKના PM જોન્સનનું સન્માન



શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેંદ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરના મહંત સદગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામીએ પ્રખ્યાત પાઘડી પહેરાવી UKના વડાપ્રધાન બોરિસ જોન્સનને ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે શ્રી મુક્તજીવન પાઇપ બેન્ડે સંગીતની સુમધુર સુરાવલી રેલાવી હતી.

# અબોવાથ ગ્રુપ દ્વારા સ્કારબોરો જનરલ હોસ્પિટલને $ 55000નું દાન અપાયું

**સ્કારબોરો**

અબોવાથ ગ્રુપે અલ્ટ્રાસાઉન્ડ મશીનની ખરીદી માટે સ્કારબોરો જનરલ હોસ્પિટલને $ 55000નું દાન આપ્યું છે. આ અંગે સંગઠને જણાવ્યું હતુ કે, અમારો વ્યવસાયનો સિદ્ધાંત દરેક ડૉલરનો એક ભાગ જરૂરિયાતમંદોને દાનમાં આપવાનો છે. સ્કારબોરોના વતની તરીકે, અમે માનીએ છીએ કે, સંગઠને રકમ એકત્ર કર્યા પછી સમુદાયને તે પાછા આપવાની અમારી નૈતિક જવાબદારી છે. અબોવાથ ગ્રૂપ દરેક ટ્રાન્ઝેક્શનનો એક હિસ્સો સ્કારબોરો હોસ્પિટલ અને માંદા બાળકો માટે કામ કરતી સ્થાનિક સખાવતી સંસ્થાઓને આપીને આનંદની લાગણી અનુભવે છે. તમારા સતત સમર્થન અને વિશ્વાસને કારણે અમે આ ભેટોને વાસ્તવિકતામાં લાવવા સક્ષમ છીએ.




ડેપ્યુટી મેયર મિશેલ થોમ્પસનને અમારા કાર્ય માટે સતત સમર્થન આપ્યુ છે. આખરે અમારુ સંગઠન સ્કારબોરોની હોસ્પિટલ-સન ફાઉન્ડેશનને અલ્ટ્રાસાઉન્ડ મશીન ખરીદવા માટે $ 55000 દાન કરી શક્યુ છે. આ રકમ અમોએ SHN ફાઉન્ડેશનને આપી છે.







# મહામારી દરમિયાન ઉપયોગમાં લેવાયેલા 2,60,000 માસ્કથી જમીન પુરાણ કરાયું

## વિશ્વમાં પ્રત્યેક મિનિટે ત્રણ મિલિયન માસ્ક ફેંકી દેવામાં આવે છે

**ટોરોન્ટો**

મેહોક કોલેજ હેમિલ્ટનનાં સસ્ટેનિબિલીટી મેનેજર એલિસન મેક્સટેડે જણાવ્યું હતું કે, કોવિડ-19 હજુ ગયો નથી. તેથી આપણે ભલે કોઈને મદદ ન કરી શકીએ, પરંતુ મારા ધ્યાનમાં આવ્યું છે કે, કોવિડ-19ની અસર હજુ પણ આજુબાજુના વિસ્તારમાં જોવા મળી રહી છે. મારા ધ્યાનમાં એ પણ આવ્યું છે કે, આ મહારોગચાળા દરમિયાન લોકોએ પોતાની સલામતી માટેનાં સાધનોનો બહોળો ઉપયોગ કરતાં કચરાનું પ્રમાણ પણ વધ્યું છે. તમારે વારંવાર જાહેર આરોગ્ય સંબંધિત ચર્ચા ન કરવી જોઈએ. માસ્ક તથા મોટા પ્રમાણમાં સિંગલ યુઝ પેકિંગ વસ્તુઓનો વધારે પડતો ઉપયોગ થવાને કારણે કચરાનું પ્રમાણ પણ વધ્યું છે. પરંતુ તેના સકારાત્મક ઉપયોગ માટે પણ વિચાર કરવો જોઈએ.

એન્વાયરોન્મેન્ટલ સાયન્સ ટેક્નોલોજીનાં સંશોધક કે જેઓ પોર્ટુગલ અને કેનેડા એમ બંને દેશોનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે આ વ્યક્તિગત ઉપયોગનાં સાધનો બાબતે 2020માં એક અહેવાલ બહાર પાડ્યો હતો. તેમાં જણાવ્યા મુજબ વિશ્વમાં પ્રત્યેક મિનિટે ત્રણ મિલિયન માસ્ક ફેંકી દેવામાં આવે છે. તેમણે આ બાબતે પોતાની ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે પીપીઈ કીટનો ઉપયોગ જમીનનું પોલાણ પૂરવા માટે કરવો જોઈએ.

જ્યારે વિદ્યાર્થીઓએ મેક્સટેડ સમક્ષ પીપીઈને રિસાઈકલ કરી વિવિધ પ્રકારનાં ઉપયોગમાં લેવાનું સૂચન કરતાં તેને ભારે આવકાર મળ્યો હતો અને ભારે ઉત્સાહથી વપરાયેલા પીપીઈના રિસાઈકલનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. ઊનાળામાં કોલેજે 260,000થી વધુ માસ્કનો ઉપયોગ જમીનનાં પૂરાણ માટે કર્યો હતો. જેને માટે કેટલીક બીજી સંસ્થાઓ પણ આ કાર્યમાં મદદરૂપ થઈ રહી છે. હાલમાં મેક્સટેડે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, કોલેજ ટેરાસાયકલ પાસેથી રિસાયકલિંગ માટે જીરો વેસ્ટ બોક્સિસની ખરીદી કરી હતી, તેને કેમ્પસમાં લાવવામાં આવ્યા છે અને ત્યારબાદ એક કંપનીને મોકલી આપવામાં આવ્યા છે.

# ભારે વિવાદ વચ્ચે પણ ટોરોન્ટો યુનિવર્સિટીનું નામ બદલાયું

## નિર્ણયથી કેનેડાની રેસિડેન્શિયલ સ્કુલો વચ્ચે સહયોગ વધારવામાં મદદ મળશે તેવો દાવો

**ઓન્ટેરિયો**

રિઅરસન યુનિવર્સિટીનું જુનું નામ સત્તાવાર રીતે બદલી નાંખવામાં આવ્યું છે અને ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી કરવામાં આવ્યું છે. સ્કુલનાં બોર્ડ ઓફ ડીરેક્ટરની એક બેઠકમાં ઠરાવ કરીને નામ બદલવાની બાબતનું સમર્થન આપવામાં આવ્યું હતું. આ બાબતે એવો વિવાદ થયો છે કે, જે લોકોએ આ સંસ્થાની સ્થાપનાથી લઈને એનાં સંચાલન સુધી ભોગ આપ્યો છે, તેનું આ ઘોર અપમાન છે પરંતુ તેનાં સમર્થનમાં એવો દાવો પણ કરવામાં આવે છે કે આ નિર્ણયથી કેનેડાની રેસિડેન્શિયલ સ્કુલો વચ્ચે સહયોગ વધારવામાં મદદ મળશે.

કેનેડામાં નિવાસી સ્કુલ શરૂ કરવામાં મહત્વનો ભાગ એજર્ટન રિઅરસને ભજવ્યો હતો. તેણે શાળામાં વ્યવસ્થિત પદ્ધતિ, યોગ્ય કર્મચારીઓ અને શિક્ષાવિદોને ભારે પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને નામ બદલવાના નિર્ણયનો વિરોધ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

પ્રેસિડેન્ટ અને વાઈસ ચાન્સેલર મોહંમદ લેચેમીએ કહ્યું હતું કે, ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીથી કોઈ વધુ સારું નામ હોય, તેની હું કલ્પના કરી શકતો નથી. યુનિવર્સિટીની ખડી સમિતીએ નામ બદલવા માટે 22 મજબૂત ભલામણો કરી હતી. સત્ય અને આત્મ સંશોધન એ આ સ્કુલનાં નવા નામ પાછળનો મુળભૂત હેતુ છે.

# કેનેડામાં વૃદ્ધોની વસતી ફરીવાર વધવા માંડી : સ્ટેટ કેનનો અહેવાલ

## ડેમોગ્રાફીક પરિવર્તનોને કારણે આગામી દાયકાઓમાં કામદારોની અછત સર્જાવાની ભીતિ

**ટોરોન્ટો**


કેનેડામાં કામ કરી શકે તેવા લોકોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષથી આ વલણ જોવા મળી રહ્યું છે, એમ બુધવારે જાહેર થયેલા વસતી ગણતરીનાં નવા આંકડામાં દર્શાવવામાં આવ્યું છે. કામ કરી શકે તેવા દર પાંચ માણસમાં એક વ્યક્તિ વૃદ્ધ હતી અને નિવૃત્તિના આરે આવી પહોંચી હતી, એમ સ્ટેટિસ્ટીક્સ કેનેડાએ જણાવ્યું હતું.

તેણે વધુમાં ઉમેર્યું હતું કે ડેમોગ્રાફીક પરિવર્તનોને કારણે કેનેડામાં કામદારોની આગામી દાયકાઓમાં ભારે અછત સર્જાશે. સેન્ટર ઓફ ડેમોગ્રાફી સ્ટેટિસ્ટીક્સ કેનેડાનાં લોરેન્ટ માર્ટેલે કહ્યું હતું કે, એક દિવસ એવો આવશે જ્યારે વસતીમાં ભારે મોટું પરિવર્તન કેનેડાનાં ભાગ્યને નક્કી કરશે. હાલમાં કેનેડા એક ખાસ સ્થળ બની ગયું છે. અહીં મોટા પ્રમાણમાં ડેમોગ્રાફીક ચેન્જ જોવા મળે છે. આ સ્થિતિ ખરેખર ચિંતા ઉપજાવે તેવી છે.

કેનેડાની વસતીમાં મોટાભાગનાં 55થી 64 વર્ષનાં લોકોનું પ્રમાણ 15થી 24 વર્ષની વયના લોકો કરતાં ઘણું વધારે છે. જેની અસર કામદારોમાં પણ જોવા મળે છે. 1966માં 15 થી 24 વર્ષનાં 200 લોકોની સામે 55 થી 64 વર્ષનાં 100 લોકો જ હતા. જ્યારે હવે આ સ્થિતિ તદન ઉલ્ટી થઈ ગઈ છે અને 2021માં 15 થી 24 વર્ષનાં 81 લોકોની સામે 55 થી 64 વર્ષનાં વૃદ્ધોની સંખ્યા વધીને 100 થઈ ગઈ છે.

# ઓન્ટેરિયોમાં કોવિડ મહામારીના ડર વિના ડગફોર્ડ સહિતના નેતાઓ દ્વારા ચૂંટણી પ્રચાર

**ઓન્ટેરિયો**



ઓન્ટેરિયો પ્રોગ્રેસિવ કન્ઝર્વેટીવ પાર્ટીનાં નેતાઓ કોવિડ-19એ દેશમાંથી વિદાય લઈ લીધી હોય એ રીતે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. પરંતુ નિષ્ણાંતો કહે છે કે, આ મહામારી પોતાનો રંગ ફરીથી દેખાડે એવું લાગે છે. ચૂંટણી દરમિયાન કોઈને કોઈ રીતે આ મહામારી આ હરીફ પાર્ટીને મતદાતાઓને ખોટાં વચનો આપવા બદલ પરચો દેખાડશે. જો કે, પક્ષ તરફથી હજુ સત્તાવાર પ્રચાર શરૂ કરવામાં આવ્યો નથી. પરંતુ પ્રિમિયર ડગ ફોર્ડ તેનાં પ્રધાનમંડળનાં સહયોગીઓ ગ્રેટર ઓન્ટેરિયોનાં વિસ્તારોમાં ઓન્ટેરિયોને મજબૂત બનાવવો એવા બહાના હેઠળ મતદાતાઓને શક્ય ન હોય તેવાં વચનો આપી રહ્યાની ચર્ચા ચાલી રહી છે. ઉત્તરનાં વિસ્તારોમાં અમુક અમુક જગ્યાએ પરિવહનની મોટી સમસ્યા છે. આ માટે વચન આપતાં તેઓ કહે છે કે, અમે નવા હાઈવે, સબ-વે બાંધીશું તથા નવા ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપીશું કે જેથી રાજ્યનાં લોકોનાં આરોગ્યને નુકસાન ન થાય. આ પાર્ટી હોસ્પિટલો તથા અન્ય ભારે ખર્ચાળ યોજનાઓનો અમલ કરવાના વચનો આપે છે.

ટોરીઝ મહારોગચાળાને કારણે સમસ્યામાં સપડાયેલા રાજ્યને નવી ઉર્જા સાથે ધબકતું કરવાનાં વચનો આપી પોતાની જાતને શક્તિશાળી બતાવવાનાં પ્રયાસો આ નેતાઓ કરી રહ્યાની ચર્ચા પણ લોકોમાં ચાલી રહી છે.

ઓન્ટેરિયોમાં 2જી જૂનના રોજ મતદાન થવાનું છે. સુસી હીથ કે જે કન્ઝર્વેટીવ પાર્ટીની રણનીતિ સાથે જોડાયેલા છે અને ભૂતપૂર્વ કર્મચારી છે, તેઓ કહે છે કે પરિવર્તન માટે પૂરતાં નાણાં મળી રહેશે અને તેથી તે નિરાશ થયેલા મતદાતાઓને ચિંતા ન કરવા અને લોકડાઉન તથા અન્ય નિયમનોથી ડર્યા વિના કામ કરવાની જરૂર છે.

# હાઉસિંગ માર્કેટમાં વિદેશીના રોકાણથી જ મકાનનાં ભાવ હજી વધવાના સંકેત

## આગામી બે વર્ષ સુધી વિદેશી ગ્રાહકો ઉપર પ્રતિબંધ મૂકવા માંગણી

**ટોરોન્ટો**



કેનેડિયનો રિયલ એસ્ટેટ બજારમાં ભારે મોટા પ્રમાણમાં રોકાણ કરે છે, આ બાબત પણ કેનેડાનાં રિઅલ એસ્ટેટ બજારમાં ભારે તેજી માટે જવાબદાર હોવાનુ એક મંતવ્ય પ્રચલિત થઈ રહ્યું છે.

યુનિવર્સિટી ઓફ સ્માર્ટ પ્રોસ્પેરિટી ઈન્સ્ટિટ્યૂટનાં માઈક મોફેટને આપેલી એક મુલાકાતમાં વેસ્ટ બ્લોકનાં ડેવિડ અકીને જણાવ્યું હતું કે, વિદેશી લોકો કેનેડાનાં હાઉસિંગ માર્કેટમાં ભારે રોકાણ કરી રહ્યા હોવાથી આ બજારમાં તેજી હજુ પણ વધશે અને તેને કારણે સમસ્યામાં પણ વધારો થશે. જ્યારે વિદેશી ગ્રાહકો સ્થાનિક લોકોની પરિસ્થિતિને અવગણી રહ્યા છે.

આ માન્યતા પાછળ કડવી વાસ્તવિકતા એ છે કે, ભલે વિદેશી ગ્રાહકોનું હાઉસિંગ માર્કેટ તેજી માટે જવાબદાર ગણવામાં આવતું હોય, એ થોડું સત્ય પણ હોઈ શકે, પરંતુ આ વિષયમાં બીજાં કેટલાંક પરિબળો પણ છે કે જે બજારને સતત તેજીમાં રાખે છે. લિબરલની કેન્દ્ર સરકારે સસ્તા મકાન બાંધવા માટે વર્ષ 2021માં એક યોજના તૈયાર કરી હતી અને તેમણે મહિનાઓથી તેમનો પ્રચાર કર્યો છે પરંતુ એ પ્રચારનું સૂરસૂરિયું થઈ ગયું છે.

સરકાર એમ કહે છે કે તેઓ આ સમસ્યાના ઉકેલ માટે આર્થિક મદદ કરશે. પરંતુ તે હજી વાસ્તવિકતા બની શકી નથી. કેટલાંક પગલાંમાં એવું સૂચવવામાં આવે છે કે, બે વર્ષ સુધી વિદેશી ગ્રાહકો ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ તથા 12 મહિનામાં એક જ વાર મકાન ખરીદી કરી શકાય તેવો નિયમ બનાવવાનો આગ્રહ સેવાઈ રહ્યો છે. પરંતુ જેમણે મિલકત ખરીદી લીધી છે, તેઓને આ નિયમથી કંઈ નુકસાન થાય એમ નથી. માત્ર મૂડીરોકાણ ખાતર જ મકાનની ખરીદી કરી રહેલા લોકો પર નિયંત્રણ લાદવાથી તેની આડઅસર થવાની પણ શક્યતા છે.

# સ્કારબોરોમાં ત્રણને ગંભીર ઈજા પહોંચાડનાર સગીરની ધરપકડ

**સ્કારબોરો**

મંગળવારે રાત્રે સ્કારબોરો ટાઉન સેન્ટર મોલમાં ત્રણ વ્યક્તિને ધારદાર હથિયારથી ગંભીર ઈજા પહોંચાડનાર 14 વર્ષીય એક સગીરની ધરપકડ કરવામાં આવી હોવાનું ટોરોન્ટો પોલીસ તરફથી જણાવવામાં આવ્યું હતું. આ ઘટના મેકોન અને એલિસમેર રોડ સ્કારબોરો ખાતે ઘટી હતી. પોલીસને સાંજે સાડા છ વાગ્યે આ બાબતની માહિતી આપવામાં આવી હતી.

## કથિત હુમલાની ઘટનામાં અન્ય આરોપી સંડોવાયા હોવાનું પોલીસનું અનુમાન

જ્યારે પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે ટોરોન્ટો પોલીસ પ્રવક્તાના પોલીસ કોન્સ્ટેબલ એલેક્સ લીએ જણાવ્યું હતું કે, તેઓ જ્યારે મોલમાં પહોંચ્યા ત્યારે છરીથી ગંભીર ઈજા પામેલા પીડિતો ત્યાં ભોંય પર પડ્યા હતા. ટોરોન્ટો પેરામેડીક સંસ્થા તરફથી આ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા ત્યારે તેમની સ્થિતિ ગંભીર હતી. પોલીસે આ પીડિતોનાં નામ આપ્યાં નહોતાં. તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પ્રકારના બનાવની અમે કલ્પના કરી શકતાં નથી. એલેક્સ લી મોલનીએ બહાર પત્રકારો સાથે વાત કરી હતી. મોલની સિક્યુરિટીની મદદથી પોલીસ આ સગીરને ઝડપી લેવામાં સફળ થઈ છે. મને વિશ્વાસ છે કે આ ઘટનામાં બીજા કેટલાક લોકો પણ સંડોવાયેલા હશે. જ્યાં પૂરેપૂરી જગ્યા હોય અને લોકોની અવરજવર હોય તેવા વિસ્તારમાં એક એક સગીર છરી દ્વારા ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચાડી શકે એ માની ન શકાય એવું કામ છે.

અમારી તપાસ ટુકડી પણ આ મુદ્દાને ધ્યાનમાં રાખીને આગળ વધી રહી છે. પોલીસે લોકોને અપીલ કરી હતી કે, જેમણે પણ આ ઘટના જોઈ હોય તે પોલીસને મદદ કરે કે જેથી ખરા ગુનેગારોને ઝડપી શકાય. માહિતી આપનાર વ્યક્તનાં નામ ગુપ્ત રાખવામાં આવશે. આમ પોલીસે લોકોનો સહકાર માંગ્યો હતો.

## તંત્રી સ્થાનેથી

# twitter મસ્કના હાથમાં, જાહેર અભિવ્યક્તિના નવા યુગની આશા



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ટ્વિટરે અંતે ટેસ્લાના ઈલોન મસ્ક સાથે સોદો કરી નાંખ્યો. છેલ્લાં કેટલાક સમયેથી વિશ્વમાં સૌથી ધનિક વ્યક્તિ મસ્ક ટ્વિટર ખરીદવાની મથામણ કરી રહ્યા હતા. પણ ટ્વિટરનું બોર્ડ તેમને મચક આપતું નહોતું. ૧૪ એપ્રિલે મસ્કે શેરદીઠ ૫૪.૨૦ ડોલરના ભાવે ૪૪ અબજ ડોલરમાં ટ્વિટર ખરીદવાની ઓફર આપી તે પછી ટ્વિટરને મસ્કના હાથમાં જતું રોકવા ટ્વિટરનું બોર્ડ એકદમ આક્રમક બની ગયુ. આ બોર્ડે ટ્વિટરનું સંચાલન મસ્કના હાથમાં નહીં જાય તે માટે અનેક પ્રયાસો પણ કરી જોયા. શેરહોલ્ડરો 'પોઈઝન પિલ' વિકલ્પ અપનાવીને મસ્કની મથામણને નિષ્ફળ બનાવે એ દાવ પણ બોર્ડે ખેલ્યો હતો.

દરમિયાન સોમવારે મળેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મસ્કની જે ઓફરને પહેલાં ફગાવી દીધી હતી એ જ ઓફરને સ્વીકારી લીધી. બોર્ડની બેઠક બાદ કંપની મસ્કને વેચવાના નિર્ણયની સત્તાવાર જાહેરાત પણ કરી દેવાઈ. જે બાદ તરત જ મસ્કને કંપની સોંપવાની પ્રક્રિયા શરૂ થઈ. હવે પ્રક્રિયા પૂરી થતાં આઠેક મહિના લાગશે. એ પછી ટ્વિટર મસ્કની માલિકીની કંપની બની જશે. કોર્પોરેટ ભાષામાં કહીએ તો પ્રાઈવેટલી હેલ્ડ કંપની બની જશે.

મસ્કના નામથી જ ભડકતા ટ્વિટરના ડિરેક્ટર્સ અચાનક જ કેમ મસ્કને શરણે થઈ ગયા એ સવાલ હવે દુનિયામાં ચર્ચાઈ રહ્યો છે. આ સાથે જ મસ્કને ટ્વિટર ખરીદવામાં રસ કેમ પડ્યો તે વિશે પણ દુનિયામિાં અટકળો ચાલી રહી છે. મસ્કની ગણના આક્રમક બિઝનેસમેન તરીકે થાય છે પણ ટ્વિટર ખરીદવા માટે મસ્કની તાલાવેલીએ અનેક સંશયો ઉભા કર્યા છે. આમ તો ૨૦૧૭માં પહેલીવાર મસ્કે ટ્વિટર ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પણ તેની વાતને કોઈએ ગંભીરતાથી લીધી નહોતી. મસ્ક એ વખતે ટ્વિટર ખરીદવા આટલા બધા ઉત્સાહિત પણ ન હતા. કિન્તુ ૨૦૨૨માં અચાનક જ તેમણે ટ્વિટરના શેર ખરીદવાની જીદ પકડી. જે બાદ તેમણે ધીરે ધીરે ૯ ટકા શેર પોતાના નામે કરી દીધા.

મસ્ક પાસે ૯ ટકા શેર છે એ જાહેર થયું પછી મસ્કને ટ્વિટરના ડિરેક્ટર બનાવવાની તૈયારી પણ બોર્ડે બતાવી હતી. નિયમ પ્રમાણે ટ્વિટરના બોર્ડમાં હોય એ ૧૫ ટકાથી વધારે શેર ના રાખી શકે. મસ્કની ઈચ્છા ટ્વિટરના બોર્ડ સાથે જોડાવાની હોત તો તેણે આ ઓફર સ્વીકારી લીધી હોત. તેના બદલે મસ્કે કંપની ખરીદવાનું જ લક્ષ્ય રાખ્યું. હવે એક ખોટ કરતી કંપનીને ખરીદવા મસ્ક કેમ જીદે ચઢ્યા તે સવાલ મહત્વનો છે. ૨૦૨૧માં ૨૨ કરોડ ડોલરની ખોટ કરી હોવા છતાં મસ્ક જેવા બિઝનેસમેને કેમ અધધ રકમ આપીને આ કંપની ખરીદી ? મસ્કે ટ્વિટર સાથે સોદો નક્કી થયો પછી કરેલી ટ્વિટમાં 'ફ્રી સ્પીચ'ની દુહાઈ આપી છે. મસ્કે એવો દાવો પણ કર્યો કે, પોતે ટ્વિટરની વિશ્વસનીયતા વધારશે. ઈલોન મસ્કે ૪૪ અબજ ડોલરમાં ટ્વિટર ખરીદી એ વાતનો આખી દુનિયામાં પ્રચાર થયો પણ ટ્વિટર વેચી કોણે તેની મોટાભાગનાં લોકોને ખબર નથી. ટ્વિટરના દરેક શેરદીઠ શેરહોલ્ડરોને ૫૪.૨૦ ડોલર મળશે એવી જાહેરાત કરાઈ પણ શેરહોલ્ડરો વતી કોણે નિર્ણય લીધો એ વિશે લોકો અજાણ છે. ટ્વિટર વેચવાનો નિર્ણય બોર્ડ ઓફ ડિરેક્ટર્સે બહુમતી શેરહોલ્ડરો વતી લીધો છે. ટ્વિટર પબ્લિક લિમિટેડ કંપની હતી. ૨૦૧૩માં તેનો આઈપીઓ આવ્યો હતો. છેલ્લાં ૯ વર્ષમાં ટ્વિટરની શેરહોલ્ડિંગ પેટર્નમાં બહુ ફેરફાર થયા છે. છેલ્લી સ્થિતિ પ્રમાણે એલન મસ્ક ૯ ટકા શેર સાથે મોટા શેરહોલ્ડર હતા. બાકી રહેલા શેરમાંથી મોટાભાગના નાના રોકાણકારો પાસે છે જ્યારે ચાલીસેક ટકા ઈન્સ્ટિટયુશનલ રોકાણકારો પાસે છે. આ પૈકી સૌથી વધારે ૧૦.૩ ટકા શેર વેનગાર્ડ ગ્રુપ પાસે છે. વેનગાર્ડ વિશ્વમાં સૌથી મોટી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર કંપનીમાંથી એક છે. ઈન્વેસ્ટમેન્ટ બેંકર અને એસેટ મેનેજર મોર્ગન સ્ટેનલી પાસે ૮.૪ ટકા, ઈન્વેસ્ટમેન્ટ મેનેજર બ્લેકરોક ઈન્કોર્પોરેશન પાસે ૬.૫૦ ટકા અને સ્ટેટ સ્ટ્રીટ કોર્પોરેશન પાસે પણ ૪.૫ ટકા શેર છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સ્વતંત્ર ડિરેક્ટર્સ છે કે જેમણે મોટા શેરહોલ્ડર્સ સાથે ચર્ચા કર્યા પછી મસ્કને કંપની વેચવાનો નિર્ણય લીધો.

ટ્વિટર પર બોટ્સ એટલે કે રોબોટિક પ્લેયર દ્વારા અનેક ખોટાં એકાઉન્ટ ચલાવાય છે કે જેના વડે પ્રોપેગેન્ડા ચલાવાય છે, ખોટી માહિતી ફેલાવાય છે. આ બધું હટાવીને ટ્વિટરને એકદમ ઓથેન્ટિક બનાવવાની નેમ પણ મસ્ક રાખી રહ્યા છે. જો કે એનાલિસ્ટ્સના મતે, મસ્ક અત્યારે ભલે ડાહી ડાહી વાતો કરતો પણ મસ્કને મૂળ રસ ટ્વિટરના પાવરમાં છે. ટ્વિટર વિશ્વમાં સૌથી વધારે યુઝર્સ ધરાવતું સોશિયલ મીડિયા નથી પણ સૌથી તાકતવર ચોકક્સ છે.

ટ્વિટરના ૨૨ કરોડ સક્રિય યુઝર્સ સામે બીજાં સોશિયલ મીડિયા પાસે અનેક ગણા વધારે એક્ટિવ યુઝર્સ છે. પરંતુ ટ્વિટરની તાકાત તેના સક્રિય યુઝર્સનો એક વર્ગ છે. દુનિયામાં સૌથી પાવરફુલ મનાતા લોકો ટ્વિટર પર છે. મસ્ક બિઝનેસમેન છે અને તેની મહત્વાકાંક્ષાઓ બહુ મોટી છે. મસ્ક ટ્વિટરનો ઉપયોગ પોતાની મહત્વાકાંક્ષાઓને પાર પાડવા કરે તો નવાઈ નહીં. મસ્ક ટ્વિટર પર વરસોથી સક્રિય છે અને વિવાદાસ્પદ કોમેન્ટ્સ કર્યા કરે છે. તેના કારણે સતત વિવાદો ઉભા થાય છે. મસ્ક તર્કસંગત ના હોય એવી અને અવૈજ્ઞાનિક ટ્વિટ્સ માટે કુખ્યાત છે. કોવિડની મહામારી વેળા મસ્કની ટ્વિટ્સના કારણે તેની સામે ખોટી માહિતી ફેલાવવાનો આક્ષેપ થયો હતો. ક્રીપ્ટોકરન્સી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિતના મુદ્દે પણ તથ્ય વિનાની વાતો કરીને મસ્ક વિવાદોમાં ફસાયા હતા. આખરે તેની ટ્વિટ્સ હટાવાઈ છે.

મસ્કે આ વાતને દિલ પર લઈ લીધી છે તેથી ફ્રી સ્પીચની દુહાઈ આપ્યા કરે છે એવું પણ મનાય છે. મસ્ક ફ્રી સ્પીચની વાત કરે છે પણ અત્યારે પણ ટ્વિટર પર મુક્ત રીતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ છે જ. ટ્વિટર પોતાના યુઝર્સને જે લખવું હોય એ લખવાની છૂટ આપે છે અને કોઈને રોકતું નથી. ગમે તેવો ચમરબંધી હોય પણ ટ્વિટરની ગાઈડલાઈનને ના અનુસરે તો તેને બ્લોક કરી દેતાં પણ ટ્વિટર વિચારતું નથી. આ જ તેની તાકાત પણ છે. ટ્વિટરે જેમને પ્રતિબંધિત કર્યા એવાં મોટાં માથાંના ઈશારે મસ્કે ટ્વિટર ખરીદી હોવાની વાત પણ ચર્ચામાં છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના ઘણા દિગ્ગજો આ યાદીમાં આવે છે. ટ્વિટર તેમના પરનો પ્રતિબંધ હટાવવા તૈયાર નહોતું તેથી તેમણે મસ્કને ખરીદીને ટ્વિટર જ ખરીદી લીધી. ખેર વાત ભલે ગમે તે હોય ટ્વિટર મસ્કના હાથમાં જશે પછી નવો યુગ શરૂ થશે. આ યુગ ફ્રી સ્પીચનો હશે કે પછી મસ્કની મરજી પ્રમાણે ટ્વિટરના સંચાલનનો હશે એ હવે મહત્વનું છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# ચકચારી ડુમસ ગેંગરેપ કેસમાં વધુ બે આરોપીને આજીવન કેદ,50 હજાર દંડ

**સુરત**

11 વર્ષ પહેલાં ડુમસ ચોપાટીની ઝાડીમાં બેઠેલા યુવતિ તથા તેના મંગેતરને મારી નાખવાની ધમકી આપી ગેંગરેપ ગુજારી લુંટી લેવાના કેસમાં ફરાર થયેલા વધુ બે આરોપીને ઉમરા પોલીસે પાછળથી ઝડપી લીધા બાદ આ આરોપીઓને એડીશ્નલ સેશન્સ જજ અમૃત્ત એચ. ધમાણીએ તમામ ગુનામાં દોષી ઠેરવી બળાત્કારના ગુનામાં કુદરતી જીવન જીવે ત્યાં સુધી આજીવન કેદ, રૂ.50 હજાર દંડ તથા દંડ ન ભરે તો વધુ ત્રણ વર્ષની સખ્તકેદની સજા ફટકારી છે. ડુમસ ચોપાટી વન વિભાગની ઝાડીમાં સિમેન્ટના બાંકડા પર ગઈ તા.28-10-2011ના રોજ ભોગ બનનાર તથા તેનો મંગેતર બેઠા હતા. ત્યારે આરોપી કનૈયા વાલ્મિકી સિંગ ભુમિહાર(રે. ઉમિયામંદિર પાસે એ.કે.રોડ .વરાછા) રાજકુમાર ઉર્ફે મુથુલ ઉર્ફે કુદો શ્યામલી સિંહ ભુમિહાર (રે.સૈનિક કોલોની પાસે, એસ.જી.એમ.નગર ફરીદાબાદ ઓલ્ડ (હરીયાણા), જીતેન્દ્રકુમાર ઉર્ફે રાજુ મધુસુદનસિંગ ભુમિહાર, કમલનયન સિંગ ક્રિષ્ણાનંદસિંગ ભુમિહારે એકબીજાની મદદગારીમાં યુવતીને ઢીક્ક મુક્કીનો માર માર્યો હતો અને તેના મંગેતરને જમીન પર પટકીને હાથ-પગ બાંધી બુમો પાડશે તો માર ડાલેંગે કહી ધમકી આપી હતી. અને ચારેય જણાયે યુવતી પર વારાફરતી બળાત્કાર ગુજાર્યો હતો. અને સોનાની ચેઈન, મોબાઈલ, કાંડા ઘડિયાળ અને રોકડા મળી રૂા.14,800ની મત્તા લૂંટી ફરાર થઈ ગયા હતા. યુવતીની ફરિયાદના આધારે ઉમરા પોલીસે ગેંગરેપ, લૂંટનો ગુનો નોંધી બે આરોપી જીતેન્દ્રકુમાર ઉર્ફે રાજુ તથા કમલનયનસિંગ ભુમિહારને ઝડપી લીધા હતા. બંને આરોપીને જુલાઈ-2013માં તત્કાલીન પ્રિન્સીપલ સેશન્સ જજે દોષી ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. જ્યારે આ કેસના ફરાર આરોપી કનૈયા ભુમિહાર તથા રાજકુમાર ઉર્ફે મુથુલ ભુમિહાર વર્ષ 2018 માં ઝડપાતા તેમની વિરુધ્ધ અલગથી ચાર્જશીટ કરી કેસ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# સુરત ટીજીબી હોટલના એકાઉન્ટન્ટની હત્યા કરી લાશ કચરા પેટીમાં ફેંકી દીધી

## એકાઉન્ટન્ટ પાસે રોકડ હોવાથી લૂંટના ઇરાદે હત્યા કરાયાની આશંકા

**સુરત**

સુરતના ડુમસ રોડની ટીજીબી હોટલના એકાઉન્ટન્ટની ઘાતકી હત્યા થયેલી લાશ હોટલના બેઝમેન્ટના પાર્કીંગમાં કચરા પેટીમાં ફેંકી દેવાયેલી હાલતમાં મળી આવતા ડુમસ પોલીસ દોડતી થઈ ગઈ હતી. સુરતના ડુમસ રોડ સ્થિત સિટી પ્લસ થિયેટરની બાજુમાં આવેલી ટીજીબી હોટલના એકાઉન્ટન્ટ ભેદી સંજોગોમાં ગુમ થઈ ગયા હતા. હોટલના સ્ટાફ દ્વારા તેમની શોધખોળ અંતર્ગત તેમની હત્યા થયેલી લાશ હોટલના બેઝમેન્ટના પાર્કીંગમાં કચરા પેટીમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતા તુરંત જ ડુમસ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘસી ગયા હતા. બીજી તરફ પોલીસે હત્યારાઓનું પગેરૂ મેળવવા માટે હોટલના સીસીટીવી ફૂટેજ ચેક કરવાની કવાયત હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે એકાઉન્ટન્ટ પાસે લાખ્ખો રૂપિયા હતા અને તે ગાયબ હોવાથી હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી કે અંગત અદાવતમાં તે હજી જાણી શકાયું નથી.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets
10% Off
on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$14.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# સોખડા સ્વામિનારાયણ મંદિરનો વિવાદ: મધ્યસ્થી માટે નિવૃત જજની નિમણૂક કરાશે

**વડોદરા**

વડોદરાના સોખડા સ્વામિનારાયણ મંદિર વિવાદના મામલે પ્રેમસ્વરૂપ સ્વામી અને પ્રબોધ સ્વામી સમાધાન કરશે કે કેમ? તેની ચર્ચા થઈ રહી છે. જો કે આ વિવાદનો જલ્દી અંત આવશે તેમ લાગી રહ્યું છે. જેમાં બન્ને પક્ષો વચ્ચે સમાધાન માટે નિવૃત જજની વરણી કરવામાં આવશે. હકીકતમાં કોર્ટમાં ચાલી રહેલા કેસમાં સમાધાનની ફોર્મુલા નક્કી કરવા માટે બેઠકોને ધમધમાટ શરૂ થઈ ગયો છે. આ માટે સોખડા અને બાકરોલમાં બેઠકો ચાલી રહી છે. પ્રબોધ સ્વામીના જૂથ દ્વારા મોડી રાત સુધી બેઠક ચાલી હતી. હરિપ્રસાદ સ્વામીજી બ્રહ્મલીન થયા એ પૂર્વે દર વર્ષે વૈશાખ સુદ દસમે કે અનુકૂળ તારીખે સ્વામીજીનો જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાતો હતો. જો કે સ્વામીજી બ્રહ્મલીન થયા બાદ સંતોના બે જૂથ વચ્ચે સર્જાયેલા વૈમનસ્યને પગલે આ વર્ષે સ્વામીજીનો જન્મોત્સવ તા.11મી મે તેમજ તા.23મી મે ના રોજ પણ ઉજવવામાં આવશે. પ્રેમસ્વરૂપ સ્વામીના જૂથ દ્વારા તા.11મી મે ના રોજ સ્વામીજીનો જન્મોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવાની તડામાર તૈયારીઓના શ્રીગણેશ કરી દેવાયા છે.

## પ્રબોધ સ્વામી જૂથના સંતનું રહસ્યમય મોત

સોખડા મંદિરમાં ગાદીના ગજગ્રાહ વચ્ચે પ્રબોધ સ્વામી જૂથના સંતનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજતા ચકચાર મચી ગઈ હતી. હરિભક્ત સંજય ભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, હરિધામ સોખડામાં ગુણાતીત સ્વામીના નિધન ઉપર અમને શંકા છે. તેઓ હેલ્થી અને સેવામાં સક્રિય હતા. બે દિવસ અગાઉ તેમણે પ્રબોધ સ્વામી પાસે બાકરોલ જવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

# ખેડાના ગોબલજમાં દલિતોને મંદિરમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ

### પોલીસે 4 આરોપીઓની ધરપકડ કરી જેલના હવાલે કર્યા

**ખેડા**

ખેડા જિલ્લાના ગોબલજ ગામમાં આવેલા બળિયાદેવ દાદાના મંદિરમાં 24.4.22ના દિવસે ગામના શેનવા વાસમાં રહેતા નાગરિકો ધાર્મિક વિધિ અર્થે ગયા હતા. જ્યાં બાધા રાખેલ હોય ટાઢું ખાવાની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. ગામના અન્ય જ્ઞાતિના નાગરિકોને પસંદ આવી ન હતી અને રાત્રીના સમયે આરોપીઓ ભીખાભાઈ સનાભાઈ સોઢા પરમાર, અશોકભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, ભરતભાઈ મફતભાઈ ભોઈ, રણજીતભાઈ ચંદુભાઈ ચૌહાણ સહિત લોકો એકત્ર થઈ અનુસૂચિત જાતિના નાગરિકોને બોલાવવામાં આવ્યા હતા. તેઓને કહેવામાં આવ્યું હતું હવે તમારે ફરી આ રીતે મંદિરમાં પ્રવેશ કરવો નહી અને કરશો તો માર મારવામાં આવશે.

આથી ભોગ બનનાર લોકો દ્વારા સમગ્ર મામલાની ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપવામાં આવી હતી. ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપવામાં આવતા પોલીસે એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધી ચારેય આરોપીઓની ધરપકડ કરી જેલના હવાલે કરી દીધા છે.

# નડિયાદ પાસેની બંધ પડેલી પોલીમર કંપનીમાં ભીષણ આગથી ભારે અફડાતફડી

**વડોદરા**

નડિયાદ નજીક આવેલ એક બંધ પોલીમર કંપનીમાં મંગળવારે ભીષણ આગ લાગતા અફડાતફડી મચી હતી. આગ એટલી વિકરાળ હતી કે ત્રણ કિલોમીટર દૂરથી આ આગના ગોટેગોટા આકાશમાં જોવા મળતા હતા. નડિયાદ અને આણંદના ફાયર ફાયટરોએ ભારે જહેમત બાદ મોડી સાંજ સુધી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. ખેડા હાઈવે પર દેગામ ગામ પાસે આવેલ યુનીસેફ પોલીમર કંપનીમાં મંગળવારે બપોરે અચાનક વિકરાળ આગ ફાટી નીકળી હતી. આ ઘટના અંગે નડિયાદ ફાયર બ્રીગેડને જાણ કરતા બે ફાયર ફાયરટ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. આગ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.

# પાદરામાં મહીસાગરમાં ઢોરોને પાણી પીવડાવવા જતાં ભાઇ-બહેન ડૂબ્યા

**વડોદરા**

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં આજે મહીસાગરમાં બે કિશોર વયના ભાઈબહેન ડૂબી ગયા હોવાનો બનાવ બનતાં વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

ડબકા પાસે આજે બપોરે ઢોર ચરાવવા ગયેલા કિશોર વયના બે ભાઈ બહેન મહીસાગરમાં ઢોરોને પાણી પીવડાવવા માટે ગયા તે દરમિયાન પાણીના વહેણમાં તેઓ તણાયા હોવાની વિગતો જાણવા મળી છે. ઉપરોક્ત બનાવને પગલે સ્થાનિક તરવૈયાઓ શોધખોળના કામે લાગતાં સાત વર્ષીય ભાઈનો મૃતદેહ મળ્યો હોવાની વિગતો જાણવા મળી છે. જ્યારે,પાયલ નામની ૧૦ વર્ષની બહેનનો કોઈ પત્તો નહીં લાગતાં વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. મકરપુરા ફાયર બ્રિગેડના સ્ટેશન ઓફિસર નિકુંજ આઝાદે કહ્યું હતું કે,સામાન્ય રીતે ફાયર બ્રિગેડ દ્વારા ડૂબેલાઓના કિસ્સામાં અંધારામાં કામગીરી કરવામાં આવતી નથી.પરંતુ ઉપરોક્ત બનાવની ગંભીરતા જોતાં ફાયર બ્રિગેડની ટીમે મોડીરાતે નદીમાં બોટ ઉતારી શોધખોળ શરૂ કરી હતી. પાદરા તાલુકામાં વારંવાર ડૂબવાના બનાવો બનતા હોવા છતાં નગર પાલિકા દ્વારા રેસ્ક્યૂ ટીમ રાખવામાં આવી નથી.

# ડાકોરમાં ધાર્મિક કાર્યક્રમના પોસ્ટર ઉતારીને કોંગ્રેસના પોસ્ટરો લગાવી દેતા વિવાદ

**ડાકોર**

ડાકોરમાં કોંગ્રેસના કાર્યક્રમમાં ગુજરાતના કોંગી ધારાસભ્યો, પ્રદેશના અગ્રણી નેતાઓ અને રાષ્ટ્રિય નેતાઓ હાજર રહ્યા હતા. જોકે, આ પ્રસંગે સ્થાનિક કોંગ્રેસના કાર્યકરો વિવેક ચૂક્યાની ફરિયાદ ઉઠી છે. ડાકોરમાં ચાલી રહેલી એક ભાગવત સપ્તાહના પોસ્ટરો સ્થાનિક કાર્યકરોએ ઉખાડીને ત્યાં અમિત ચાવડાના જન્મદિવસના અને કોંગ્રેસની ઉજવણીના પોસ્ટરો લગાવી દેવામાં આવ્યા હતા. આથી વિવાદ છંછેડાયો છે અને તેઅંગેની વિવિધ કક્ષાએ રજૂઆતો પણ કરાઈ છે. અમીત ચાવડાએ બેઠકમાં જણાવ્યું હતુ કે અમે અહીં રાજા રણછોડરાય અને ભાથીજી મહારાજને પ્રાર્થના કરવા આવ્યા છીએ.



# બળાત્કાર આચરવાના બે અલગ અલગ ગુનામાં આણંદના શખ્સને આજીવન કેદ

## એક બાળકીને આઇસ્ક્રીમની લાલચ આપી અને અન્યનું અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યું

**આણંદ**

આણંદ શહેરના જુના બસ સ્ટેન્ડ સામેની ગલીમાં આવેલ ધગડ ફળીયામાં રહેતો શાહીદ યુસુફભાઈ છીપા ગત તા. ૨૨-૫-૨૦૧૮ના રોજ રાત્રિના સુમારે આણંદની રેલવે ગોદી સામે આવેલ એક કોમ્પ્લેક્ષની દુકાનના ઓટલા ઉપર સુઈ રહેલ એક સગીરાને આઈસ્ક્રીમ અપાવવાની લાલચ આપી બાઈક ઉપર અપહરણ કરી લઈ ગયો હતો. ત્યારબાદ ગામડી ગામની સીમમાં એક ખેતરમાં લઈ જઈ સગીરા સાથે જાતીય અત્યાચાર ગુજાર્યો હતો. તેવી જ રીતે આણંદ શહેરના ૧૦૦ ફૂટ રોડ ઉપરથી પણ આ શખ્સે એક બાળકીનું અપહરણ કર્યું હતું અને બાળકીને અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વેના ગરનાળાથી સામરખા તરફના રોડ પરના પડતર ખેતરમાં લઈ જઈ બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ હતું. જે અંગે આણંદ શહેર પોલીસ દફતરે ફરીયાદ નોધાતા પોલીસે શાહીદ યુસુફભાઈ છીપા વિરુધ્ધ ગુનો નોંધી તા. ૨૯-૫-૨૦૧૮ના રોજ તેની ધરપકડ કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી. આ કેસ આણંદના સ્પેશ્યલ જજ અને એડીશનલ સેશન્સ જજની અદાલતમાં ચાલી જતા ફરીયાદી પક્ષે ઉપસ્થિત સરકારી વકીલની દલીલો તેમજ ૩૨ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કર્યા બાદ ન્યાયાધિશે શાહીદ યુસુફભાઈ છીપાને તકસીરવાન ઠેરવી આ બન્ને ગુનામાં આજીવન કેદની સજાનો હુકમ સંભળાવ્યો છે. સાથે સાથે ભોગ બનનારને રૂા. ૫ લાખ વળતર પેટે ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

# નડિયાદના માજી કોર્પોરેટરની ફેક્ટરી પર વિજિલન્સની રેડ

## વીજ ચોરી ઝડપાતા 70 લાખ જેટલો દંડ ફટકાર્યો હોવાની ચર્ચા

**નડિયાદ**

નડિયાદ બિલોદરા જિલ્લા જેલ પાસે આવેલી પૂર્વ કાઉન્સિલ અને ભૂમાફિયા ભાનુ ભરવાડની ફેક્ટરી પર બરોડા જી.યુ.વી.એન.એલ. અને વિજીલન્સ સ્કવોર્ડ દરોડો પાડી વીજ ચોરી કરતા રંગે હાથે ઝડપી પાડયા હતા. નડિયાદ બિલોદરા જેલ પાસે આવેલી બજેપીના પૂર્વ કાઉન્સિલર ભાનુભાઈ જોધાભાઈ ભરવાડની આઈસ ફેક્ટરી પર જી.યુ.વી.એન.એલ. અને વિજીલન્સ સ્કવોર્ડ દરોડો પાડયો. આઈસ ફેટરીએ એમ.જી.વી.સી. એલ વીજ કનેક્શન મેળવ્યું હતું ભાનુ ભરવાડ પોતાની ફેક્ટરીમાં વધારાના કેબલ ફીડરનો ઉપયોગ કરીને મીટર બાય પાસ કરી ડાયરેક્ટ કરતો હોવાની માહિતી બરોડા જી.યુ.વી.એન.એલ તથા વિજીલન્સ સ્કવોર્ડ અધિકારીઓને મળી હતી. આ માહિતીના સંદર્ભે ગોધરાના અધિકારીઓની ટીમે જી.યુ.વી.એન. એલ.ના પોલીસ અધિકારીઓ સાથે ઉપરોક્ત સ્થળે દરોડો પાડયો હતો. આ અધિકારીઓએ વીજ મીટર ચેક કરતા ડાયરેક્ટ કર્યું હોવાનું માલુમ પડયું હતું, જેથી તેઓએ ૧ વર્ષની રકમ ગણતરીમાં લઈ અંદાજે રૂ.૭૦ લાખ દંડ પેટે ભરવાનો હોવાનું માલૂમ પડયું હતું.

# વડોદરાના ચિત્રકારનું પેઈન્ટિંગ વૈશ્વિક હરાજીમાં 18.81 કરોડમાં વેચાયું

**વલસાડ**

વડોદરાના એક ચિત્રકાર સ્વર્ગીય ભૂપેન ખખ્ખરનું ચિત્ર વૈશ્વિક સ્તરે યોજાયેલી હરાજીમાં 18.81 કરોડ રૂપિયામાં વેચાયું છે. 'ધ બનયન ટ્રી' નામનું ઓઈલ કેનવાસ પેઈન્ટિંગ ભૂપેન ખખ્ખરે 1994માં બનાવ્યું હતું. ક્રિસ્ટિના ઓક્શન હાઉસમાં 23 માર્ચ 2022ના રોજ તેની હરાજી કરવામાં આવી છે. ચિત્રમાં જોઈ શકો છો કે, કેટલાક લોકો વડના વૃક્ષો નીચે બેસીને એકબીજા સાથે વાતો કરી રહ્યા છે. તેની પાછળ પર્વતો જોવા મળે છે. ભૂપેન ખખ્ખરના ચિત્રો હંમેશાથી દેશ-વિદેશમાં વખણાયા છે પરંતુ છેલ્લા થોડા વર્ષોથી ચિત્રો વિક્રમજનક કિંમતે વેચાઈ રહ્યા છે. ખખ્ખરના આ ચિત્ર માટે 18.81 કરોડ રૂપિયા અત્યાર સુધીમાં મળેલી સૌથી મોટી રકમ છે.

# વડોદરા ડ્રગ્સ પ્રકરણ: મકરાણી તેના પુત્ર વસીમ પાસે ડ્રગ્સ મંગાવતો હતો

## મકરાણી 10 મહિના પહેલાં પણ વડોદરાના વેમાલીમાં પકડાયો હતો

**વડોદરા**

ન્યુ સમારોડ વિસ્તારની સોસાયટીમાંથી પકડાયેલા પાર્ટી ડ્રગ્સના સપ્લાયરને હાલોલથી ઝડપી પાડયા બાદ ડ્રગ્સનું પગેરૂં મુંબઇ સુધી પહોંચ્યું છે. એસઓજીની એક ટીમ મકરાણીની કોલ્સ ડીટેલ તપાસી રહી છે. ન્યુ સમાની અરવિંદબાગ સોસાયટીમાં રહેતા હિમાંશુ પ્રજાપતિ પાસે પોલીસે રૂ.૭.૨૨ લાખની કિંમતનું પાર્ટી ડ્રગ્સ કબજે કરી તેની પાસે ડ્રગ્સ લેવા આવેલા ડિપ્લોમા એન્જિનિયર વિજય પ્રજાપતિને પણ ઝડપી પાડયો હતો. રિમાન્ડ દરમિયાન ડ્રગ્સ કેરિયર હિમાંશુએ હાલોલ-પાવાગઢ રોડ પર કબીર પાર્ક પાછળ રહેતા મોહંમદ યુસુફ મકરાણી પાસે ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હોવાની વિગતો ખૂલતાં એસઓજીના પીઆઇ આર એ પટેલે એક ટીમ મોકલી ગઇ સાંજે મકરાણીને ઝડપી પાડયો હતો. પ્રાથમિક તપાસમાં મકરાણી મુળ મુંબઇનો રહેવાસી હોવાનું અને તેના ત્રણ પુત્રો મુંબઇ રહેતા હોવાની વિગતો ખૂલી છે. મકરાણી છેલ્લા પંદરેક વર્ષથી હાલોલ ખાતે રહેવા આવી ગયો હતો. ડ્રગ્સનો જથ્થો તે પુત્ર વસિમ પાસે મંગાવતો હતો અને ક્યારેક તે પોતે મુંબઇ લેવા જતો હતો. જેથી પોલીસ વસિમની સંડોવણી કેટલી છે તે મુદ્દે તેની પણ પૂછપરછ કરશે.

# મહી કેનાલમાં પરિણીતાએ દોઢ વર્ષના પુત્ર સાથે મોતની છલાંગ લગાવી

**નડિયાદ**

ગળતેશ્વરના સોનૈયા ગામ પાસે મહી કેનાલના કિનારે મંગળવારે સવારે આઠ વાગ્યાની આસપાસ કેટલીક મહિલાઓ કપડા ધોઈ રહી હતી. તે સમયે મહી કોતરીયાથી તરતી તરતી બે લાશો ડાભસર ગામના આડબંધ તરફ જઈ રહી હતી. જે બાદ ભારે જહેમત બાદ તરવૈયાઓએ બંને લાશો બહાર કાઢી હતી. મૃતક મહિલાની ઓળખ પંચમહાલ જિલ્લાના પોરડા ગામના આરતીબેન તરીકે થઈ હતી. પરિણીતાના લગ્ન ચણી ઈંટાડી ગામના કાળાભાઈ ડાભઈભાઈ પરમારના ૨૪ વર્ષિય પુત્ર રાહુલકુમાર સાથે ૪ વર્ષ અગાઉ થયા હતા. તેમને એક દિકરો જયવીર પણ થયો હતો. બે દિવસ અગાઉ આરતીબેન અને રાહુલભાઈ વચ્ચે ઝઘડો થયો હતો.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CANADA IMMIGRATION

iccrc crcic

SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)

Last minute student admission

Please contact us on

416-745-2466 or 91-9428973911

- Conestoga
- Seneca
- Humber
- Lambton
- Fanshawe
- Georgian
- Algoma
- Canadore
- Algoma
- Saskatchewan polytechnic
- Mohawk

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

- LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855

VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

: Specialized in :

Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor

Email.: info@siis.ca Website.: www.siis.ca

# ચૂંટણી પહેલાં સૌરાષ્ટ્રમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓની દોડધામ

## પ્રદેશ ભાજપ પ્રમુખે રાજકોટમાં બિલ્ડરો,જસદણમાં માલધારી સમાજને મળ્યા, ઉપલેટામાં કોંગ્રેસના નેતાઓ સાથે મીટીંગો

**રાજકોટ**

ગુજરાતમાં સર્વાધિક તરલ મતો સૌરાષ્ટ્રમાં હોવાની શક્યતાના પગલે અને ગત ધારાસભા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે કસોકસની સ્પર્ધા રહેવાને પગલે સૌરાષ્ટ્રમાં ભાજપ-કોંગ્રેસના ટોચના નેતાઓની ગતિવિધિઓ ભારે તેજ બની છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલ, કોંગ્રેસના પ્રભારી રઘુ શર્મા સહિત અનેક નેતાઓની મુલાકાતો, મીટીંગોનો દોર શરુ થયો છે.

રાજકોટમાં મંગળવારે ભાજપના પાટિલે આર્થિક સંપન્ન બિલ્ડરો સાથે બેઠક યોજી હતી અને બુધવારે જસદણમાં માલધારી સમાજ દ્વારા તેમનું સન્માન યોજવામાં આવ્યું હતુ. પૂર્વ મંત્રી બાવળિયાના મતવિસ્તારમાં પાટિલ ટૂંકા સમયમાં બીજી વાર આવ્યા છે.તો ભાજપના કેન્દ્રીય મંત્રીઓ અને નેતાઓની સૌરાષ્ટ્ર મુલાકાતો ખાસ્સી વધી છે. બુધવારે પરસોતમ રૂપાલા અને મુખ્યમંત્રીની હાજરીમાં અમરેલીમાં કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસના પ્રભારી રઘુ શર્માએ મંગળવારે રાજકોટ શહેર કોંગ્રેસ કે જેનું સંગઠન હજુ વ્યવસ્થિત થતું નથી ત્યાં નેતાઓના ક્લાસ લીધા હતા અને ઉપલેટામાં ભાજપ સામે ટક્કર આપવા કોંગ્રેસના વિવિધ મોરચા, રાજકોટ જિલ્લાના ૧૩ તાલુકાના પ્રમુખો, ધારાસભ્યો, જિલ્લા પ્રમુખ વગેરેની હાજરીમાં ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસે એઆઈસીસીમાંથી મહામંત્રી રામકિશન આહુજાને સૌરાષ્ટ્રનો હવાલો સોંપ્યો છે.

ભાજપે એક એક બૂથ વાઈઝ જીત માટે કેટલા મતો જોઈશે અને તે કઈ રીતે મેળવવા તે અંગે માઈક્રોપ્લાનીંગ શરુ કર્યું છે તો કોંગ્રેસ ના મોવડી મંડળે સૌરાષ્ટ્રમાં પક્ષની બહારના સર્વેયરોને મોકલીને ક્યાં ક્યા નેતામાં કેવો દમ છે, લોકોમાં કોંગ્રેસની સ્થિતિ વગેરેનો તાગ મેળવાઈ રહ્યો છે.

# નરેશ પટેલે રાજકારણમાં પ્રવેશ ન કરવો જોઈએ : સર્વેમાં ધડાકો

**રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ હાલ રાજ્યમાં જોવા મળી રહ્યો છે. હાલ ખોડલધામના ચેરમેન નરેશ પટેલ રાજનીતિમાં પ્રવેશવું જોઈએ કે નહીં? કંઈ પાર્ટીમાં જોડાશે જેવા અનેક ચર્ચાઓ થઈ રહી છે. આ વાત વચ્ચે રાજકોટમાં પાટીદાર અગ્રણી રમેશ ટીલાળાએ એક મહત્વપૂર્ણ નિવેદન આપીને ખળભળાટ મચાવ્યો છે. રાજકોટ ખોડલધામની કારોબારી બેઠક અચાનક રદ્દ કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રસ્ટી રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે, આજે મળનારી ખોડલધામની કારોબારી બેઠક ભાવનગર, અમદાવાદ અને જૂનાગઢના ટ્રસ્ટીઓ હાજર ન રહેતા બેઠક રદ્દ કરાઈ છે. રમેશ ટીલાળાએ નરેશ પટેલને રાજકારણમાં પ્રવેશ ન કરવા જણાવ્યું છે. તેમણે સર્વેનો હવાલો આપીને નરેશ પટેલ અંગે પ્રતિભાવ આપતા રાજનીતિ ગરમાઈ હતી.

# ગુજરાતમાં 9 પાકિસ્તાની રૂ.300 કરોડનું ડ્રગ્સ ઘુસાડતા ઝડપાયા

## પરત ભાગવાના પ્રયાસમાં ફાયરિંગ થતાં 3 પાક. માછીમાર ખલાસીને સામાન્ય ઈજા પહોંચી હતી

**જખૌ**

વધુ એક વખત કચ્છની દરિયાઈ સરહદથી ડ્રગ્સની હેરાફેરી થાય તે પહેલાં હેરોઈનનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. જખૌની જળસીમામાં ગુજરાત એટીએસની ટીમ અને કોસ્ટગાર્ડની ટીમે સંયુક્ત રીતે દિલધડક ઓપરેશન કરી ૨૮૦ કરોડનું હેરોઈન પકડી પાડયું છે. કરાંચીથી નવ ખલાસી સાથે નીકળેલા ફિશીંગ ટ્રોલરને બાતમી આધારે આંતરરાષ્ટ્રીય જળસિમાથી ભારતની સરહદમાં ૧૪ નોટિકલ માઈલ અંદર પડકારવામાં આવી હતી. પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કરવામાં આવતાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ફાયરિંગમાં ત્રણ પાકિસ્તાની માછીમાર ખલાસીને સામાન્ય ઈજા પહોંચી હતી. હાઈસ્પીડ ફિશીંગ ટ્રોલરમાં તપાસ કરતાં માછલીઓને બદલે ૨૮૦ કરોડની કિંમતના ૫૬ કિલો વજનના હેરોઈનના ૫૬ પેકેટ પકડાયા છે.

ગુજરાત એટીએસના નાયબ પોલીસ અધિક્ષક ભાવેશ રોજીયાને બાતમી મળી હતી કે, પાકિસ્તાનનો મુસ્તુફા નામનો ડ્રગ્સ માફિયા પાકિસ્તાનના બંદરથી અલ હજ નામની પાકિસ્તાની બોટમાં હેરોઈન ભરી ગુજરાતના દરિયાકિનારા મારફતે ઉત્તર ભારતમાં મોકલવાનો છે. પાક્કી બાતમીના આધારે એટીએસ અને કોસ્ટ ગાર્ડની ટીમે ભારતીય જળસીમામાં વોચ ગોઠવી હતી. આંતરરાષ્ટ્રીય જળસીમાથી ભારતીય જળસીમામાં ૧૪ નોટિકલ માઈલ અંદર બાતમી અનુસારનું ટ્રોલર જોવા મળ્યું હતું. કોસ્ટગાર્ડે નિયમાનુસાર ચેતવણી ઉચ્ચારતા ટ્રોલર ભગાવવામાં આવ્યું હતું. બોટને બદલે ટ્રોલર હોવાથી તેની ગતિ વધારી દેવાઈ હતી. કોસ્ટગાર્ડ તરફથી અપાયેલી ચેતવણી ઉવેખવામાં આવતાં નિયમાનુસાર પહેલાં પાણીમાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

# કચ્છનું પ્રથમ હાઈટેક સ્વામિનારાયણ સેવાશ્રમ ભુજ ખાતે આકાર પામશે

## ભોજનાલય, હોસ્પિટલ, જીમ, , ગાર્ડન અને અંડર ગ્રાઉન્ડ થિયેટર હશે

**ભુજ**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન મુખ્યદેવને આગામી ૨૦૨૩માં ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના ઉપલક્ષ્યમાં કચ્છનું પ્રાથમ હાઈટેક સેવા આશ્રમ બનાવવા જઈ રહ્યુ છે. જેનું ખાતુમુહૂર્ત ભુજ મંદિરના સ.ગુ. મહંત સ્વામિ ધર્મનંદનદાસજી, સ.ગુ.ઉપમહંત પુરાણી સ્વામિ ભગવદજીવનદાસજી, પાર્ષદવર્ય કોઠારી જાદવજી ભગત, સ્વામિ પ્રેમપ્રકાશદાસજી તેમજ સ્વામિનારાયણ સેવા આશ્રમ કાર્યમાં રૂપિયા ૪ કરોડનું અનુદાન આપનાર આ સંકુલના યજમાન પરબતભાઈ કુંવરજી હાલારીયા, અમરબેન પરબતભાઈ હાલારીયા હસ્તે તેમના પુત્રી સુમિત્રાબેન પરબતભાઈ હાલારીયાના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામિ ધર્મનંદનદાસજીએ જણાવ્યુ હતુ કે, મંદિર તરફથી અનેક સેવાકીય કાર્ય થઈ રહ્યા છે. ભુજ મંદિરના કોઠારી દેવપ્રકાશદાસજીએ જણાવ્યુ હતુ કે, આ હાઈટેક સેવા આશ્રમમાં ૫૦ રૂમો બનાવાશે. એક રૂમમાં બે વડીલોને સુવિધા અપાશે. જેમાં ભોજનાલય, હોસ્પીટલ, વડીલોને ધ્યાને રાખીને તે પ્રકારનું જીમ, મંદિર, ગાર્ડન, લાયબ્રેરી, સંગીતમય વાતાવરણ સાથે અંડર ગ્રાઉન્ડ મીની થીયેટર કે જેમાં તેઓ ધાર્મિક કાથાવાર્તા તેમજ સત્સંગ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

HELP WANTED - HOTEL MANAGER

Looking for young single or couple for daily hotel operations. Students with work permit welcome to apply. Require Excellent customer services skill, Communication in English, Supervision skill, and work in Team. Good gross salary and free apartment on site too

Location : Sudbury

Email; sudbury_inn@yahoo.ca

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West )
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
WE MOVED TO
6800 REXWOOD ROAD, UNIT - D
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

સ્વદેશ

10 FRIDAY 29 JANUARY 2021

## ટ્વિન્કલ ખન્નાની શોર્ટ સ્ટોરી પરથી ફિલ્મ બનશે



મુંબઇઃ અભિનેત્રી અને રાઇટર ટ્વિન્કલ ખન્નાની એક શોર્ટ સ્ટોરી પરથી ફિલ્મ બનવવાની જાહેરાત થઈ છે. અક્ષય કુમારની પત્ની કે રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડીયાની દીકરીથી પણ એક વિશેષ ઓળખ ટ્વિન્કલ ખન્નાએ ઉભી કરી છે. આજે ટ્વિન્કલની ગણતરી દેશના શ્રેષ્ઠ હાસ્ય લેખકોમાં થાય છે. તેનાં પુસ્તકો બેસ્ટ સેલર કેટેગરીમાં સ્થાન પામે છે. ટ્વિન્કલની એક બુક 'ધિ લિજેન્ડ ઓફ લક્ષ્મી પ્રસાદ' બહુ લોકપ્રિય થઈ હતી. હવે તેમાંથી જ એક શોર્ટ સ્ટોરી 'સલામ નોની આપા' પરથી ફિલ્મ બનવાની છે. ખુદ ટ્વિન્કલે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી છે.

## સચિનની દીકરી બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહી હોવાની અટકળો

મુંબઈ : સચિન તેંડુલકરની દીકરી સારા બોલિવુડમાં ઝંપલાવી રહી હોવાની અફવાઓ ફરી ગ્લેમર વર્લ્ડમાં ફરી વળી છે. સારાએ એક્ટિંગ ક્લાસ જોઇન કરી લીધા છે અને ટૂંક સમયમાં જ તેના બોલિવુડ ડેબ્યૂની જાહેરાત થવાની સંભાવના છે એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. સારાએ થોડા સમય પહેલાં એક ઇન્ટરનેશનલ બ્રાંન્ડ માટે મોડેલિંગ કર્યું હતું. ત્યારથી જ સારા ગ્લેમર વર્લ્ડમાં પ્રવેશી રહી હોવાની અટકળો તેજ બની હતી. અગાઉ શાહિદ કપૂરની ફિલ્મમાં તેની લીડ હિરોઇન તરીકે પસંદગી થઇ હોવાની પણ અફવા ઉડી હતી.



# 75મા કાન્સ ફેસ્ટિવલની જ્યૂરીમાં દીપિકા પાદૂકોણની પસંદગી



મુંબઇ : ભારતીય અભિનેત્રી દીપિકા પાદુકોણની ૭૫માં કાન ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યુરી મેમ્બર તરીકે પસંદગી કરવામાં આવી છે. આ ફેસ્ટિવલ આગામી મે મહિનામાં તા. ૧૭થી ૨૮ દરમિયાન યોજાવાનો છે. કાન ફેસ્ટિવલના સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા જ્યૂરીની સત્તાવાર ઘોષણા કરવામાં આવી તે પછી દીપિકા પાદુકોણે પણ આ ન્યૂઝ શેર કર્યા હતા. રણવીર સિંહે પત્નીની આ સિદ્ધિને વાહ એમ લખીને તાળીઓના ઈમોજી સાથે વધાવી હતી દીપિકાએ પહેલીવાર ૨૦૧૭માં આ ફેસ્ટિવલમાં ડેબ્યૂ કર્યું હતું. હવે તે પહેલીવાર જ્યૂરી મેમ્બર તરીકે ભાગ લેશે. ભારતમાંથી ફિચર ફિલ્મ કેટેગરીમાં જ્યૂરી તરીકે પસંદ પામનારી પ્રથમ હસ્તી ઐશ્વર્યા બચ્ચન હતી. તેને ૨૦૦૩માં આ સન્માન મળ્યું હતું. દર વર્ષે કાનમાં ઐશ્વર્યાની હાજરીની ખાસ રાહ જોવાય છે. અનેક ભારતીય અભિનેત્રીઓ કાનમાં રેડ કાર્પેટ ઈવેન્ટમાં ભાગ લે છે. તેમના કોશ્ચ્યુમ , જવેલરી વગેરે ખાસ ચર્ચાનો વિષય બને છે. દીપિકા પહેલાં શર્મિલા ટાગોર, મૃણાલ સેન, શેખર કપૂર, મીરાં નાયર, વિદ્યા બાલન, અરુંધતિ રોય અને નંદિતા દાસ પણ વિવિધ કેટગરીમાં જ્યૂરી તરીકે પસંદગી પામી ચૂક્યાં છે.

## હિન્દી ભાષા વિવાદઃ રામ ગોપાલ વર્મા કિચ્ચા સુદીપના સમર્થનમાં, અજય દેવગન પર પરોક્ષ રીતે પ્રહાર કર્યો



સાઉથ ફિલ્મની સફળતાનો દબદબો વધી રહ્યો છે. આ સફળતાના કારણે હવે ભાષાને લઈને વિવાદ ઉભો થયો છે. કન્નડ અભિનેતા કિચ્ચા સુદીપના ટ્વિટથી શરૂ થયેલો આ મામલો સમગ્ર દક્ષિણ અને ઉત્તર ઈન્ડસ્ટ્ર વચ્ચે ચર્ચાનો મોટો મુદ્દો બની ગયો છે. કિચ્ચા સુદીપે કહ્યું હતું કે, હિન્દી હવે રાષ્ટ્રીય ભાષા નથી ત્યારે બોલિવૂડ સુપરસ્ટાર અજય દેવગને તેમના પર કટાક્ષ કર્યો હતો. અજયે દેવગને આ મુદ્દા પર હિન્દીમાં ટ્વિટ કર્યું હતું કે, હિન્દી અમારી માતૃભાષા અને રાષ્ટ્રભાષા હતી, છે અને હંમેશા રહેશે. બંને અભિનેતાઓના ટ્વિટ્ બાદ હવે જાણીતા નિર્દેશક રામ ગોપાલ વર્માની પ્રતિક્રિયા સામે આવી છે. રામ ગોપાલ વર્માએ 2 સ્ટાર્સ વચ્ચેની લડાઈમાં સાઉથ એક્ટર કીચા સુદીપને સપોર્ટ કર્યો છે. કિચ્ચાના વખાણ કરતા ડિરેક્ટરે અજય દેવગણ પર સવાલ ઉઠાવ્યા છે. એક ટ્વિટમાં કિચ્ચાએ પોતાનો ખુલાસો આપતા કહ્યું હતું કે, તે હિન્દી શીખી ગયો છે. તે આ ભાષાને માન આપે છે પરંતુ જો તેણે પોતાનું ટ્વિટ કન્નડમાં લખ્યું હોત તો? અભિનેતાના આ ટ્વીટ પર પ્રતિક્રિયા આપતા રામ ગોપાલ વર્માએ લખ્યું હતું કે, આ મુદ્દાને તમારા આ પ્રશ્ન કરતાં વધુ સારી રીતે સમજાવી શકાય તેમ નથી.

# અમીષા પટેલે એક કલાકના પૈસા લઇ 3 જ મિનિટ પરફોર્મન્સ આપતાં ચીટિંગની ફરિયાદ



મુંબઈઃ ફિલ્મ અભિનેત્રી અમીષા પટેલે મધ્યપ્રદેશના ખંડવામાં એક ઇવેન્ટમાં એક કલાક માટે પરફોર્મન્સ આપવાના પૈસા લીધા બાદ માત્ર ત્રણ મિનિટમાં ચાલતી પકડતાં રોષે ભરાયેલા આયોજકોએ તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સામા પક્ષે અમીષાએ એવો બચાવ કર્યો છે કે આખી ઇવેન્ટ બહુ ખરાબ રીતે ઓર્ગેનાઇઝ કરવામાં આવી હતી અને ત્યાં પોતાને જીવનું જોખમ લાગ્યું એટલે તત્કાળ રવાના થઇ ગઈ હતી. મધ્યપ્રદેશના ખંડવામાં 23મી એપ્રિલની રાતે નવચંડી મહોત્સવનું આયોજન કરાયું હતું. અમીષા સ્ટેજ પર આવી પરંતુ માત્ર ત્રણ જ મિનિટમાં ત્યાથી રવાના થઇ ગઇ હતી. કેટલાક અહેવાલ અનુસાર અમીષાને એક કલાક હાજરી માટે સાડા ચાર લાખ રૂપિયા ચૂકવવાનો કરાર થયો હતો અને એ મુજબ એડવાન્સ પેમેન્ટ પણ અપાઈ ગયું હતું. પરંતુ, અમીષાએ ગણતરીની મિનીટોમાં ચાલતી પકડતાં આયોજકોને આંચકો લાગ્યો હતો. બીજા દિવસે એક આયોજકે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અમીષા સામે ફરિયાદ નોંધાવતાં આરોપ મુક્યો હતો કે ઇવેન્ટમાં જેટલો સમય હાજરી આપવાના પૈસા અમીષાએ લીધા હતા તેટલો સમય તે રોકાઇ ન હતી. અમીષાએ ટ્વિટ કરીને એવું જણાવ્યું હતું કે પોતે આ મહોત્સવમાં ભાગ લેવા ગઇ હતી. પરંતુ તે બહુ ખરાબ રીતે આયોજિત થઇ હતી. મને ત્યાં જાનનું જોખમ લાગ્યું હતું. સ્થાનિક પોલીસે મને ત્યાંથી ઉગારીને બહાર નીકળવામાં મદદ કરી તે બદલ તેમનો આભાર માનું છું. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે ઇવેન્ટનાં સ્થળે બહુ ભીડ જામી હતી.

## શિલ્પા શેટ્ટીએ હવે વીએફએક્સ બિઝનેસમાં પણ ઝંપલાવ્યું



મુંબઇ : શિલ્પા શેટ્ટીએ હવે પોતાની વીએફએક્સ કંપની શરૂ કરી છે. બોલીવુડના સુપરસ્ટાર શાહરુખ ખાન અને અજય દેવગણ પોતાની વીએફએક્સ કંપનીઓ ધરાવે છે. બાહુબલી અને આર આર આર જેવી ફિલ્મોમાં ભવ્ય દશ્યો પાછળ વીએફએક્સની જ કમાલ હતી. તે સિવાય ઓછાં બજેટ ની ફિલ્મોમાં પણ ચોક્કસ લોકેશન, ભીડનાં દૃશ્યો અને સ્પેશ્યલ ઇફેક્ટસ ઉપરાંત પાત્રની ચોક્કસ આભા ઊભી કરવા વીએફએક્સનો જ ઉપયોગ થાય છે. ભારતીય વીએફએકસ કંપનીઓએ વૈશ્વિક સ્તરે ગજું કાઢયું છે. હોલીવુડ ની અનેક પ્રસિદ્ધ ફિલ્મોનું વીએફએક્સ નું કામ ભારતમાં થયું છે. હવે તે એક પેરેલલ ઇન્ડસ્ટ્રી બની ચુકી છે. શિલ્પા મુંબઇમાં એક પ્રખ્યાત રેસ્ટોરાં ચેઇન પણ ચલાવે છે.

## નેટફ્લિક્સ થાક્યું, ભારતમાં 90 ટકા પ્રોજેક્ટસ પર કાતર ફેરવશે




આંતરરાષ્ટ્રીય ઓટીટી સ્ટ્રિમિંગ જાયન્ટ નેટફ્લિક્સને ભારતમાં હાંફ ચઢી ગઈ છે. તેણે ભારતમાં 90 ટકા પ્રોજેક્ટસ પર કાતર ફેરવવા તૈયારી કરી લીધી છે. અત્યાર સુધી નેટફ્લિક્સ માટે ફિલ્મો અને સિરીઝ બનાવનારા પ્રોડ્યુસર્સને ઘી કેળાં હતાં કારણ કે નેટફ્લિક્સ તેમને ધાર્યા પૈસા આપતું હતું. પરંતુ, હવે બધા પ્રોડ્યુસર્સને માપમાં જ ખર્ચા કરવા કહી દેવાયું છે. કેટલાય દિગ્ગજ પ્રોડક્શનના મહત્વના શોનાં આયોજન પડતા મૂકવામાં આવ્યા છે. નેટફ્લિક્સની ખુદની જાહેરાત અનુસાર તેણે 2022ના પહેલા ત્રણ મહિનામાં વિશ્વભરમાં બે લાખ સબસ્ક્રાઈબર ગુમાવ્યા છે. જોકે, નેટફ્લિક્સના એક્સ સીઇઓ રીડ હોસ્ટિંગે તો અગાઉ જ જાહેર કર્યું હતું કે ભારતમાં તેઓ સદંતર ફલોપ ગયા છે. એ પછી નેટફ્લિક્સે પોતાની પ્રાઇઝિંગ સ્ટ્રેટેજી બદલી હતી અને બહુ સસ્તા મોબાઇલ પ્લાન લોંચ કર્યા હતા. તો પણ તેનો કોઇ ફાયદો થયો નથી.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### અમેરિકા સહિતના દેશોમાં ફાર્માકોજીન્સના પરિક્ષણો બાદ દવા આપવાની પદ્ધતિની શરુઆત

# સ્વભાવ-પ્રકૃતિ જાણી સારવારની નવીનતમ્ પધ્ધતિ

પ્રાસંગિક
ધવલ શુક્લ

આજકાલ આપણે જાણીએ છીએ કે કૃષિ જમીનની પ્રકૃતિ, સ્વભાવ અથવા પ્રકાર લેબોરેટરી ટેસ્ટ કરાવીને જાણી શકાય છે. લેબ. ટેસ્ટિંગ દરમિયાન આપણે જમીન કયા પ્રકારની છે અને તેમાં કેટલા ખાતર અને પાણીની જરૂર છે અને તે પ્રમાણે કયો પાક ઉગાડી શકાય ત્યાં સુધીની જાણકારી વૈજ્ઞાનિકોના સંશોધનોને કારણે આજે મેળવી શકાય છે. માનવીના શરીરનું પણ એવું જ છે. વિજ્ઞાને અત્યાર સુધી કયા પ્રકારની બીમારીમાં કઈ દવા કારગત નીવડે તે વિશે ચોક્કસ પ્રમાણ સાથે દવા અને સારવાર પદ્ધિતિ આપી છે. પરંતુ કારગત નીવડે એવી દવાઓના પ્રકાર પણ વધ્યા છે. અનેકને બદલે માત્ર એક જ રામબાણ દવા હોય છતાં કેટલાક દર્દી માટે તે દવા ખાસ લાભદાયી રહેતી નથી, જેટલી બીજા દર્દીઓ માટે તે ફાયદેમંદ રહી હોય.

કોઈક લોકોના શરીર પર તેની બિલકુલ અસર થતી નથી અથવા કોઈક જુદા પ્રકારની અસર થાય છે. કેટલીક વખત ઘણી દવાઓનું રિએકશન આવે, સાઈડ ઈફેકટસ આવે, એ રીતે અમુક વ્યકિતને અમુક ખોરાકની પણ અસર થતી રહે છે. અનેક માણસોને ઘણી એવી ચીજોની એલર્જી હોય છે જે બીજાઓના શરીરને બિલકુલ માફક આવે છે. એ ચીજો આરોગ્યા પછીના અનુભવો દ્વારા તેનો ખ્યાલ આવે છે. અગાઉ અનેક બાળકો આંબલી-કાતરી ખાઈને ધનુર્વા (ટીટેનસ)નો શિકાર બનતાં હતાં. હવે આ જ ચીજો ઔષધી બનાવવામાં પણ ઉપયોગમાં લેવાઈ છે. ખાધા અગાઉ માણસને ખબર પડી જતી હોત કે, આ ચીજ ખાવાથી આરોગ્ય બગાડશે, તો તેને ખાતુ જ નહીં હોત. પરંતુ હવે કોઈ શારીરિક તકલીફ લાગુ પડે તે પછી એલર્જીને લગતાં વિસ્તૃત પરીક્ષણો, ટેસ્ટ કરાવાય ત્યારે ચોક્કસ નિષ્કર્ષ નીકળે છે. આ એક કંટાળાજનક પ્રોસીજર છે, પણ ઘણાને કરાવવા પડે છે. જો એ રીતે આપણે જાણતા હોઈએ કે અમુક કષ્ટસાધ્ય બીમારીમાં આ દર્દીને આ દવા જ માફક આવશે અને બીજા દર્દીને બીજી દવા અને

ત્રીજા દર્દીને ત્રીજી દવા માફક આવશે તો તે તમામ દર્દીને સત્વરે સટીક સારવાર આપી શકાય. અસર ન કરે એવી દવાઓના ડોઝ દરદીને આપીને લાંબા સમય, નાણાં અને તબિયતનો બગાડ ઝડપથી અટકાવી શકાય. અમુક જ દવા અમુક માણસને માફક આવે છે. પરંતુ હવે જે તે માણસની પ્રકૃતિ કે શારીરિક સ્વભાવને અગાઉથી જાણી લઈને એને માફક આવે એવી જ દવાથી સારવારની પદ્ધતિ તરફ સંશોધકો આગળ



વધી રહ્યા છે. ઘણા લોકોની કેન્સરની ગાંઠ દૂર કરવામાં તબીબો સફળ રહે છે. પરંતુ ત્યારબાદ કિમોથેરપીની સારવાર આપવામાં આવે છે તેનું અમુક દરદીઓને તીવ્ર રિએકશન આવે છે. તેઓએ 15 દિવસ સુધી હોસ્પિટલમાં રહેવું પડે છે. જો કે બધાને એટલું સખત રિએકશન આવતું હોતું નથી. જો આ દર્દીને કિમોથેરપી આપતા અગાઉ અમુક ટેસ્ટ કરાવ્યા હોય તો રિએકશનને ટાળી શકાય. આ ટેસ્ટમાં લિવરના એન્ઝાઈમના કોડ ધરાવતા જીનનું પરીક્ષણ કરાય છે. આ એન્ઝાઈમ 'ડિહાઈડ્રોપાઈરિમિડિન ડિહાઈડ્રોજિનેસ' તરીકે ઓળખાય છે. એન્ઝાઈમો પાચક તત્ત્વો રૂપે કામ કરે છે અને અમુક દવાઓનું યોગ્ય રીતે પાચન કરી તેને શરીર પર કામ કરતી બનાવે છે, લોહીમાં ભેળવે છે.

આજે ખાસ એન્ઝાઈમ છે તે કેન્સરને લગતી કેટલીક દવાઓને પચાવી અર્થાત બ્રેક ડાઉન કરી જાણે છે. પણ જો તે પચાવી શકવામાં સમર્થ ન થાય અથવા આ એન્ઝાઈમની સદંતર ગેરહાજરી હોય તો ઔષધ ઔષધને બદલે શરીરમાં ઝેર રૂપે જમા થવા લાગે છે. કયારેક તેના કારણે મરણતોલ અણધાર્યુ પરિણામ પણ આવી શકે છે. જો કે કોઈ દુર્લભ જણમાં 'ડીપીડી'ના નામથી ઓળખાતા આએન્ઝાઈમનો સદંતર અભાવ હોય છે. વધુ ઘટના એ પ્રકારની જોવા મળે છે કે આ જીનના ચાર ભાગમાં ટુકડા અથવા મ્યુટેશન થતું હોય છે. પરિણામે ડીપીડીના એન્ઝાઈમના ઉત્પાદનનું પ્રમાણ ઘટી જાય છે. આ ચાર વિભાજનમાંથી એક ભાગ પણ શરીરમાં હોય તો કિમોથેરપીની સારવાર કષ્ટદાયક બને છે. શરીરમાં આ પધ્ધતિએ કામ કરતા અનેક જીન્સ હોય છે જે 'ફાર્માકોજીન્સ' તરીકે ઓળખાય છે. તેઓનું સ્ક્રીનિંગ અથવા તપાસ કર્યા બાદ ઓષધો અપાય તો સારવાર સસ્તી, ઝડપી અને અસરકારક બને છે.

ડૉકટરોમાં પણ હવે આ પ્રકારના ટેસ્ટનો આઈડિયા વધુ અને વધુ સ્વીકૃત બની રહ્યો છે. અમેરિકાની અનેક હોસ્પિટલોમાં લગભગ એકાદ ડંઝન જેટલા ફાર્માકોજીન્સના પરીક્ષણો બાદ જ દવા અપાય છે. યુરોપના સાતેક દેશોમાં પણ આ પધ્ધતિ પ્રાયોગિક ધોરણે દાખલ કરવામાં આવી છે. કેન્સર અને એચઆઈવી એઈડસની ઔષધીય સારવાર શરૂ કરતા પહેલાં સબંધિત ફાર્માકોજીન્સનું પરીક્ષણ થવા માંડયું છે. તબીબો અને વિજ્ઞાનીઓની સંસ્થાઓ આવા પરીક્ષણોને એક ડઝન પરથી વિસ્તારીને 40 પ્રકારના ફાર્માકોજીન્સ આવરી લેવાની હિમાયત કરી રહ્યા છે. કેટલાક દેશમાં તો સરકાર દ્વારા આ પદ્ધતિનો ઉપયોગ કરવા પ્રોત્સાહ અપાઈ રહ્યા છે. જો કે, તેમાં 20 હજારનો અંદાજિત ખર્ચ આવી રહ્યો છે. કેટલાક દેશમાં તો તજજ્ઞો સરકારોને સલાહ આપી રહ્યા છે કે નવા બાળકો જન્મે તે તમામને આ ટેસ્ટમાંથી પસાર કરવામાં આવે, જેથી ભવિષ્યની પેઢી વધુ તંદુરસ્ત રહે. સાથે જ આરોગ્ય વ્યવસ્થા પર અનાવશ્યક સારવારને કારણે ખોટું દબાણ નહીં આવે. જો કે ફાર્મા લોબી માટે ટૂંકા ગાળામાં આ વ્યવસ્થા નુકસાનકારક નિવડશે પણ લાંબા ગાળે ફાયદાકારક એટલા માટે બનશે કે દવાઓ અને તબીબો પર વિશ્વાસ વધશે. આવતા વરસથી યુકેની તમામ સરકારી હોસ્પિટલોમાં નવી પદ્ધતિથી સારવાર શરુ કરાશે. આ પ્રકારના જિનેટિક સ્ક્રિનિંગના અનેક ફાયદાઓ છે. માત્ર કઈ દવા કામ કરશે એટલું જ જાણી શકાતું નથી, પણ દવાની કેવી અસર પડશે? શરીરમાં તેના કારણે કેટલા ઝેરી તત્ત્વો ફેલાશે?

**આ પદ્ધતિમાં કઇ દવા કામ કરશે અને કેવી અસર કરશે? કેટલા ઝેરી તત્ત્વો ફેલાશે? લિવરમાં કેવી રીતે પચશે? કેટલી માત્રામાં દવા આપવી પડશે? વગેરે બાબતો અગાઉથી નક્કી કરી શકાશે**

દવા લિવરમાં કેવી રીતે પચશે ? શરીર તેને કેવી રીતે ગ્રહણ કરશે? દર્દીને કેટલી માત્રામાં દવા આપવાની રહેશે? વગેરે બાબતો અગાઉથી જ નક્કી કરી શકાશે. અમુક પ્રકારના જિનેટિક સંસ્મરણો એક કરતાં અનેક દવાઓ પર નેગેટિવ અસર પાડતા હોય છે. કારણ કે, તેઓ અનેક કોમન એન્ઝાઈમ્સની પ્રકૃતિ બદલી નાખતા હોય છે. પરીક્ષણો બતાવે છે કે, લગભગ 99% લોકોમાં કમસેકમ એક ફાર્માકોજીનની અને 25% લોકોમાં ચાર ચાર ફાર્મકોજીનની હાજરી હોય છે. યુરોપની ગોરી અથવા કોકેસિયન પ્રજામાં 9% લોકોમાં ડીપીડીની ખામી હોય છે અને 200માંથી એક જણમાં આ એન્ઝાઈમનો સદંતર અભાવ હોય છે. એ જ રીતે જોઈએ તો બ્રિટનની 8% પ્રજાને "કોડીન' નામની દવા લેવા છતાં પીડામાંથી રાહત મળતી નથી. ઘણાને પેરાસિટામોલ અસર કરતી નથી. કોડીન જેમને અસર ન કરે તેઓના શરીરમાં એ એન્ઝાઈમ જ હોતું નથી. જે કોડીનનું મોર્ફીનમાં રૂપાંતર કરીને તેને લોહીમાં ભેળવી શકે. ઊલટાનું કોડીનનું એવા પદાર્થના સ્વરૂપમાં રૂપાંતર થાય છે કે શરીરનાં દર્દ, પીડા પર તેની કોઈ અસર પડતી નથી. જીન્સ અને દવાના આવા 120 કજોડાં વિજ્ઞાનીઓએ હાલ સુધીમાં ઓળખી કાઢયાં છે જેઓને આપસમાં બનતું નથી. આમાંની લગભગ અડધા પ્રકારની દવાઓનો વિકલ્પ ઉપલબ્ધ છે. મતલબ કે 60 પ્રકારના કજોડામાંથી એકાદ દવા બદલવામાં આવે તો સારવાર આગળ વધી શકે છે. બ્રિટનમાં 70 % વૃધ્ધોમાં પણ આ ખામી દેખાવાનું શરૂ થયું છે જેમને કોઈકને કોઈક પ્રકારની દવાની અનુકૂળ અસર જણાતી નથી. બ્રિટનમાં જે દરદીઓને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવે છે અને અમુકને ફરી વાર દાખલ કરવા પડે છે તેનું મુખ્ય કારણ દવાનું રિએકશન હોય છે. દવા પોતે જ બીમારી લઈને આવે છે.

# માનુનીઓની સુંદરતા મહત્ત્વનો ભાગ ભજવતું એવું ડિઝાઈનર નેઈલ આર્ટ

યુવતીઓની સુંદરતામાં નિખાર લાવવામાં નખ મહત્ત્વનો ભાગ ભજવે છે. યુવતીઓમાં પહેલાં એક જ કલરની નેઇલપૉલિશ કરવાનો ટ્રેન્ડ હતો. હવે અલગ અલગ પ્રકારના નેઇલ પેઇન્ટ કરવાનું પસંદ કરે છે. મહિલાઓની આ પસંદને ધ્યાનમાં રાખીને માર્કેટમાં નેઇલ આર્ટનું ચલણ વધ્યું છે. પહેલાં પાર્ટી, લગ્ન અને સ્પેશિયલ ઓકેઝનમાં મહિલાઓ નેઇલ આર્ટ કરવાનું ભૂલતી નહોતી. હવે તો રેગ્યુલરમાં કૉલેજ ગોઇંગ યુવતીઓ નેઇલ આર્ટ કરવાનું પસંદ કરી રહી છે. તો આજે ડિફરન્ટ પ્રકારની નેઇલ આર્ટ અંગે જાણીએ...



## ઓમ્બ્રે નેઇલ્સ

આ સ્ટાઈલ યુવતીઓમાં લોકપ્રિય છે. આ એક ક્લાસિક શૈલી છે અને ક્યારેય જૂની થતી નથી. ઓમ્બ્રે નેઈલ આર્ટમાં એક સાથે મિક્સ બે અથવા બેથી વધારે રંગોનું કોમ્બિનેશન છે. એમાં શાઈનિંગ અને ચમકની સાથે કરવામાં આવે છે.

## ફ્લોરલ નેઇલ્સ

આ વર્ષે આ સ્ટાઈલ ટ્રેન્ડમાં છે. ફૂલો અને રંગોની સાથે અનેક વેરિએશન જોવા મળે છે. આ નેલ આર્ટને અજમાવવા માટે અનેક રીતો છે. તેને ઈચ્છા હોય એ મુજબ કસ્ટમાઈઝ કરી શકાય છે.

## ફ્રી હેન્ડ પોલકા ડોટ

ફ્રી હેન્ડ ડોટ માટે કોઈપણ મેટ નેઈલ પેઈન્ટની સાથે મીડિયમ સાઈઝની પોલકા ડોટ પ્રિન્ટ બનાવી શકો છો.

## હાફ મૂન સ્ટાઇલ

તમે તમારા નખને બધા કરતાં કંઈક હટકર બતાવવા ઈચ્છતા હોવ તો અર્ધ ચંદ્રમા આકારની હાફ પોલકા સ્ટાઈલ પણ ક્રિએટ કરી શકો છો. આ ડિઝાઈન બહુ જલદી બની જાય છે અને બનાવવામાં પણ સરળ છે.

## ઝિગ્ઝેગ ડિઝાઇન

આ નેઇલ આર્ટને ખુબ સરળ છે. જો તમે એને પરફેક્ટ શેઇપ આપી શકતા ન હોવ તો તમારા નખ ઉપર એક નેઇલ પેઇન્ટ લગાવો. એ સુકાઇ જાય એ પછી એના ઉપર ટ્રાન્સપરન્ટ સેલોટેપ લગાવો. પછી બીજો નેઇલ પેઇન્ટ લગાવો. આ રીતે ટ્રાન્સપરન્ટ સેલોટેપની મદદથી તમે મનગમતી ડિઝાઇન પરફેક્ટ રીતે ક્રિએટ કરી શકો છો.

## બ્લેક એન્ડ વ્હાઇટ

તમે નેઇલ પેઇન્ટ પર વ્હાઇટ કલરની પોલકા ડોટ પણ ક્રિએટ કરી શકો છો. જો તમારી ઇચ્છા બ્લેક પોલકા ડોટ બનાવવાની હોય તો તમે કોઇ લાઇટ શેડ પર આ પ્રિન્ટ ટ્રાય કરી શકો છો.

## મિક્સ નેઇલ આર્ટ

જો તમને એક સાથે અનેક નેઇલ પેઇન્ટ લગાવવાનો શોખ હોય તો આ આર્ટ તમારા માટે છે. એ માટે તમારે સૌથી પહેલાં નખ પર વ્હાઇટ નેઇલ પેઇન્ટનો બેઝ લગાવવાનો હોય છે. એ પછી તમારા મનગમતા રંગોની આડીઅવળી લીટી બનાવો. તમારું મન કરે એવી લાઇન બનાવો.



# એન્ટિ એજિંગ ક્રીમનો ઉપયોગ ક્યારે કરવો?

અત્યારની ફાસ્ટ લાઈફને કારણે દરેક વ્યક્તિનું જીવન વધારે વ્યસ્ત થઈ ગયું છે. એમાંય ખાસ કરીને મહિલાઓનું. ઘર અને કરિયરને બેલેન્સ કરતી સ્ત્રી પોતાની ત્વચાની સારસંભાળ નિયમિત રીતે રાખી શકતી નથી. કામનું ટેન્શન અને ખોરાકની અસર પણ ત્વચા પર પડે છે. ટૂંકમાં, એવું કહી શકાય કે બદલાયેલી લાઈફસ્ટાઈલને કારણે હેલ્થની કેર કરવી અત્યારે જરૂરી બની ગયું છે. જો ધ્યાન રાખવામાં ન આવે તો એની સીધી અસર ત્વચા પર પડે એ સ્વાભાવિક છે. પરિણામે સ્ત્રીઓના ચહેરા ઉપર સમય કરતાં પહેલાં જ ઉંમરનો આભાસ થવા લાગે છે.

બીજી બાજુ સ્ત્રીઓ હંમેશાં એવું ઈચ્છતી હોય છે કે તે કાયમ યંગ દેખાય. કમ સે કમ પચાસી વટાવે ત્યાં સુધી તો સ્ત્રી પોતાની જાતને યંગ ફીલ કરી શકે અને તેનો ચહેરો એની ઉંમરની ચાડી ન ખાય તેવી આશા તેમને હોય જ છે. આ આશા પૂરી કરવા માટે તમારે તમારી ત્વચાની ખાસ કાળજી રાખવાની જરૂર છે. ખાસ કરીને અમુક ઉંમર થાય તે પછી ત્વચાની કાળજી રાખવી અગત્યની બની જતી હોય છે. હા, પહેલાં કરતાં બ્યુટી પ્રોડક્ટ્સ વધી છે, પરંતુ ઘણી વખત ક્યારે કઈ પ્રોડક્ટનો ઉપયોગ કરવો જોઈએ એનો યુવતીઓને ખ્યાલ હોતો નથી.

ત્વચાને યંગ રાખવા નિયમિત એન્ટિ એજિંગ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરતી વખતે એક વાત ખાસ યાદ રાખવી કે જો તમે નાઈટ ક્રીમ લઈ રહ્યાં હોવ તો તેને રાતના સમયે જ વાપરવી જોઈએ. એનો ઉપયોગ દિવસના સમયે ન કરવો જોઈએ. દિવસે તેનો ઉપયોગ કરશો તો તેની અસર ત્વચા ઉપર દેખાશે નહીં. એન્ટિ એજિંગ ક્રીમ ફેસવોશ કર્યા બાદ લગાવવી. સારું રિઝલ્ટ જોઈતું હોય તો સારી કંપનીની એન્ટિ એજિંગ ખરીદવાનું પસંદ કરવું જોઈએ. બીજું એમાં નાઈટ ક્રીમ લગાવવી જોઈએ.

## અપનાવો આ ઘરેલું ટીપ્સ



- એક ચમચો મેથી દાણામાં એક કપ પાણી નાખી ઉકાળી સવાર-સાંજ પીવાથી અસ્થમામાં રાહત થાય છે.કાંદા-લસણ-ટામેટાની ગ્રેવી બનાવી તેમાં પનીર ખમણીને નાખવાથી સ્વાદિષ્ટ શાક તૈયાર થાય છે.
- રાતના સૂતી વખતે ગરમ પાણીમાં થોડું મીઠું નાખી પીવાથી કબજિયાતથી રાહત થાય છે.
- દોઢથી બે તોલાભાર મેથી અથવા મેથી પાવડર પલાળીને લેવાથી વા મટે છે.
- હળદર અને ખાંડ એક એક ચમચી લઇ ફાકી મારવી. તેના પર ગરમ દૂધ ધીમે ધીમે પીવાથી વધેલા કાકડા બેસી જાય છે.
- પા ચમચી અજમા સાથે એક ચમચી આદુનો રસ સવારે અને રાતના લેવાથી કરમ મટે છે. તુલસીનો રસ ત્રણ ગ્રામ, આદુનો રસ ત્રણ ગ્રામ અન એક ચમચી મધ લેવાથી કફથી રાહત થાય છે.
- બાફેલા કાંદામાં મીઠું નાખી તેની પોટીસ બનાવી ગુમડા પર બાંધવાથી ગુમડું ફૂટી જાય છે.
- છાશ વડે મોં ધોવાથી ચહેરા પરના ખીલના ડાઘા તથા કાળાશ દૂર થાય છે.
- વાગેલા ઘા પર હળદર દબાવી દેવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે અને ઘા પાકતો નથી.
- સફેદ ઢોકળાનો આથો આપતી વખતે તેમાં મલાઇ નાખવાથી ઢોકળા મુલાયમ પોચા થાય છે.
- કેળાને છુંદી ચહેરા પર લગાડવાથી ચહેરા પરના ધૂળ-માટી તથા મૃત ત્વચા દૂર થઇ ચહેરો સ્વચ્છ થાય છે.
- શરદીને લીધે આવતા તાવમાં તુલસીના પાનનો રસ મધ સાથે ચાટવાથી રાહત થાય છે.
- ગ્રીલચીઝ સેન્ડવિચમાં ટામેટા-બટાકાના પૈતાની બદલે ઝીણાં સમારી તેમાં મીઠું તથા સેન્ડવિચ મસાલો ભેળવવાથી સેન્ડવિચનો સ્વાદ સારો આવે છે.
- પાણીપૂરીના પાણીમાં ખટાશ સાથે ગળપણ માટે સહેજ ગોલ નાકવો સ્વાદ વધુ સ્વાદિષ્ટ થશે.
- મેથીના મૂઠિયા બનાવતી વખતે લોટના પ્રમાણ કરતાં મેથીનું પ્રમાણ વધુ હોય તો મૂઠિયાનો સ્વાદ વધે છે. એટલે કે બાંધેલા લોટમાં મેથી સરખી દેખાવી જોઇએ.

**શીર્ષક : વૈશાખ**
**કવયિત્રી : હિના મોદી**

**વારંવાર વારંવાર...**
**સૂના હદયમાં બેઠેલ વૈશાખ પૂછે મને-**
**અષાઢ ક્યારે આવશે?**
**ગગન ગજાવવાને મલ્હાર ક્યારે**
**આવશે?**
**સૂના હૈયામાં લહેરાશે ગુલમહોર ;**
**મલકાશે લજ્જાશીલ લજામણી,**
**ત્યારે...?**
**વારંવાર O**
**સૂની આંખોમાં થશે સપનાનાં વાવેતર;**
**સૂર સરોવરમાં પ્રણય કરતી હશે સારસ**
**બેલડી,**
**ત્યારે...?**
**વારંવાર O**
**હૈયાથી આંખો સુધીનાં વિરહ પથ પર;**
**અશ્રુનાં બે બિંદુ વચ્ચે હશે પૂનમની**
**રાતલડી,**
**ત્યારે...?**
**વારંવાર O**

# શું રેન્સમવેરથી બચી શકાય છે?

રેન્સમવેર એ ક્રિપ્ટોવાયરોલોજી માલવેરનો એક પ્રકાર છે. અદ્યતન માલવેર ક્રિપ્ટોવાયરલ એક્સટોર્શન નામની તકનીકનો ઉપયોગ કરે છે. સૌથી વધુ પ્રચલિત હોય એવા રેન્સમવેર તરીકે **WannaCry, Petya, Bad Rabbit, SamSam, LockBit** છે.

ધંધામાં નુકશાની પહોચાડવા અને યુઝર્સના ડેટાની ચોરી કરવા હેકર્સ વધુને વધુ અસરકારક રેન્સમવેરનો ઉપયોગ કરતા હોય છે અને બદલામાં રૂપિયાની માંગણી કરતા હોય છે. રેન્સમવેરને એક માલવેર તરીકે પણ ઓળખવામાં આવે છે. જે તમારા કોમ્પ્યુટરમાં પ્રવેશી સીસ્ટમ ફાઈલ્સ સિવાય યુઝર્સની તમામ પર્સનલ ફાઈલ્સને એનક્રિપ્ટ કરે છે. જેને સરળ ભાષામાં સમજીએ તો હેકર્સ દ્વારા તમારા કોમ્પ્યુટર પર એટેક કરવામાં આવે છે અને તમારા ડેટાને લોક કરે છે. જેથી તમે જે-તે ફાઈલને વાંચી ન શકો. અને તેને ડીક્રીપ્ટ એટલેકે અન-લોક કરવા માટે હેકર્સ પાસે કી (વર્ચુઅલ ચાવી) ની માંગણી કરવી પડે છે અને બદલામાં અમુક રકમ ચુકવવાની હોય છે. આ રકમ મોટેભાગે બીટ-કોઈન ના રૂપે હોય છે. પરતું મોટેભાગે હેકર્સને રૂપિયા ચૂકવી દીધા બાદ પણ યુઝર્સને તેની ફાઈલ્સ તેના મૂળ રૂપમાં મળતી નથી.

સાયબર સિક્યુરિટી કંપની ગ્રુપ-આઈબી દ્વારા તાજેતરમાં કરાયેલા વિશ્લેષણમાં 2021 માં રેન્સમવેર હુમલા બમણાં થયા હોવાનું બહાર આવ્યું




છે. જ્યારે સાયબર સિક્યુરિટી વેન્ચર્સની આગાહી છે કે 2022 માં રેન્સમવેરના હુમલા દર 9 સેકંડમાં થશે. જેથી દરેક કોર્પોરેટ કંપની તથા હોમ યુઝર્સએ પોતાના ડેટાના રક્ષણ માટે અને રેન્સમવેરથી બચવાની તૈયારી કરવાની જરૂર છે.

(1) જેના માટે દરેક યુઝર્સએ પોતાની પર્સનલ સીસ્ટમને લોકલ નેટવર્કથી અલગ કરવાની જરૂર છે. વધુમાં આ સીસ્ટમ પર પૂરતા ટૂલ્સ એપ્લાય કરવાની જરૂર છે.

(2) તમારા બીઝનેસમાં રેન્સમવેરથી કોઈ નુકશાની થાય તો તેના માટે ભવિષ્યના નિર્ણય હાલમાં લેવાની જરૂર છે. જેમાં દરેક શક્ય પગલાની નોંધણી કરવી જરૂરી છે.

(3) સાયબર એટેકની જાણ કંપનીના CEO તથા કંપનીની સાયબર એજન્સીને કરો. ત્યારબાદ રેન્સમવેર એટેકનો વિગતવાર રીપોર્ટ સાયબર ક્રાઈમ ડીપાર્ટમેન્ટ અને લો-એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટને આપવું જરૂરી છે.

(4) બેકઅપ સીસ્ટમ માંથી ડેટાને પુનઃસ્થાપિત કરવાની યોજના બનાવવી જોઈએ. પરંતુ બેકઅપ ફાઈલ્સ પણ રેન્સમવેરથી એનક્રિપ્ટ ન થઈ જાય એની તકેદારી રાખવી જોઈએ.

(5) રેન્સમવેર એટેકની જાણ થતા જ સીસ્ટમ પર મોનીટરીંગ રાખવું અને જે-તે સિસ્ટમને નેટવર્ક માંથી દૂર કરી દેવું. રેન્સમવેરના પેચની માહિતી પણ મેળવી લેવી.

સાયબર એક્સપર્ટ તરીકે મારી સલાહ છે કે સીસ્ટમ બેકઅપ લેવાની ફરજ પાડવી જોઈએ. જેથી રેન્સમવેર એટેક થાય તો ડેટા રિકવરી સરળતાથી થઈ શકે.

beinghumanmj

# બોર્ડ અને નિગમમાં નિમણૂકોની ફાઈલ પર અનિર્ણાયકતાથી ભાજપીઓમાં અકળામણ

## ૮૦૦ હોદ્દા પર નિમણૂકો અટકી : સરકાર પાસે કુલ 1300 અરજી આવી

**અમદાવાદ**

ગુજરાતમાં ડિસેમ્બરમાં આવનારી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા સરકારી બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડેપ્યુટી ચેરમેન-ડિરેક્ટર-સભ્ય જેવા આશરે ૭૦૦ રાજકીય પદો ઉપર નિમણૂકો કરવા માટે ગત જાન્યુઆરીમાં ભાજપ પ્રદેશ કાર્યાલય દ્વારા વ્યક્તિગત ઇ-મેઇલથી 1,200 જેટલી અરજીઓ મગાવ્યા પછી તૈયાર થયેલી ફાઇલ, ભાજપના જાણકાર સૂત્રોના કહેવા પ્રમાણે, મુખ્યમંત્રી કાર્યાલયમાં ક્યારનીયે પડી છે, પણ એ અંગે હજી પ્રોસેસ નહીં શરૂ થતાં, પક્ષના આગેવાનોમાં હતાશા વ્યાપી છે.

પાર્ટીએ પહેલીવાર વ્યક્તિગત ઇ-મેઇલ કરીને મગાવેલા બાયોડેટામાં 1,200-1,300 અરજીઓ આવી છે, જેમાં ગ્રેડેશન મુજબ નામાવલિની પ્રોસેસ પૂરી કરી ક્યારનીયે ફાઇલ સીએમ કાર્યાલયમાં પહોંચી હોવા છતાં તે અંગે નિર્ણયમાં ઢીલ થતાં આગેવાનો અકળામણ અનુભવી રહ્યા છે. સૂત્રો કહે છે, ટોચની 60 જેટલી નિમણૂકો માટે માપદંડ બહુ સ્પષ્ટ છે, જેમને વિધાનસભાની સીટ આપવાની નથી અને ટિકિટ નહીં આપતા ચૂંટણીમાં નડી શકે તેવા આગેવાનોને જ બોર્ડ-નિગમોમાં ટોચના સ્થાને બેસાડવાના છે, ત્યારે આ મહત્ત્વની નિમણૂકો હમણાં રહેવા દઈ બાકીના પદો માટે તો હવે તબક્કાવાર નિમણૂકોની પ્રક્રિયા શરૂ કરવાનો સમય પાકી ચૂક્યો છે. દર વર્ષે વિધાનસભાની ચૂંટણી પહેલાં નિમણૂકો કરવામાં આવે જ છે.

# સિરિયલ બ્લાસ્ટ : સાબરમતી જેલમાં ટ્રાન્સફર આપવાની આરોપીની માગ

**અમદાવાદ**

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સામેલ ચાર આરોપીઓ પૈકી મુખ્ય સૂત્રધાર યાસીન ઉર્ફે વસીમ સમસુદ્દીન સીદીબાબા ઉર્ફે યાસીન ભટ્કલએ ચાર્જશીટની નકલો મેળવવા અને દિલ્હી તિહાર જેલથી અમદાવાદની જેલમાં ટ્રાન્સફ કરવા માટે અરજી કરી છે. આ મામલે કોર્ટમાં સુનાવણી પૂર્ણ થતા ખાસ જજ અંબાલાલ આર. પટેલે અરજી ઉપર ચુકાદો અનામત રાખ્યો છે.

26 જુલાઈ 2008ના રોજ થયેલા સિરિયલ બ્લાસ્ટ કેસમાં આરોપી મોહંમદએહમદ ઉર્ફે શાહરુખ ઉર્ફે યાસીન ઉર્ફે વસીમ ઝરાર સમસુદ્દીન સીદીકીબાબા ઉર્ફે વસીમ સમસુદ્દીન સીદીબાબા તરફથી કોર્ટમાં અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, સુરતના બ્લાસ્ટના કાવત્રાના કેસોમાં આરોપી તરીકે મારા નામનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે અમદાવાદના સિરિયલ બ્લાસ્ટના કેસોમાં આરોપી તરીકે પણ મારું નામ છે. અમારી ધરપકડ કરીને કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યા હતા તેની રિમાન્ડની નકલ મેળવવાની છે. સિરિયલ બ્લાસ્ટના કુલ 35 કેસોની ચાર્જશીટની નકલો તિહાર જેલ નંબર-3ની બેરેકમાં રાખી છે. અમોને હાલ તિહાર જેલ નંબર-2માં રાખેલ હોય તેની કોપી અમારી પાસે નથી.

# ઔદ્યોગિક ઘનકચરાનો ઉપયોગ કરવા ઉદ્યોગોને સરકારની અનુમતી

**અમદાવાદ**

કેન્દ્રિય પ્રદુષણ બોર્ડે નિયમમાં ફેરફાર કરીને એક ઉદ્યોગમાંથી નીકળતા પ્રદુષિત ઘનકચરાનો ઉપયોગ કરવા સામે મનાઈ ફરમાવતા ગત સપ્તાહમાં કરેલા પરિપત્ર સામે ગુજરાતના ઉદ્યોગો તરફથી રજૂઆત કરાતા આજે તે નિર્ણયને ઉલટાવીને તેનો ઉદ્યોગોને ઉપયોગ કરવા દેવાની છૂટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે આજે ઉદ્યોગે આ સંદર્ભે રજૂઆત કરવા માટે તેમને મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે વરસોથી આ પ્રક્રિયા ચાલે જ છે. હાલ ઉદ્યોગોને ઘન કચરાનો નિકાલ યોગ્ય રીતે કરવા છૂટ અપાઈ છે.

# ગુજરાતમાં GSECL સંચાલિત લિગ્નાઈટ આધારિત ચાર પાવર પ્લાન્ટ બંધ કરાયા

## ગુજરાતના વીજ ગ્રાહકને માથે રોજનો રૂ. 5 કરોડનો ખોટો બોજ

**અમદાવાદ**

લિગ્નાઈટથી સૌથી સસ્તી વીજળી પેદા કરી શકાતી હોવાનું પ્રસ્થાપિત થઈ ચૂક્યું હોવા છતાંય ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડની દેખરેખ હેઠળ ચાલતા લિગ્નાઈટ આધારિત ચાર પાવર પ્લાન્ટને ફરજિયાત બંધ કરી દેવામાં આવ્યા છે. તેને પરિણામે ગુજરાતના વીજ વપરાશકારોને માથે રોજનો રૂ. ૫ કરોડનો અને વરસનો રૂ. ૧૮૨૫ કરોડનો બિનજરૂરી ખર્ચ બોજ આવી રહ્યો છે. લિગ્નાઈટના પ્લાન્ટની મદદથી યુનિટદીઠ રૂ. ૩ના ખર્ચે વીજળી પેદા કરી શકાય છે. કુલ ૫૦૦ મેગાવોટ વીજળી પેદા કરવાની ક્ષમતા ધરાવતા બીએલટીપીએસના બે વીજ મથકોમાં એક પણ યુનિટ વીજળી પેદા કરવામાં આવતી નથી. તેવી જ રીતે ૧૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા કેએલટીપીએસના બે પાવર પ્લાન્ટને પણ ફરજિયાત બંધ રાખવામાં આવ્યા છે. હંમેશની માફક ગુજરાત વીજ નિયમન પંચ - જર્ક આ મુદ્દે મૌન સેવીને બેઠું હોવાથી ગુજરાત વીજ સંકટ તરફ ધકેલાઈ રહ્યું છે. તેમ જ ગુજરાતના ૧.૩૦ કરોડ વીજવપરાશકારોને માથે મોટી રકમના વીજ બિલનું ભારણ વધી રહ્યું છે.

# જીગ્નેશ મેવાણીની મુશ્કેલી વધી, કોર્ટે શનિવાર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલ્યા

**વડગામ**

મંગળવારે આસામના બારપેટા જિલ્લાની સ્થાનિક કોર્ટે મેવાણીને મહિલા પોલીસ કર્મચારી સાથે છેડછાડ કેસમાં 5 દિવસના પોલીસ રીમાન્ડ પર મોકલી દીધા છે. જ્યારે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગે આ સંદર્ભે ગુજરાત અને આસામની સરકાર પાસે જવાબ માંગ્યો છે.

વડાપ્રધાન મોદી વિરુદ્ધ વિવાદિત ટ્વીટ કરવાને લઈને કોર્ટે સોમવારે જ જીગ્નેશ મેવાણીને જામીન આપી દીધા હતા. જો કે જામીન મળ્યા બાદ જીગ્નેશ મેવાણી પર બીજા એક પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ કર્મચારી સાથે ગેરવર્તણૂંક કરવાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

# જ્ઞાતિ-જાતિમાં આપણે બધું ખતમ કરી નાખ્યું છે : હાઈકોર્ટની માર્મિક ટકોર

**સાબરકાંઠા**

અરવલ્લી જિલ્લાના એક વ્યક્તિએ તેની પત્નીને પરત મેળવવા માટે કરેલી હેબિયસ કોર્પસની અરજીમાં હાઈકોર્ટે ટકોર કરી છે કે, જ્ઞાતિ- જાતિમાં તો આપણે બધુ ખતમ કરી નાખ્યું છે. આ વલણના લીધે યુવાનોના જીવન મુશ્કેલીમાં મુકાય છે. જે દુર્ભાગ્યપૂર્ણ છે. હાઈકોર્ટના આદેશ બાદ, પોલીસે યુવતીને હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાઈ હતી. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. સુનાવણી દરમિયાન, હાઈકોર્ટના ધ્યાને એ વાત આવેલી કે છોકરી છે તે પટેલ છે અને છોકરો છે તે કચ્છી પટેલ છે. તેમના 'ગોળ' અલગ છે, જેના લીધે, છોકરીના પરિવારજનોને આ સંબંધ સ્વીકાર્ય નથી. સરકારી વકીલની રજૂઆત હતી કે, આ મહિલા તેના પતિ સાથે જવા માગતી નથી. હાઈકોર્ટે નિર્દેશ આપ્યો છે કે, એક વાર પતિ-પત્નીને મળવા દો અને પછી આ અંગે નિર્ણય લેશુ. જો, મહિલા તેના પતિ સાથે જવા તૈયાર ન હોય તો પછી છૂટાછેડા માટે સંબંધિત ફેમિલી કોર્ટમાં અરજી કરી શકો છો.

હાઈકોર્ટમાં અરજદારના વકીલની રજૂઆત હતી કે, અરજદારે થોડા સમય પહેલા તેની સ્ત્રીમિત્ર સાથે કાયદાકીય રીતે લગ્ન કરેલા છે. જેની નોંધણી પણ કરાવવામાં આવેલી છે અને આ સર્ટીફિકેટ હાઈકોર્ટ સમક્ષ રજૂ પણ કરાયેલુ છે.

# અમદાવાદ આઈશા આત્મહત્યા કેસ, સેશન્સ કોર્ટે પતિ આરીફને 10 વર્ષની સજા ફટકારી

## આઇશાએ પતિના ત્રાસના કારણે વીડિયો બનાવતા નદીમાં છલાંગ લગાવી હતી

**અમદાવાદ**

એ પ્યારી સી નદી કો પ્રે કરતે હે કી વો મુજે સુકુન દે આ શબ્દો બોલી અને પતિના ત્રાસ છતાં તેના વિશે પ્રેમના શબ્દો બોલી હસતાં મોઢે વીડિયોમાં પોતાનું દુઃખ છુપાવી આયેશાએ ગત વર્ષે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના દિવસે આ ફાની દુનિયા છોડી હતી. તેણે દુનિયા છોડતા પહેલા પણ પોતાનું સર્વસ્વ જેને ગણતી હતી તે પતિને ફોન કર્યો હતો અને મરી જવાની વાત કરી હતી. જોકે પતિએ જે નિરસ રીતે



જવાબ આપ્યો હતો તે બાદ તેણે એક વીડિયો બનાવીની જીવનનો અંત આણ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ત્યારે ખૂબ જ વાયરલ થયો હતો. આ કેસમાં અમદાવાદ સેશન્સ કોર્ટે આરોપી આરીફ દોષિત જાહેર કરી ૧૦ વર્ષ સજા ફટકારી દીધી છે. કોર્ટે આયેશાના અંતિમ વિડીઓને મહત્વનો પુરાવો ગણીને સજા ફટકારતાં એ પણ નોંધ્યું કે સમાજમાં ઘરેલુ હિંસા ઘટાડવા આરોપીને બક્ષી શકાય નહીં. આ ઉપરાંત આયેશાના મોબાઈલમાં રહેલા રેકોર્ડિંગ માટે આરોપીનો વોઇઝ ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો જેના રિપોર્ટને મહત્વનો પુરાવો ગણ્યો હતો.

# રમઝાન મહિનામાં મુસ્લિમ યુવકે અંગદાન કરી 'માનવતા' મહેકાવી

**અમદાવાદ**

કચ્છ જિલ્લાના 25 વર્ષીય મુસ્લિમ યુવકને માર્ગ અકસ્માત નડ્યો હતો. જે બાદ અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન તેને બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો. સિવિલ હોસ્પિટલની SOTTOની ટીમે પરિવારજનોને અંગદાન માટે સમજાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કેટલાક સમાજ-ધર્મ-વર્ગમાં જુદા જુદા અથવા અગમ્ય કારણોસર અંગદાન સ્વીકાર્ય નથી. એ સમાજમાંથી આ યુવકનો પરિવાર હોવા છતા સિવિલ હોસ્પિટલના તબીબોની સમજાવટના પગલે અબ્દુલના પરિવારે 'માન્યતા' કરતા 'માનવતા'ને મહત્વ આપ્યું. રમઝાનના પવિત્ર માસમાં મુસ્લિમ સમાજના યુવકના પરિવારજનોએ અંગદાનનો પાક નિર્ણય કરીને પરવરદિગારને ઈબાદત સમર્પિત કરી છે.

# 'ત્રણેય સંતાનો મારા નથી, DNA ટેસ્ટ કરાવવા પડશે', શંકાશીલ પતિનો આક્ષેપ

**અમદાવાદ**

શહેરના જુહાપુરામાં રહેતી ૩૭ વર્ષીય પરિણીતાએ તેના પતિ વિરૂધ્ધ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપ કરતી ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ પતિ તેના ચારિત્ર્ય પર શંકા રાખીને કહેતો હતો કે લગ્ન જીવનમાં જન્મેલા ત્રણેય સંતાનો કોઇ બીજાના છે. માટે ડીએનએ ટેસ્ટ કરાવવો પડશે. એટલું જ નહી બીજાના મોબાઈલથી પત્નીના મોબાઈલ પર વાંધાજનક મેસજ કરીને પત્ની પર ખોટા આક્ષેપ કરતો હતો. સાથેસાથે તેના ભાઈ પાસેથી ધંધો કરવા માટે બે લાખ રૂપિયાની માંગણી કરતો હતો. આ તમામ બાબતોમાં મહિલાના સાસરિયાઓ તેના પતિને સમજાવવાના બદલે મહિલા સાથે જ ગેરવર્તન કરતા હોવાથી છેવટે કંટાળીને પોલીસમાં દાદ માંગતી ફરિયાદ કરી હતી. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. રઝીયાબાનુ શેખ હાલ સરદાર સ્મૃતિ સોસાયટીમાં તેમના ભાઈ સાથે રહે છે. તેમના લગ્ન વર્ષ ૨૦૦૫માં દરિયાપુરમાં ડબગરવાડમાં આવેલી ચંગીશ પોળમાં રહેતા સીરાજ શેખ સાથે થયા હતા. જેમાં ત સયુક્ત કુટુંબમાં રહેતી હતી. લગ્નજીવન દરમિયાન તેમને ત્રણ સંતાનોના જન્મ થયો હતો.

# હાર્દિક પટેલ સામેનો કેસ પરત ખેંચવા સરકારની રિવીઝન અરજી

**અમદાવાદ**

ગુજરાતમાં વર્ષ ૨૦૧૫માં થયેલા પાટીદાર અનામત આંદોલન સમયના તોફાન બાદ હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓ અને અન્ય લોકો સામે વિવિધ સ્થળો પર પોલીસ કેસ નોંધવામાં આવ્યા હતા. જેમાં રામોલમાં ભાજપ કોર્પોરેટરના ઘર પર હુમલાના કેસમાં વર્ષ ૨૦૧૭માં હાર્દિક પટેલ સહિત ૧૭ વ્યક્તિઓ સામે કેસ નોંધાયો હતો. આ કેસ પરત ખેંચવાની રાજ્ય સરકારની અરજી મેજિસ્ટ્રેટ કોર્ટે ફગાવતા હવે સરકારે સેશન્સ કોર્ટમાં રિવીઝન અરજી કરી છે અને મેજિસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો રદ કરવા માંગણી કરી છે. રાજ્ય સરકારે આપેલી રિવીઝન અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે રાજ્યના ગૃહવિભાગે પાટીદાર આંદોલન સમયના પોલીસ કેસ પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે.

# વિસાવદરમાં ખેડૂતોની કંપની ૪૦૦૦ વિઘામાં ખેતી કરી ઉપજનો વેપાર કરશે

## ઉત્પાદનનો પોષણક્ષમ ભાવ મેળવવા 306 ખેડૂતોએ મળીને કંપની બનાવી

**અમદાવાદ**

મહિનાઓ સુધી મહેનત કરીને અનાજ અને શાકભાજી કે તેલિબિયાં પેદા કરનારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા હોવાથી સહિયારી ખેતી અને સહિયારો વેપાર કરવાના ઈરાદા સાથે વિસાવદર પંથકના ૩૦૬ ખેડૂતોએ ૪૦૦૦ વિઘા જમીનમાં ખેતી કરીને તેના પાકનું વેચાણ પણ પોતાની જ કંપની મારફતે થાય તે માટે એક કંપનીની સ્થાપના કરી છે. વિસાવદર તાલુકા ખેત સહકારી મંડળી લિમિટેડ નામથી કંપનીની સ્થાપના કરવામાં આવી છે. ૩૦૬ ખેડૂતોને આ કંપનીના સભાસદ એટલે કે શેરહોલ્ડર બનાવવામાં આવ્યા છે.

છ મહિના રાતદિવસ એક કરનારા ખેડૂતોને સાઠ રૂપિયા પણ ન મળે અને છ કલાક ખેલ કરીને ૬૦૦ કમાઈ લેતા વેપારીઓનો પ્રતિકાર કરવા માટે ખેડૂતોએ તેમની પોતાની ઉપજનો પોતે જ વેપાર કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે તેઓ પોતાની એક અલગ બ્રાન્ડ પણ બનાવે તેવી સંભાવનાને નકારી શકાતી નથી. વેપારીઓની સંગ્રહખોરી અને નફાખોરીથી બચવા માટે પણ આ કંપની પોતાની રીતે સીધો બજારમાં જ વેપાર કરશે.

ખેડૂતો દ્વારા પકવવામાં આવેલા માલનું શોર્ટિંગ અને ગ્રેડિંગ કરવાની તથા તેનું પેકિંગ કરવાની કામગીરી પણ આ જ કંપની કરશે. તેની સાથે સાથે બ્રાન્ડિંગનું આયોજન કરી વેલ્યુ એડિશન પણ કરશે. ૩૦૬ ખેડૂતોની જમીનની પરિસરમાં જ તેઓ શોર્ટિંગ, ગ્રેડિંગ માટેના એકમો અને પેકિંગ માટેના એકમો તૈયાર કરશે.

## ઓઢણીથી બાંધેલી યુવાન અને યુવતીની લાશ કેનાલમાંથી મળી

**જરોદ**

રુમીપુરા ગામ પાસેની નર્મદા બ્રાંચ કેનાલના ગેટ પાસે યુવક અને યુવતીની લાશ આવીને અટકી ગઈ છે તેવી જાણ સ્થાનિક લોકોને થતા વાઘોડિયા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બંનેની લાશ બહાર કઢાવી હતી. આશરે ૩૦થી ૩૫ વર્ષની વયના યુવાન અને ૨૫થી ૩૦ વર્ષની યુવતીના હાથ ઓઢણીથી બાંધેલા હતાં. પોલીસે બંનેની લાશને પીએમ માટે જરોદ રેફરલ ખસેડી હતી. તે બાદ પોલીસે જણાવ્યું હતું કે આશરે પાંચ દિવસ જૂની બંનેની લાશ હોવાથી ડિકમ્પોઝ થઈ ગઈ હોવાથી બંનેની ઓળખ મૂશ્કેલ બની છે.

## ઠાસરાના ઢુંડી ગામે લગ્નના વરઘોડામાં જૂથ અથડામણ : સામસામે પથ્થરમારો

**નડિયાદ**

ઠાસરા તાલુકાના ઢુંડી ગામે બુધવારે સવારે નીકળેલા વરઘોડા દરમ્યાન ગામના બે સમાજના જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. ચૂંટણીની જૂની અદાવતમાં મામલો બીચકતા પથ્થર મારો થયો હતો. આ ઘટનાની જાણ ઠાસરા પોલીસને થતા પોલીસની આખી ટીમ ઘટના સ્થળે ઉમટી પડી હતી. અને બંને કોમના જવાબદાર શખ્સોને પકડીને પોલીસ મથકે લઈ ગયા હતા.

ઢુંડી ગામે બુધવારે સવારે ડીજેના તાલે ચાવડા સમાજના એક સ્થાનિકનો જવારાનો વરઘોડો નીકળ્યો હતો. તે સમયે ગામના ચાવડા સમાજ અને પરમાર સમાજ વચ્ચે પહેલા તો ડીજે વગાવડા બાબતે ઝઘડો શરુ થયો હતો. ત્યારબાદ ચૂંટણીની જુની અદાવતમાં અને સોશ્યલ મીડીયા પર થયેલ કોમેન્ટો બાબતે મામલો ઉગ્ર બન્યો હતો અને પત્થરમારો શરુ થયો હતો. લાલ ઈંટના ઢેખાડાથી સામસામે પત્થરમારો થતા અનેક લોકોને ઈજાઓ પહોંચી હતી. જો કે આ ઘટનાથી વાતાવરણ તંગ બન્યું હતુ અને સ્થાનિક પોલીસને જાણ કરતા પોલીસની ટીમ ઢૂંડી ગામે ઉતરી પડી હતી. ઠાસરા પોલીસે ઘટના સ્થળે આવી બંને સમાજના પત્થરમારો કરનારા લોકોને પકડીને પોલીસ મથકે લઈ ગયા હતા.

# ડીસામાં મૂકબધિર કિશોરી પર રેપ કરી હત્યા કરનારા નરાધમને ફાંસીની સજા

**ડીસા**

ડીસામાં એક મૂકબધિર કિશોરી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરનારા નરાધમને ફાંસીની સજા આપવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસામાં દોઢ વર્ષ પહેલા એક મૂકબધિર કિશોરી પર પાશવી બળાત્કાર ગુજારીને તેની હત્યા કરનારા નીતિન માળી નામના આરોપીને ડીસા એડિશનલ સેશન્સ કોર્ટે ફાંસીની સજા સંભળાવી છે. ડીસા કોર્ટના ઈતિહાસમાં આ પ્રથમ કેસ છે જેમાં આરોપીને ફાંસીની સજા સંભળાવવામાં આવી છે.

ડીસાની કોર્ટે અત્યંત ઝડપથી આ કેસ ચલાવ્યો છે અને અંતે નરાધમને સજા ફટકારી છે. ડીસામાં દોષ વર્ષ અગાઉ આરોપીએ 11 વર્ષીય મૂકબધિર કિશોરીનું અપહરણ કર્યું હતું અને તેને અવાવરૂ જગ્યામાં લઈ ગયો હતો. જ્યાં તેણે કિશોરી સાથે બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં તેની હત્યા કરી દીધી હતી. જેને લઈને ડીસા જ નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં આઘાત અને રોષની લાગણી વ્યાપી ગઈ હતી. પોલીસે આરોપી સામે પોક્સો 376 અને 302 અંતર્ગત કેસ નોંધ્યો હતો.

ડીસામાં 2020માં 16 ઓક્ટોબરે ડીસામાં શખસે 11 વર્ષીય મૂકબધિર કિશોરીનું અપહરણ કર્યું હતું. પોતાની દીકરી ગાયબ હોવાના કારણે પરિવારજનોએ આખી રાત તેની શોધખોળ કરી હતી. જોકે, તેમને પોતાની દીકરી મળી ન હતી. અંતે પરિવારે પોલીસને જાણ કરી હતી. પોલીસે પણ ઘટનાની ગંભીરતા જોતાં તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા અને તેમાં એક શખસ કિશોરીને લઈને જતો જોવા મળે છે.

## હાઈબોન્ડ સિમેન્ટ ફેક્ટરીની કેમિકલ ટેન્કમાં બ્લાસ્ટ થતાં ત્રણ કામદારોના મૃત્યુ

**ગોંડલ**

ગોંડલ નજીક નેશનલ હાઈ-વે પર ગોમટા ચોકડી નજીક આવેલી હાઈબોન્ડ સિમેન્ટ ફેક્ટરીમાં મંગળવારે સવારે પાંચ વાગ્યાના અરસામાં શ્રમિકો આશિષ હમીરભાઈ સોલંકી (રહે. દેવલપુર, તા.કોડિનાર) અમરનાથ શિવઆધાર વિશ્વકર્મા (રહે. બલવાઈ-યુપી) તથા રાહુલ જેશાભાઈ કંપાણીયા (રહે. સુત્રાપાડા) કેમિકલની ટેન્કમાં વેલ્ડિંગ કરી રહ્યા હતા. ત્યારે અચાનક ટેન્ક ધડાકાભેર ફાટતા ત્રણેય કામદારોને ગંભીર ઈજા પહોંચી હતી. ત્રણેય ઈજાગ્રસ્ત શ્રમિકોને ગોંડલની સિવિલ હોસ્પિટલ ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ફેક્ટરીમાં અંદાજે 500 જેટલા કર્મચારીઓ કામ કરે છે. પૈકી નાઈટ શિફ્ટમાં 150 જેટલાકા કામદારો કામ કરી રહ્યા હતા.

## વિસાવદર તાલુકા પંચાયતનાં પ્રમુખની ચેમ્બરમાં ભાજપના આગેવાનો બાખડી પડ્યા

**વિસાવદર**

ગત તારીખ 12 એપ્રિલના રતાંગ ગામના પૂર્વ સરપંચ એવા વિસાવદર માર્કેટીંગ યાર્ડના ડિરેક્ટર અરવિંદભાઈ સાંગાણી તાલુકા પંચાયતના પ્રમુખની ચેમ્બરમાં ગયા હતા ત્યારે ત્યાં તાલુકા પંચાયતના સભ્યના પતિ અશોક માળવીયાએ કહેલ કે તું અમારા ગામની ગ્રાન્ટ માટે કેમ પૂછપરછ કરે છે તેમ કહી ઝઘડો કરવા લાગેલ અને ભાજપ અગ્રણી અરવિંદભાઈને ગાલ ઉપર ચાર પાંચ લાફા મારી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ સમયે ખુદ તાલુકા પંચાયતના પ્રમુખ નિતીન કપુરીયા અને અન્ય ગામના સરપંચોએ અરવિંદભાઈને માર ખાતા છોડાવેલ હતા. ત્યારબાદ અશોક માળવીયાએ અરવિંદ સાંગાણીને તુ ક્યાંય રસ્તામાં પણ સામો મળતો નહીં નહીતર તને મારી નાખીશ તેવી પણ ધમકી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત: ખેલો ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીમાં કલ્યાણી સક્સેનાએ તરણમાં ગોલ્ડ જીત્યો

સુરત : બેંગ્લોર ખાતે જૈન યુનિવર્સિટીમાં ખેલો ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીનું આયોજન કરવામાં આવ્યું છે.આ આયોજન ૨૫ થી ૨૮ એપ્રિલ સુધી રાખવામાં આવ્યું છે. જેમાં તરણ સ્પર્ધામાં સુરતની કલ્યાણી સક્સેનાએ ૨૦૦ મીટર બટરફલાયમાં પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. કલ્યાણીએ ગતરોજ પણ એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારી અને જલપરી અને ડોલ્ફિન ગર્લ તરીકે ઓળખાતી કલ્યાણી સક્સેનાએ ખેલો ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીની તરણ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. કલ્યાણીએ ૨૦૦ મીટર બટર ફલાઈમાં ૨:૩૧:૯૮ સમય સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે કલ્યાણીએ ગતરોજ પણ ૧ ગોલ્ડ, ૧ બોઝ મેડલ જીત્યો છે.આ સ્પર્ધામાં ૧૪૦ યુનિવર્સિટી અને ૯૧૦ કોલેજે ભાગ લીધો છે. તરણવીરોના બહેનોના ગ્રુપ કલ્યાણીએ બાજી મારી છે. ગત રોજ ૨૦૦ મીટર બેસસટોકમાં ૨:૪૯:૨૪ સમય સાથે બ્રોન્ઝ મેડલ અને ૪૦૦ મીટર આઈ.એમમાં ૫:૨૪:૪૦ સમય સાથે ગોલ્ડ મેડલ મેળવી નવો રેકોર્ડ બનાવ્યો છે.

### રાજકોટ નાગરિક સહકારી બેન્કને ભારતીય રિઝર્વ બેન્કે 12 લાખનો દંડ કર્યો

અમદાવાદ: મૃતક વ્યક્તિના કરન્ટ એકાઉન્ટમાં પડી રહેલી સિલક પર અને વ્યક્તિગત માલિકીની કંપનીના એકાઉન્ટમાં પડી રહેલી રકમ પર વ્યાજની ચૂકવણી કરવાના રિઝર્વ બેન્કના આદેશનું સતત ઉલ્લંઘન કરવા બદલ રિઝર્વ બેન્કે આજે રાજકોટ નાગરિક સહકારી બેન્કને રૂ. ૧૨ લાખનો દંડ કર્યો છે. રિઝર્વ બેન્કે કરેલી તપાસ દરમિયાન આ હકીકત બહાર આવી હતી. આ હકીકત બહાર આવ્યા પછી રાજકોટ નાગરિક સહકારી બેન્કને કારણદર્શન નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસના જવાબમાં બેન્ક દ્વારા કરવામાં આવેલો ખુલાસો સંતોષજનક ન જણાતા બેન્કને રૂા.૧૨ લાખનો દંડ કરવામાં આવ્યો હતો.

### આપને વધારે એક ગઢવી મળ્યાં, 300 કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસમાંથી પ્રયાણ કર્યું

ગાંધીનગર : કોંગ્રેસ નેતા કૈલાશ ગઢવીએ અગાઉ પણ એક ટ્વિટ કરીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. હવે પાર્ટીમાં થાક બહુ લાગ્યો છે, ચાલો કંઈક નવું કરીએ. સત્તા મેળવવા કે સરકાર બનાવવાના કટ્ટર સંકલ્પના અભાવમાં છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસનું નેતૃત્વ ગુજરાતમાં સરકાર બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. જેના કારણે સૌથી વધારે નુકસાન જમીન સાથે જોડાયેલા કાર્યકર્તાઓને જ થયું છે. ચાર્ટડ એકાઉન્ટન્ટ કૈલાશ ગઢવીના અનુસાર મને કોંગ્રેસમાં નવસર્જન કે નવો દોરી સંચાર જેવું કંઇ જોવા નથી મળતું. એ જ બીબાઢાળ કોંગ્રેસ હોવાના કારણે હવે હું 300 જેટલા કાર્યકતા સાથે આમ આદમી પાર્ટીમાં સાથે જોડાણ કરીશ. અત્રે ઉલ્લેખનીય છે કે, કૈલાશ ગઢવીએ અગાઉ દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત યોજી હતી. તે વખતે કોંગેસના સિનીયર નેતાએ આપમાં જવાનું નક્કી કર્યું હતું. કૈલાશ ગઢવી અગાઉ કોંગ્રેસમાં પ્રવકતા પણ રહી ચુક્યા છે.

### કલોલમાં કપિરાજનો આતંક યથાવત વધુ ચારને કરડતા ભયનો માહોલ

કલોલ : કલોલમાં વાંદરાનો આતંક સતત બીજા દિવસે પણ યથાવત રહ્યો છે. રવિવારે એક વ્યક્તિનો હાથ કરડી ખાધા બાદ સોમવારે પણ વાંદરાએ ત્રણ લોકોને પોતાના નિશાન બનાવ્યા હતા. જેને લઈને સ્થાનિકોનો જીવ પડીકે બંધાઈ ગયો છે. વાહન લઈને પસાર થતા લોકોની પાછળ વાનરો દોડ લગાવી તેમને જમીન પર પટકી દે છે તેવી ફરિયાદો પણ સામે આવી છે. જેને લઈને બે પાંજરા મંગાવી વાંદરાઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં બે વાંદરાઓને પકડી લેવામાં ટિમને સફળતા મળી છે. કલોલ પૂર્વમાં આવેલ પાણીની ટાંકી પાસે તોફાને ચડેલા વાનરોએ ચાર વ્યક્તિઓને બચકા ભરી ઇજા પહોંચાડી છે. એક વૃદ્ધને માથાના ભાગે તેમજ આધેડને બંને પગે બચકું ભરી લોહીલુહાણ કરી દીધા હતા.

### સિહોરના રામધરીના મૃતક મહિલાનો કોંગો ફીવરનો રીપોર્ટ પોઝિટિવ આવતા દોડધામ

ભાવનગર : ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના રામધરી ગામે રહેતા એક મહિલાનુ બે દિવસ પૂર્વે કોંગો ફીવરથી મોત થયા હોવાની શંકાના પગલે તેના રીપોર્ટ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતાં. આ રીપોર્ટ શનિવારે પોઝિટિવ આવતા દોડધામ મચી જવા પામી હતી. આરોગ્ય વિભાગની ટીમે સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી અને ઇતરડીના નમુના લેવામાં આવ્યા હતાં. સિહોર તાલુકાના રામધરી ગામે રહેતા એક ૫૫ વર્ષના મહિલાની તબીયત ગત તા. ૧૯ એપ્રિલે બગડી હતી તેથી તેઓને સ્થાનીક કક્ષાએ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી પરંતુ ત્યારબાદ તેઓની તબીયત વધુ બગડતા ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ શહેરની સર તખ્તસિંહજી હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જયાં મહિલાનુ ગત તા. ૨૧ એપ્રિલે સવારે ૧૧ કલાકના સમય આસપાસ મોત નિપજયુ હતું.

# ભાજપ અત્યારથી જ 'મિશન - 2024'ની તૈયારીમાં લાગ્યો: 'વીક બૂથ કમિટી' રચી

## કમિટિમાં 4 કાર્યકર્તાઓ રહેશે, તેમનો હેતુ ભાજપ નિર્બળ છે ત્યાં તેની શક્તિ વધારવાનો રહેશે

**નવી દિલ્હી**

રાષ્ટ્રના શાસક પક્ષ ભાજપે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓ શરૂ કરી દીધી છે તેણે 'બૂથ કમિટી'ઓ રચી છે. તથા વોર્ડ પ્રમુખોને સતર્ક કરી દીધા છે હવે તેણે 'વીક બૂથ કમિટી' (સાપ્તાહિક બૂથ કમિટી) રચવા નિર્ણય લીધો છે. આ દ્વારા પક્ષ દેશભરના તે બૂથો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે કે જ્યાં ભાજપ હજી સુધી નિર્બળ રહ્યો છે. આ અંગે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દિલીપ ઘોષે કહ્યું હતું કે, 'ભાજપે વીક બૂથ કમિટીઓની રચના કરવાનો નિર્ણય લીધો છે. દેશભરમાં



આ કમિટીઓમાં ૪ કાર્યકરોને સામેલ કરાશે તે કમિટીઓનો હેતુ તે છે કે જે બૂથો પર ભાજપ નિર્બળ છે ત્યાં તેની તાકાત વધારવી. તેઓએ વધુમાં કહ્યું હતું કે, ૨૦૨૪ની સામાન્ય (લોકસભા) ની ચૂંટણી પહેલા અમે આ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના છીએ.'

આ સાથે તેમણે કહ્યું હતું કે, અમોને આશા છે કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં સફળતા મેળવીશું. આજે (સોમવારે) ભાજપના અન્ય રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી વૈજયંત પાંડાના નેતૃત્વ નીચે મળેલી બેઠકમાં દિલીપ ઘોષ, સી.ટી. રવિ ઉપરાંત પક્ષના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત હતા દિલીપ ઘોષે જણાવ્યું હતું ૨૦૨૪માં સામાન્ય ચૂંટણીઓ આવવાની છે તે પહેલાં સંગઠનમાં જે ખામીઓ દેખાય છે તે દૂર કરવામાં આવશે.

# ઝારખંડમાં બદલો લેવા 10 વર્ષની બાળકી પર 6 જણાનો બળાત્કાર

**રાંચી**

ઝારખંડમાં ખૂંટી જિલ્લાના તોરપા બ્લોક ખાતેથી એક ખૂબ જ હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. લગ્ન સમારંભ દરમિયાન આપસી મતભેદ બાદ 6 જેટલા સગીરોએ યોજનાબદ્ધ રીતે એક 10 વર્ષીય માસૂમ બાળકી સાથે સામૂહિક દુષ્કર્મ કર્યું હતું. આ બનાવ અંગેની સૂચના મળ્યા બાદ પોલીસે તમામ આરોપીઓને બાલસુધાર ગૃહમાં મોકલી આપ્યા છે.

આ અંગે પંચાયતમાં ઉકેલ ન આવવાથી પીડિત બાળકીની માતાએ તપકરા થાણા ખાતે FIR દાખલ કરાવી હતી અને શુક્રવારે સમગ્ર બનાવ જાહેર થયો હતો. ખૂંટીના તપકરા થાણાના પ્રભારી સત્યજીત કુમારે જણાવ્યું કે, FIR નોંધાવાયા બાદ પોલીસે શુક્રવારે જ 5 સગીરોને ઝડપી લીધા હતા જ્યારે એક સગીર રવિવારે હાથમાં આવ્યો હતો. આરોપી અને પીડિતા સૌ આદિવાસી સમુદાયના છે. બુધવારે નજીકના એક ગામમાં લગ્ન હતા અને 10 વર્ષીય પીડિતા પણ તેમાં સામેલ થવા માટે ગઈ હતી. લગ્ન દરમિયાન બાળકીને જાનમાં આવેલા કેટલાક છોકરાઓ સાથે બોલાચાલી થઈ ગઈ હતી. ત્યાર બાદ રાત્રિના સમયે તેણી એકલી પોતાના ગામ પરત ફરી રહી હતી ત્યારે વિવાદમાં સામેલ 6 છોકરાઓએ યોજના ઘડીને તેનું અપહરણ કર્યું હતું.

# પૂર્વોત્તર ક્ષેત્રથી આફસ્પાને સંપૂર્ણ હટાવવાના પ્રયાસ ચાલુ : મોદી

## પૂર્વોત્તર રાજ્યોમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં સુધારાનો દાવો

**ગુવાહટી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે પૂર્વોત્તર ક્ષેત્રમાંથી આફસ્પાને સંપૂર્ણપણે હટાવવાના પ્રયાસો ચાલુ છે. દીફૂમાં 'શાંતિ, એકતા અને વિકાસ' રેલીને સંબોધતા, તેમણે કહ્યું કે આ પ્રદેશના વિવિધ ભાગોમાંથી આફસ્પા પાછી ખેંચી લેવામાં આવી શકે છે. કારણ કે છેલ્લા આઠ વર્ષમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો થયો છે. તેમણે કહ્યું હતું કે કાયદાના અમલીકરણથી ફેરફારો લાવવામાં આવતા વિસ્તારમાં હિંસામાં ૭૫ ટકા ઘટાડો થવા સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો થયો છે. તેમણે કહ્યું કે પહેલા ત્રિપુરામાં અને પછી મેઘાલયમાં આફસ્પા (એએફએસપીએ) હટાવવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે છેલ્લા ત્રણ દાયકામાં, આસામની અગાઉની સરકારોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં કોઈ સુધારો ન થવાને કારણે આફસ્પાને વારંવાર લંબાવ્યો હતો. છેલ્લા આઠ વર્ષમાં, સ્થિતિ નિયંત્રણમાં લાવવાના કારણે રાજ્યના મોટાભાગના ભાગોમાંથી આફસ્પા હટાવી દેવામાં આવ્યો છે.

# નવનીત રાણા દ્વારા દિલ્હી પોલીસ કમિશનરને પત્ર લખી ફરિયાદ, સંજય રાઉત સામે આરોપ

## હનુમાન ચાલીસાના વિવાદ બાદ સાંસદ જેલમાં : રાઉતે 420 કહીને બદનામ કરી

**મુંબઈ**

મુંબઈમાં માતોશ્રીની બહાર હનુમાન ચાલીસા વાંચવાની જાહેરાત બાદ વિવાદમાં આવેલા સાંસદ નવનીત રાણાએ શિવસેના નેતા સંજય રાઉત સામે દિલ્હી પોલીસ કમિશનરને ફરિયાદ કરી છે. નવનીત રાણાએ દિલ્હી પોલીસ કમિશનરને પત્ર લખીને શિવસેના સાંસદ પર જાતિ વિષયક શબ્દો કહી અપમાન કરવાનો આરોપ લગાવીને કાર્યવાહીની માંગ કરી છે. રાણાએ પોતાની ફરિયાદમાં કહ્યું છે કે સંજય




રાઉતે તેને 420 કહીને બદનામ કરી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે અમરાવતી લોકસભા મતવિસ્તાર અનુસૂચિત જાતિ માટે અનામત હોવાથી મેં 2014માં પહેલીવાર શિવસેનાના ઉમેદવાર સામે ચૂંટણી લડી હતી. મારી પહેલી ચૂંટણીથી જ શિવસેનાના ઉમેદવારો અને તેમના કાર્યકરો મને ધમકાવી રહ્યા છે અને મારી જાતિ અંગે ખોટા આક્ષેપો કરી રહ્યા છે. નવનીતે વધુમાં કહ્યું કે 2019ની લોકસભા ચૂંટણીમાં હું શિવસેનાને હરાવીને અનુસૂચિત જાતિ માટે અનામત અમરાવતી લોકસભા મતવિસ્તારમાંથી ચૂંટાયો હતો. ત્યારથી શિવસેનાના પ્રવક્તા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉત વારંવાર મારી વિરુદ્ધ બોલી રહ્યા છે.

# દેશના 12થી વધુ રાજ્યોમાં વીજ સંકટ, યુપીમાં સાત દિવસનો કોલસાનો સ્ટોક

## યુપી, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, ઝારખંડ સહિતના રાજ્યોમાં વીજ સંકટને જોતા વીજ કાપ શરૂ

**ચંડીગઢ**

ગરમી વધવાની સાથે જ વીજળીની માગ પણ વધી રહી છે. બીજી તરફ તેની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે જેના કારણે વીજ સંકટ ઘેરુ બની રહ્યું છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, ઝારખંડ સહીત દેશના અનેક રાજ્યોમાં વીજળી સંકટને જોતા વીજ કાપ શરૂ થઈ ગયો છે જેના કારણે લોકોને ઘણી મુશ્કેલી થઈ રહી છે. સૌથી વધારે વસ્તીવાળા ઉત્તરપ્રદેશમાં



કોલસાનો સ્ટોક પણ જરૂરતના પ્રમાણમાં માત્ર 26% જ બચ્યો છે. જેના કારણે વીજ સંકટ વધુ ઘેરું બનવાનો જોખમ વધી ગયો છે.

સંકટની વચ્ચે પ્રદેશના થર્મલ પાવર સ્ટેશનોની પાસે માત્ર એક ચતુર્થાંશ કોલસો જ બચ્યો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે એપ્રિલના પ્રથમ પખવાડિયામાં આકરી ગરમીને કારણે વીજળીની માંગ વધી ગઈ છે. એપ્રિલ મહિનામાં વીજળીની માગ 38 વર્ષના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગઈ છે. યુપી સ્ટેટ ઈલેક્ટ્રિસિટી જનરેશન કોર્પોરેશન પાસે કોલસાના સ્ટોકમાંથી માત્ર 26 ટકા જ બચ્યો છે.

# ABG શિપયાર્ડ બેંક કૌભાંડમાં EDના દેશમાં 26 ઠેકાણે દરોડા

**નવી દિલ્હી**

દેશના સૌથી મોટા બેન્ક કૌભાંડ ABG શિપયાર્ડ કેસમાં ED ટીમે ફરીવાર દરોડાની કાર્યવાહી કરી છે. ED અધિકારીઓએ મંગળવારે મુંબઈ, પૂણે અને સૂરતમાં દેશની સૌથી મોટી ખાનગી જહાજ નિર્માતા કંપની ABG શિપયાર્ડ સાથે જોડાયેલા 26 પરિસરોમાં દરોડા પાડયા હતા.

ABG શિપયાર્ડ અને તેની ભગિની સંસ્થાઓ અને એક્ઝિક્યૂટિવ્સના પરિસરોમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ આ કાર્યવાહી કરાઈ હતી. કેન્દ્રીય તપાસ એજન્સી CBI દ્વારા દાખલ કરવામાં આવેલી FIRના આધારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ કંપની સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. આ કેસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, કંપની દ્વારા બેન્ક પાસેથી જંગી રકમ લેવામાં આવી હતી અને તે રકમને ભારત અને વિદેશોમાં 100થી વધારે શેલ કંપનીઓ મારફત ડાયવર્ટ કરવામાં આવી હતી. CBIએ ABG પર ICICI બેન્કના નેતૃત્વ હેઠળ બેન્કોના સમૂહ સાથે 22,848 કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો.

# હવે દિલ્હીના શાહીન બાગમાં પણ બુલડોઝરો ચલાવવાની તૈયારી

**નવી દિલ્હી**

જહાંગીરપુરી બાદ દિલ્હીના બહુ ચર્ચિત શાહીનબાગ સહિતના બીજા વિસ્તારોમાં પણ બુલડોઝરનો ઉપયોગ કરવાની તૈયારી તંત્રે કરી લીધી છે. દક્ષિણ દિલ્હી નગર નિગમના મેયરે કહ્યુ છે કે, શાહીનબાગ, સરિતા વિહાર તેમજ કાલિંદી કુંજમાં પણ બુલડોઝર ચલાવાશે. કારણકે અહીંયા પણ લોકોએ જમીન પર કબ્જો કરી લીધો છે. મેયરે કહ્યુ હતુ કે, શાહીનબાગમાં સરકારી જગ્યાઓ પર દબાણ થયેલ છે. દિલ્હીમાં ગેરકાયદે દબાણો સામે મોટુ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. દિલ્હીમાં બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓએ ઘણી જગ્યાએ ગેરકાયદે કબ્જો જમાવ્યો છે.

**મોદીએ પેટ્રોલ-ડીઝલના ઉંચા ભાવનો મુદ્દો છેડયો**

# વિપક્ષી રાજ્યોએ પેટ્રોલ-ડીઝલ પરનો વેટ નહીં ઘટાડી અન્યાય કર્યો: મોદી

**નવી દિલ્હી**

નરેન્દ્ર મોદીએ બેઠકમાં કોરોના મુદ્દે વાટાઘાટો બાદ પેટ્રોલ અને ડીઝલ પરના ઉંચા વેટનો મુદ્દો છેડી દીધો હતો. મોદીએ જે રાજ્યોએ પેટ્રોલ અને ડીઝલ પરનો વેટ નથી ઘટાડયો તેને આ ચાલુ બેઠકમાં ટકોર કરી હતી, અને વેટ ઘટાડવા માટે વિનંતી પણ કરી હતી. જેને પગલે આ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ થોડા સમય માટે આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. વિપક્ષ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી રહ્યો છે ત્યારે મોદીએ હવે એવા રાજ્યોને ઘેર્યા છે કે જે બિનભાજપ શાસિત હોય અને પેટ્રોલ અને ડીઝલ પરનો વેટ ન ઘટાડયો હોય. મોદીએ આ રાજ્યોને અપીલ કરી હતી કે તેઓ આમ નાગરિકોના હિત માટે પેટ્રોલ અને ડીઝલ પરના વેટને ઘટાડે. જે રાજ્યોએ પેટ્રોલ અને ડીઝલ પરના વેટને નથી ઘટાડયો તેમાં મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, કેરળનો સમાવેશ થાય છે.

# ટૂંકા પણ તીવ્ર યુદ્ધ માટે તૈયાર રહો : IAFના વડા એર ચીફ માર્શલ ચૌધરી

**નવી દિલ્હી**

વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિ ભારતીય વાયુ સેનાને ટૂંકા ગાળામાં પણ તીવ્ર યુદ્ધ માટે તૈયાર રહેવાની ફરજ પાડે છે. તેમ કહેતાં એક સેમીનારમાં એર-ચીફ માર્શલ વી.આર.ચૌધરીએ જણાવ્યું હતું કે આ સાથે ભારતીય વાયુ સેનાએ લડાખ જેવા લાંબા સમયના વિવાદ માટે પણ તૈયારી રાખવી અનિવાર્ય છે, આ રીતે કાર્યવાહી તેમજ લોજિસ્ટિક્લી તેમ બંને દ્રષ્ટિએ પણ ઉત્તર આપવા દરેક સમયે તૈયાર રહેવું પડશે. પરિસ્થિતિ જ તેવી ઉભી થઈ રહી છે કે આપણે ટૂંકા ગાળાનાં પણ તીવ્ર યુદ્ધ માટે સતત તૈયાર રહેવું જ પડે તેમ છે, તે માટ મોટી પણ અને આનુષંગિક બાબતો માટે પૂરતો સમય ન પણ મળે.

# તમિલનાડુમાં રથ તારને અડી જતાં કરંટથી 11ના મોત

## દુર્ઘટના બાદ મૃતકોના પરિવારજનોને 5-5 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવા મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેરાત

**તંજાવુર**

તમિલનાડુના તંજાવુરમાં એક ભયંકર અકસ્માત થયો છે. આ ઘટના બુધવારે સવારે તંજાવુર જિલ્લામાં મંદિરના ઉત્સવ દરમિયાન બની હતી જેમાં વીજ કરંટ લાગવાથી 11 લોકોએ જીવ ગુમાવ્યા હતા. મળતી માહિતી મુજબ, શોભાયાત્રા દરમિયાન રથ ઉપરથી પસાર થતા હાઈ ટેન્શન વાયરના સંપર્કમાં આવ્યો હતો, ત્યાર બાદ આખા રથમાં કરંટ ફેલાઈ ગયો હતો અને આગ લાગી હતી.

રથયાત્રા દરમિયાન ભક્તો રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈક રીતે ઉપરથી પસાર થતો ઈલેક્ટ્રીક વાયર રથ સાથે સંપર્કમાં આવ્યો હતો અને કરંટ ફેલાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં કેટલાયે લોકો ઘાયલ થયા અને દાઝી ગયા હોવાના પણ સમાચાર છે.

ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને રાહત અને બચાવ કાર્ય કર્યું હતું. દુર્ઘટના બાદ મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા મૃતકોના પરિવારજનોને 5-5 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે. આઈજી વી બાલક્રિષ્નને જણાવ્યું કે આ અકસ્માતમાં 15 લોકો ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે શોભાયાત્રા દરમિયાન રથ એકદમ ઈલેક્ટ્રીક વાયરના સંપર્કમાં આવ્યો, ત્યારબાદ આ અકસ્માત થયો. મૃતકોમાં બાળકીનો પણ સમાવેશ થાય છે. અપ્પાર મંદિરની રથયાત્રા નીકળી રહી હતી ત્યારે કાલીમેડુ નજીક બુધવારે વહેલી સવારે આ દુ:ખદ અકસ્માત સર્જાયો હતો. પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે રથ પસાર થઈ રહ્યો હતો અને તે દરમિયાન તે ઉપરથી પસાર થઈ રહેલા ઈલેક્ટ્રીક વાયરના સંપર્કમાં આવ્યો, જેના કારણે રથમાં હાજર લોકોને વીજ કરંટ લાગવાથી 11 જણા મોતને ભેટ્યા હતા.



# કોરોના ફરી વકર્યો, વધુ 3303 કેસ નોંધાયા, 39 લોકોના મોત

**નવી દિલ્હી**

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરરોજ આંકડામાં વધારો થઈ રહ્યો છે, જે લોકોની ચિંતામાં વધારો કરી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૩,૩૦૩ નવા કેસ નોંધાયા છે, જે પછી એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૬ હજાર ૯૮૦ થઈ ગઈ છે.

દૈનિક હકારાત્મકતા દર પણ વધીને (૦.૬૬%) થયો છે. રિપોર્ટ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૬૩ નવા દર્દીઓ સાજા પણ થયા છે. જો કુલ આંકડાઓ પર નજર કરીએ તો, કોરોનાથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪ કરોડ ૨૫ લાખ ૨૮ હજાર ૧૨૬ થઈ ગઈ છે. આ સિવાય મહામારીના કારણે ૫ લાખ ૨૩ હજાર ૬૯૩ લોકોના મોત થયા છે. સરકારી આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. કોવિડના નવા કેસોની સંખ્યા દરરોજ વધી રહી છે, છેલ્લા ૨૪ કલાકમાં બુધવારે કોવિડના ૧,૩૬૭ નવા કેસ નોંધાયા છે. હાલમાં, દિલ્હીમાં કોવિડના એક્ટિવ દર્દીઓની સંખ્યા ૪૮૦૦ થી વધુ થઈ ગઈ છે. અગાઉ ૬ ફેબ્રુઆરીએ દિલ્હીમાં ૧,૪૧૦ નવા કેસ નોંધાયા હતા.

દિલ્હીમાં સતત છઠ્ઠા દિવસે કોવિડ ચેપના ૧,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા.

## દિલ્હીમાં 24 કલાકમાં 1,204 નવા કેસ

નવી દિલ્હી : રાષ્ટ્રના પાટનગરમાં કોરોનાનો કેર હજી વકરી રહ્યો છે એવું લાગે છે કે, કોરોના ફરી ત્યા આવી ગયો છે. મંગળવારે કુલ નવા ૧૨૦૪ કેસો નોંધાયા છે. ૧ દર્દીનું મૃત્યુ પણ થયું છે. દિલ્હીમાં આજ સુધીમાં પોઝિટિવીટી રેઇટ ૪.૬૪%થી ઉપર ગયો છે. એક્ટિવ કેસ પણ વધીને ૪,૫૦૦થી ઉપર ગયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરાયેલા એક બુલેટિન પ્રમાણે આ આંકડા આપવામાં આવ્યા છે. બુલેટિન વધુમાં જણાવે છે કે, આજે (મંગળવારે) ૮૬૩ રોગીઓ સાજા થયા છે હજી સુધીમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૧૮,૭૭,૦૯૧ થઈ છે. ૩,૧૯૦ હોમ આઇસોલેશનમાં છે. કોરોના સંક્રમિતોના એક્ટિવ કેસ વધીને ૪,૫૦૮ થયા છે. પરંતુ ૧૮,૪૬,૪૧૪ દર્દીઓ સાજા પણ થયા છે. જો કે, કુલ મૃત્યુઆંક તો ૨૬,૧૬૯ સુધી પહોંચી ગયો છે.

# રિલાયન્સ 19 લાખ કરોડનું માર્કેટ-કેપ પાર કરનારી પ્રથમ ભારતીય કંપની બની

## બીએસઈ ખાતે ઈન્ટ્રા-ડે ધોરણે કંપનીએ રૂ. 19.02 લાખ કરોડનું એમ-કેપ દર્શાવ્યું

**મુંબઈ**

મુકેશ અંબાણીની લીડરશિપ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દેશના શેરબજાર પર લિસ્ટેડ કંપનીઓમાં રૂ. 19 લાખ કરોડના માર્કેટ-કેપને પાર કરનાર પ્રથમ કંપની બની હતી. બુધવારે ઈન્ટ્રા-ડે ધોરણે બીએસઈ ખાતે રૂ. 2827.10ની સર્વોચ્ચ સપાટી વખતે કંપનીનું માર્કેટ-કેપ રૂ. 19 લાખ કરોડની સપાટી પાર કરી ગયું હતું. જોકે પાછળથી બજારમાં વેચવાલી નીકળતાં કંપનીનો શેર 0.08 ટકા સુધારા સાથે રૂ. 2777.90ની સપાટી પર બંધ રહ્યો હતો. છેલ્લાં સાત ટ્રેડિંગ સત્રોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો સેર 11 ટકા જેટલો સુધારો દર્શાવી રહ્યો છે. 18 એપ્રિલે કંપનીનો શેર રૂ. 2544ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યાંથી બુધવારે તેણે રૂ. 2827ની ટોચ નોંધાવી હતી. છેલ્લાં ત્રણ મહિનાનો દેખાવ જોઈએ તો શેર 20 ટકા જેટલું રિટર્ન દર્શાવે છે. જેની સરખામણીમાં બીએસઈ સેન્સેક્સે 0.42 ટકાનું સાધારણ વળતર આપ્યું છે. આમ રિલાયન્સે બ્રોડ માર્કેટને આઉટપર્ફેર્મ કર્યું છે. કંપનીમાં પ્રમોટર્સ 50 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. જેને જોતાં બુધવારે પ્રમોટર્સ પણ રૂ. 9.5 લાખ કરોડથી વધુનું માર્કેટ-કેપ ધરાવતાં બન્યાં હતાં. કંપનીએ મંગળવારે જ અબુધાબી કેમિકલ ડેરિવેટિવ્સ કંપનીઆરએસસી(તઝિઝ) સાથે કેમિકલ પ્રોજેક્ટ માટે શેરહોલ્ડર એગ્રીમેન્ટ કર્યાં હતાં. આ કરાર રિલાયન્સ માટે નવી રેવન્યૂ સ્ટ્રીમ્સ ઊભી કરે તેવી શક્યતાં છે.

જેને કારણે આજે નરમ બજારમાં પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં મજબૂતી

# યોગી એક્શનમાં : ધાર્મિક સ્થળો પરથી લાઉડસ્પીકર ઉતરાવી દીધા

**લખનૌ**

યોગી આદિત્યનાથના નિર્દેશ બાદ યુપીમાં ધાર્મિક સ્થળો પર ગેરકાયદેસર રીતે લગાવવામાં આવેલા લાઉડસ્પીકર સામે સરકારનું અભિયાન જારી છે. મુખ્ય સચિવ ગૃહ અવનીશ અવસ્થીના નિર્દેશ બાદ બુધવારે સાંજ સુધીમાં રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી કુલ 10923 ગેરકાયદેસર લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા છે જ્યારે 35221 લાઉડસ્પીકર નિર્ધારિત ધોરણો મુજબ કર્યા હતા. યોગી આદિત્યનાથે ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકરનો ઉપયોગ નક્કી માપદંડો અનુસાર જ કરવાની



વાત કરી હતી. તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે, નવા ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકર નહીં લગાવવા. આ ઉપરાંત ધર્મગુરૂઓ સાથે વાતચીત કરી લાઉડસ્પીકર ઉતારવા અને અવાજ ઓછો કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

# રૂડકી ધર્મ સંસદ અટકાવ્યા બાદ હરિદ્વારમાં હવે નહીં યોજાય મહાપંચાયત

**હરિદ્વાર**

રૂડકી ધર્મ સંસદ અટકાવાયા બાદ હવે હરિદ્વાર પ્રશાસને પણ પોતાના ત્યાં યોજાનારી મહાપંચાયત પર રોક લગાવી દીધી છે. હરિદ્વાર જિલ્લા પ્રશાસને મંગળવારે હિંદુ ધર્મગુરૂઓ દ્વારા એક મહાપંચાયતની ઘોષણા કરવામાં આવી ત્યારબાદ દાદા જલાલપુર ગામના 5 કિમીના ક્ષેત્રમાં કલમ 144 અંતર્ગત નિષેધાજ્ઞા લાગુ કરી દીધી હતી. હરિદ્વારના જિલ્લાધિકારી વીએસ પાંડેયે જણાવ્યું કે, દાદા જલાલપુર અને આસપાસના 5 કિમી ક્ષેત્રમાં કલમ 144 લાગુ કરી દેવામાં આવી છે.

# મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે વિપક્ષી નેતા પદેથી રાજીનામું આપ્યું

**ભોપાલ**

મધ્ય પ્રદેશ વિધાનસભામાં વિપક્ષ નેતાની ભૂમિકા ભજવી રહેલા પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધું છે. તેમના સ્થાને હવે ગોવિંદ સિંહને વિપક્ષ નેતા બનાવી દેવામાં આવ્યા છે. અગાઉ પણ એવી અટકળો લગાવાઈ રહી હતી કે, કમલનાથ પોતાના પદેથી રાજીનામુ આપી શકે છે ત્યારે આખરે તેમણે પોતાનું રાજીનામુ કોંગ્રેસ હાઈકમાનને સોંપી દીધું છે. જોકે કમલનાથના આ પગલાં પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સામે નથી આવ્યું. છેલ્લા અનેક દિવસથી કમલનાથ વિવાદોમાં ઘેરાયેલા હતા. વિધાનસભાની કાર્યવાહી મામલે તેમણે એક નિવેદન આપ્યું હતું તેને લઈને પણ વિવાદ જાગ્યો હતો.

**ડ્રગ્સને ટ્રાવેલ બેગમાં છુપાવી દેવામાં આવ્યું હતું**

# શાહીન બાગમાંથી ૫૦ કિલો હેરોઇન, ૩૦ લાખ રોકડા જપ્ત

**નવી દિલ્હી**

એન્ટી ડ્રગ્સ એજન્સી એનસીબીની દિલ્હી યુનિટે શાહીન બાગમાં મોટી કાર્યવાહી કરતા ૫૦ કિલો હેરોઈન અને ૪૭ કિલો શંકાસ્પદ નાર્કો જપ્ત કર્યું છે. આ દરમિયાન ૩૦ લાખ રોકડા અને નોટ ગણવાનું મશીન પણ એક ઘરમાંથી મળી આવ્યું છે. શાહીન બાગમાંથી આ ડ્રગ્સ મળી આવ્યું છે. ડ્રગ્સને ટ્રાવેલ બેગમાં છુપાવવામાં આવ્યું હતું. એનસીબીના ડીડીજી સંજય સિંહે કહ્યુ કે શાહીન બાગ સ્થિત આવાસીય પરિસરથી બુધવારે ડ્રગ્સ મળી આવ્યું છે. એનસીબી પ્રમાણે અફઘાનિસ્તાનથી હેરોઈન આવ્યું હતું, તો રોકડ રકમને હવાલા દ્વારા લાવવામાં આવી હતી. ડ્રગ્સ સમુદ્ર માર્ગ અને બોર્ડરના માર્ગે લાવવામાં આવ્યું હતું. ફ્લિપકાર્ટના પેકિંગમાં હેરોઈનને પેક કરી લાવવામાં આવતું હતું. સૂત્રો પ્રમાણે આ હેરોઈન ઝાડની ડાળીમાં કેવિટી બનાવી તેમાં છુપાવી સમુદ્ર અને પછી પાકિસ્તાન બોર્ડરથી ભારતમાં લાવવામાં આવ્યું હતું.

# ટેસ્લા ભારતમાં ઉત્પાદન કરી શકશે પણ ચીનથી આયાત શકશે નહીં કરી : ગડકરી

**નવી દિલ્હી**

કાર કંપની ટેસ્લા ભારતમાં વાહનોનું નિર્માણ કરવા માગતી હોય તો અમને કોઈ વાંધો નથી પણ કંપની ચીનમાંથી કારોની આયાત કરી શકશે નહીં તેમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ એક નિવેદનમાં જણાવ્યું છે. રાયસીના ડાયલોગમાં ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત એક વિશાળ બજાર છે અને અહીં તમામ પ્રકારના ઈલેક્ટ્રિક વાહનો માટે વિશાળ તકો રહેલી છે. તેમણે જણાવ્યું હતું કે જો ઈલોન મસ્ક ભારતમાં મેન્યુફેકચરિંગ કરવા માગતા હોય તો અમને કોઈ વાંધો નથી. ભારતમાં આવો, મેન્યુફેકચરિંગ ચાલુ કરો. ભારત એક મોટું બજાર છે. તેઓ ભારતમાંથી નિકાસ પણ કરી શકે છે.

# ૯ માસનો એ સમય બાબુભાઈના માત્ર રાજકીય જ નહીં પણ જાહેરજીવનનો સૂવર્ણકાળ ગણી શકાય

**..ગતાંકથી શરૂ**

આમ છતાં બાબુભાઈ આ સંજોગોમાં પણ રાજ્યની ધૂરા લેતા ને વહીવટ ચલાવતા ડગ્યા નહીં. એટલું જ નહિ કેન્દ્ર સરકારને પડકાર કર્યો કે ગુજરાતમાં કટોકટીનો અમલ નહીં થાય. એ અરસામાં બાબુભાઈ દિલ્હી ગયેલા. વડાપ્રધાન સાથે શુભેચ્છા મુલાકાત કરી.

ઈન્દિરાજીને બાબુભાઈએ કહ્યું : ''બહેનજી, આપ કી ઈમરજન્સી હરગીજ ગલત હૈ !'' ઈન્દિરાજી ડગાઈ ગયાં. બાબુભાઈનો પુણ્યપ્રકોપ જોયો પરંતુ પ્રતિભાવ ન આપ્યો. ગુજરાતના પ્રશ્નોની એક નોંધ વડાપ્રધાનને આપી. વાત પૂરી થઈ. ઈન્દિરાજી બાબુભાઈને બારણા સુધી વળાવવા આવ્યાં. આ હતી બાબુભાઈની સ્પષ્ટવક્તા અને નિખાલતા તરીકેની પ્રતિભા. કટોકટીમાં બાબુભાઈનું શાસન એટલે ગુજરાતમાં મુક્ત વાતાવરણ, સંપૂર્ણ સ્વતંત્રતા અને પ્રધાનો એટલે પારદર્શક પ્રમાણિકતાની છાપ, પ્રધાનમંડળ અને સચિવો પરસ્પર મેળ રાખતા. સચિવો મંત્રીઓને આદરપૂર્વક જોતા. મંત્રીઓનું વર્તન સાદગીભર્યું, મક્કમતા સાથે આમજનતા પ્રત્યે માનવતાભર્યું. વહીવટ સર્વાંગી પ્રજાલક્ષી અને વિકાસલક્ષી.

પરંતુ રાજકીય કાવદાવા, સત્તાલક્ષી મહત્ત્વકાંક્ષાએ પક્ષપલટા શરૂ થયા. વિધાનસભામાં નાગરિક પુરવઠાની માગણીની ચર્ચામાં ૧૨મી માર્ચ, ૧૯૭૬માં બાબુભાઈની સરકાર પરાજય પામી. આ ૯ માસનો સમય એટલે બાબુભાઈના માત્ર રાજકીય જ નહીં પણ જાહેરજીવનનો સૂવર્ણકાળ ગણી શકાય.

●

**જયપ્રકાશનો પત્ર**

જયપ્રકાશ નારાયણે બાબુભાઈની સરકારના પતન અંગે એક પત્ર લખ્યો હતો. જેનો સંપૂર્ણ પાઠ અહીં પ્રસ્તુત કર્યો છે.

**તા. ૧૬ માર્ચ, ૧૯૭૬**
**મુંબઈ**
**પ્રિય બાબુભાઈ,**

આપની સરકારના પતનથી મને કોઈ આશ્ચર્ય થયું નથી. શાસક કોંગ્રેસના બધા જ પ્રલોભનો અને દબાણોની સામે તે હમણાં સુધી કેવી રીતે ટકી શક્યું એની જ મને નવાઈ લાગે છે. વિધાનસભામાં આપની સરકારના પતન પછી તરત જ રાજીનામું આપીને આપે લોકતંત્રની પરંપરાનું પાલન કર્યું છે.

મને એ બાબતનો સંતોષ છે કે આપે આપના ટૂંકા શાસનમાં ગુજરાતને એક કુશળ અને સ્વચ્છ રાજવહીવટ આપવાની અને લોકશાહીની મર્યાદાઓને ટકાવી રાખવાનીકોશિશ કરી છે. હવે વિરોધપક્ષના નેતા તરીકે આપે લોકશાહીની લડાઈ લડવાની છે અને 'જનતા મોરચા'ને એક સાથે રાખી આગળ વધવાનું છે.

મને આશા અને વિશ્વાસ છે કે આપના નેતૃત્વમાં ગુજરાતની સત્યાગ્રહી જનતા આ લડાઈ વીરતાપૂર્વક લડશે અને ગુજરાત ફરીથી એકવાર ભારતને માર્ગ ચીંધવાને સમર્થ થશે.

**હાર્દિક શુભેચ્છાઓ સાથે.**

**આપનો સસ્નેહ**
**જયપ્રકાશ**
**(જયપ્રકાશ નારાયણ)**

**પુનઃ મુખ્યમંત્રી**

કટોકટી કાળમાં ગુજરાત જ એક માત્ર લોકશાહીનો ટાપુ હતો. એ દરમિયાન ઈન્દિરાજીએ ૧૯૭૭ની ૧૮મી જાન્યુઆરીએ લોકસભાની ચૂંટણી જાહેર કરી. જેમાં ઈન્દિરાજીનું ગણિત ખોટું પડયું. એમના નેતૃત્વ નીચે કૉંગ્રેસનો પરાજય થયો. મોરારજીભાઈના વડાપ્રધાનપદે કેન્દ્રમાં બહુપક્ષીય સરકારની રચના થઈ.

ગુજરાતમાં પણ બાબુભાઈની જનતા મોરચા સરકાર ફરી




અસ્તિત્વમાં આવી. એ દિવસ હતો ૧૧મી એપ્રિલ, ૧૯૭૭. પાંચ વર્ષના ગાળામાં બાબુભાઈ બે વખત મુખ્યપ્રધાન થયા.

- જૂન ૧૯૭૫થી માર્ચ, ૧૯૭૬.
- એપ્રિલ ૧૯૭૭થી ફેબ્રુઆરી ૧૯૮૦.

**બાબુભાઈની સરકારની સિદ્ધિઓ-વિશિષ્ટતાઓ**

ગુજરાતમાં પ્રથમવાર જ બીનકૉંગ્રેસી સરકારની રચના થઈ એ જ બાબુભાઈની રાજનૈતિક કારકિર્દીની અદ્ભુત સિદ્ધિ છે. સાથી પક્ષોમાં વૈચારિક મતભેદો છતાં બાબુભાઈ સહુને સાથે રાખી શક્યા. મોટાભાગના પ્રધાનમંડળના પ્રધાનો નવા જ. સત્તાના બિન અનુભવી છતાં પ્રધાન તરીકે થોડા અપવાદ સિવાય પ્રધાનો કાર્યદક્ષ રહ્યા. સંસ્થા કૉંગ્રેસ અને જનસંઘ બન્ને ઘટકો વચ્ચે મતમતાંતર થાય બાબુભાઈનો નિર્ણય આખરી માનવામાં આવે. બાબુભાઈના વ્યક્તિત્વનો એ પ્રભાવ હતો. પ્રધાનો સાદા, પ્રમાણિક, કરકસરયુક્ત અને લોકાભિમુખ હતા. બાબુભાઈના વડપણ હેઠળની સિદ્ધિઓની ઝાંખી કરીએ.

(૧) પ્રધાનમંડળની સંખ્યા સરકારિયા પંચની ભલામણ અનુસાર ૧૮ની જ રાખી અને સહુને કેબિનેટ રેંક આપી. ભારતભરમાં આ પ્રથમ ઘટના હતી. નાયબ મંત્રીની પ્રથા રદ કરી.

(૨) મંત્રીમંડળની રચનાના બીજા જ દિવસે પ્રધાનોએ વેતનમાં ૧૦ ટકા કાપ સ્વીકાર્યો.

(૩) મંત્રીઓ સાડાદશને ટકોરે સચિવાલયમાં પહોંચી જતા. એની અસર સચિવોથી માંડી સામાન્ય કર્મચારીઓ પર એવી થઈ કે સહુ સમયસર હાજર રહેવા લાગ્યા.

(૪) પ્રધાનોને શુક્ર, શનિ, રવિના દિવસોમાં જ પ્રવાસ કરવાનો આદેશ થયો. પરિણામે એમની સચિવાલયની હાજરીને કારણે ફાઈલોનો નિકાલ ઝડપી બન્યો.

(૫) મુખ્યમંત્રી બાબુભાઈ મોડે સુધી સચિવાલયમાં હાજર રહી રોજેરોજ ફાઈલો અને ટપાલોનો નિકાલ કરતાં.

વિકાસની દૃષ્ટિએ વિચારીએ તો...

- વીજળીમાં હરણફાળ
- સિંચાઈ અને કૃષિમાં વૃદ્ધિ
- દરેક જિલ્લે ઉદ્યોગ કેન્દ્રો અને આર્થિક સહાય
- નર્મદા યોજના ટ્રીબ્યુનલનો ચુકાદો
- શિક્ષણની નવી તરાહ
- બક્ષીપંચની ભલામણોનો અમલ
- ભાવનગર યુનિવર્સિટીની સ્થાપના
- અભિવન ગ્રામનિર્માણ યોજનાનો પ્રારંભ
- અંત્યોદય યોજનાઓ શરૂ
- વૃદ્ધ, નિરાધાર, અપંગને આર્થિક સહાય
- ગ્રામીણ બૅંકોની સ્થાપના
- મોંઘવારીમાં ધરખમ ઘટાડો. પામોલીનને સસ્તું તેલ તથા સસ્તું અનાજ, ખાંડ રૂ. ૨.૩૦, ઘઉ ૨.૦૦, ગોળ રૂ. ૧.૫૦ પર કિલો.
- ગુનાઓનું પ્રમાણ ઘટયું
- મંત્રીઓને નિર્ણયમાં સ્વતંત્રતા

આ તો એક ઝલક છે. અનેક વિકાસલક્ષી યોજનાઓ એમના શાસનમાં સાકાર થઈ છે.

**પડકાર સામે પુરુષાર્થ**

ઑગસ્ટ ૧૯૭૯માં મોરબીમાં અતિવૃષ્ટિ થઈ. પરિણામે મચ્છુ ડૅમ તૂટયો. ગુજરાતમાં પણ અન્ય સ્થળે મેઘતાંડવ સર્જાયું. કુલ ૧૩૬૧નાં મૃત્યુ થયાં. બાબુભાઈએ એક મહિનો મોરબીમાં મુકામ કર્યો. સ્થળ પર નિર્ણયો લીધા. સચિવોને નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા આપી. આમ મોરબી પુનઃ બેઠું થયું તેનો યશ બાબુભાઈને છે. ટી.વી.માં અમેરિકામાં એ હોનારત ભારતથી પહેલાં બતાવાઈ.

આમ પ્રજાને પોતાનું શાસન હોય એવી ઝાંખી બાબુભાઈએ કરાવી હતી.

● પ્રભાકર ખમાર

**દેવેન્દ્ર પટેલ**
**સંપર્ક :** +91 98792 07102


## જાણવા જેવું

## અવકાશનો અજાયબ ધૂમકેતુ : હેલી



બ્રહ્માંડમાં ગ્રહો અને અવકાશી પદાર્થો ઉપરાંત પૂંછડિયા તારા કે ધૂમકેતુ પણ જોવા મળે છે. ધૂમકેતુ અન્ય ગ્રહોની જેમ નિયમિત પ્રદક્ષિણા કરતાં હોય છે. ધૂમકેતુ હજારો વર્ષથી આકાશદર્શન કરનારાઓમાં અજાયબી ગણાય છે. પ્રાચીન કાળમાં ધૂમકેતુઓ સાથે દંતકથાઓ વણાયેલી હતી. ઘણા ખગોળશાસ્ત્રીઓએ પૃથ્વી પરથી દેખાતા ધૂમકેતુઓ શોધી કાઢયા છે. અંગ્રેજ વિજ્ઞાાની એડમન્ડ હેલીએ શોધેલો ધૂમકેતું વિશિષ્ટ છે. તેના નામ ઉપરથી તેને હેલીનો ધૂમકેતુ કહે છે. હેલીનો ધૂમકેતુ આકાશમાં તેજલિસોટાની જેમ પસાર થાય છે. દર ૭૫ વર્ષ તે પૃથ્વી પરથી જોવા મળે છે. હેલીનો ધૂમકેતુ પ્રદક્ષિણા ૭૪ થી ૭૯ વર્ષે પુરી કરે છે. હેલીનો ધૂમકેતુ એક માત્ર ટૂંકી પ્રદક્ષિણા ધરાવતો છે અને પૃથ્વી પરથી નરી આંખે દેખાય છે. છેલ્લે તે ૧૯૮૬ના ફેબ્રુઆરીમાં જોવા મળ્યો હતો. હવે ૨૦૬૧ના જૂલાઈની ૨૮ તારીખે જોવા મળશે.

## સેટેલાઇટ ટીવીમાં કઈ રીતે પ્રસારણ થાય છે?




મહત્ત્વની મેચ અને ઓલિમ્પિક ગેમનું એક જ સ્થળે સમગ્ર વિશ્વમાં જીવંત પ્રસારણ જોવા મળે છે. એક સાથે સમગ્ર દુનિયાના ટી.વી. પ્રસારણના સિગ્નલો કઈ રીતે પહોંચે છે તે જાણો છો ? સેટેલાઇટ ટી.વી. દ્વારા આ શક્ય બન્યું છે. પૃથ્વી ગોળાકાર છે. સિગ્નલો સીધી લીટીમાં ગતિ કરે છે એટલે જમીન પર રહેલા પ્રસારણ કેન્દ્રના સિગ્નલોને પૃથ્વી બહાર અવકાશમાં રહેલા સેટેલાઇટને મોકલવામાં આવે છે. સેટેલાઇટ પૃથ્વી પર બધી જ જગ્યાએ સિગ્નલો મોકલી શકે છે. આ પ્રકારનું કામ જીઓસ્ટેશનરી સેટેલાઇટ કરે છે. જીઓસ્ટેશનરી સેટેલાઇટ અવકાશમાં ફરે છે પરંતુ હંમેશા પૃથ્વીના એક જ વિસ્તાર પર રહે છે કોઈ પણ સ્થળેથી આવેલા સિગ્નલો તે સમગ્ર પૃથ્વી પર મોકલી શકે છે. આથી વિશ્વભરમાં એક જ સ્થળે રખાતી મેચનું જીવંત પ્રસારણ એક સાથે થાય છે.

# એકમાત્ર ટેસ્ટ-વન-ડે શ્રેણી માટે ઉમરાનને ઈંગ્લેન્ડ લઈ જાઓ : ગાવસ્કર



**મુંબઈઃ આઇપીએલમાં ધમાકેદાર પર્ફોમન્સ આપનારા જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર ઉમરાન મલિકની પ્રતિભા આજકાલ ભારતીય ક્રિકેટમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતો ઉમરાન મલિક ૧૫૦ કિમી પ્રતિ કલાકથી પણ વધુ ઝડપે બોલિંગ નાંખે છે અને તેણે આઇપીએલની ૮ મેચમાં ૧૫.૯૩ની સરેરાશથી ૧૫ વિકેટ ઝડપી છે. ભારતના લેજન્ડરી બેટ્સમેન સુનિલ ગાવસ્કરે યુવા ફાસ્ટ બોલરને ટીમ ઈન્ડિયામાં સમાવવાની વકાલત કરી છે. ગાવસ્કરે કહ્યું કે, ભારતે ઉમરાન મલિકને ઈંગ્લેન્ડ પ્રવાસમાં રમાનારી એકમાત્ર ટેસ્ટ માટેની અને મર્યાદિત ઓવરોની શ્રેણી માટેની ટીમમાં સામેલ કરવો જોઈએ. તેના જેવી યુવા પ્રતિભાને ભારતીય ટીમમાં સ્થાન મળે અને ડ્રેસિંગરુમના વાતાવરણનો અનુભવ મળે તે જરુરી છે. લેજન્ડરી બેટ્સમેન ગાવસ્કરે કહ્યું કે, ઉમરાન મલિક માટે હવે પછીનું સ્ટેજ ભારતીય ટીમ છે. તેને કદાચ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળે કારણ કે મોહમ્મદ શમી, સિરાજ, બુમરાહ અને ઉમેશ યાદવ જેવા ઈન ફોર્મ બોલરો ભારતીય ટીમ પાસે છે. જોકે ટીમ ઈન્ડિયાનો હિસ્સો બનવાનો અનુભવ તેની કારકિર્દી માટે મહત્વનો છે. રોહિત શર્મા, વિરાટ કોહલી જેવા ખેલાડીઓની સાથે ડ્રેસિંગરુમ શેયર કરવો એ તેના માટે મહત્વનો છે.**

### કુલદીપની ૧૪ રનમાં ૪ અને રહમાનની ૧૮ રનમાં ૩ વિકેટ : વોર્નરના ૪૨ રન


# દિલ્હીનો ચાર વિકેટથી વિજય : કોલકાતા નાઈટ રાઈડર્સ સતત પાંચમી મેચ હાર્યુ

મુંબઈઃ કુલદીપની ૧૪ રનમાં ચાર અને રહમાનની ૧૮ રનમાં ત્રણ વિકેટ સહિત બોલરોની શિસ્તબદ્ધ બોલિંગ બાદ વોર્નરના ૪૨ અને પોવેલના અણનમ ૩૩ની મદદથી દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની આઈપીએલ ટી-૨૦માં ચાર વિકેટથી વિજય મેળવ્યો હતો. જીતવા માટેના ૧૪૭ના ટાર્ગેટ સામે દિલ્હીએ ૧૯ ઓવરમાં છ વિકેટે ૧૫૦ રન નોંધાવ્યા હતા. દિલ્હીએ આ સાથે ૮મી મેચમાં ૪ જીત હાંસલ કરી હતી. જ્યારે કોલકાતાનો સતત પાંચમી મેચમાં પરાજય થયો હતો.

જીતવા માટેના ૧૪૭ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા દિલ્હીએ માત્ર ૧૭ રનમાં શૉ (૦) અને મિચેલ માર્શ (૧૩) ની વિકેટ ગુમાવી હતી. જોકે, વોર્નરે ૨૬ બોલમાં ૮ ચોગ્ગા સાથે ૪૨ રન ફટકાર્યા હતા. તેનો સાથ આપતા લલિત યાદવે ૨૨ રન કર્યા હતા. જોકે ઉમેશ યાદવે વોર્નર અને પંતને અને નારાયણે લલિતને આઉટ કરતાં દિલ્હી ૮૨/૨ થી ૮૪/૫ પર ફસડાયું હતુ. પોવેલે ૧૬ બોલમાં વિજયી સિક્સર સહિત ૩ છગ્ગા અને એક ચોગ્ગા સાથે અણનમ ૩૩ રન ફટકારતાં ટીમને જીતાડી હતી. અક્ષરે ૧૭ બોલમાં ૨૪ રન કર્યા હતા, પણ તે રનઆઉટ થઈ ગયો હતો. આખરે પોવેલ સાથે શાર્દૂલ ઠાકુર (૮ રન) નોટઆઉટ હતો. ઉમેશ યાદવે ૨૪ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

## રાશિદ ખાને અંતિમ ઓવરમાં 3 સિક્સર ફટકારી ગુજરાતને વિજય અપાવ્યો

મુંબઈઃ રાશિદ ખાન પોતાની શાનદાર બોલિંગ માટે જાણીતો છે પરંતુ IPL 2022માં પણ તેણે બેટથી શાનદાર પ્રદર્શન કર્યું છે. બુધવારે રાત્રે રમાયેલી મેચમાં તેણે 20મી ઓવરમાં 3 સિક્સર સહિત 25 રન બનાવ્યા અને ગુજરાત ટાઈટન્સને રોમાંચક જીત અપાવી હતી. T20 લીગની 40મી મેચમાં હૈદરાબાદે પહેલા રમતા 6 વિકેટે 195 રનનો સ્કોર બનાવ્યો હતો. જવાબમાં ગુજરાતને



અંતિમ ઓવરમાં જીતવા માટે 22 રન કરવાના હતા પરંતુ રાહુલ તેવટિયા અને રાશિદે શાનદાર બેટિંગ કરી હતી અને અંતિમ બોલ પર ટીમને રોમાંચક જીત અપાવી હતી. ગુજરાતની 8 મેચમાં આ 7મી જીત છે. ટીમ ટેબલમાં 14 પોઈન્ટ સાથે ફરીથી ટોપ પર પહોંચી ગઈ છે. ગુજરાત ટાઈટન્સની ઈનિંગ્સની 20મી ઓવરમાં ડાબા હાથના ફાસ્ટ બોલર માર્કો યેન્સને મુક્યો હતો.


## બેંગ્લોરના બેટ્સમેનોનો કંગાળ દેખાવ જારી, રાજસ્થાન રોયલ્સનો ૨૯ રનથી વિજય

પૂણે : રિયાન પરાગના ૩૧ બોલમાં અણનમ ૫૬ રન બાદ કુલદીપ સેને ચાર અને અશ્વિને ત્રણ વિકેટ ઝડપતાં રાજસ્થાન રોયલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની આઈપીએલ ટી-૨૦માં ૨૯ રનથી વિજય મેળવ્યો હતો. જીતવા માટેના ૧૪૫ના ટાર્ગેટ સામે બેંગ્લોર માત્ર ૧૧૫ રનમાં જ ખખડી ગયું હતુ. સતત બે મેચમાં ગોલ્ડન ડક બાદ ઓપનિંગમાં ઉતરેલો કોહલી ૯ રને આઉટ થયો હતો. જીતવા માટેના ૧૪૫ના આસાન લાગતાં પડકારનો પીછો કરવા ઉતરેલા બેંગ્લોરનો ધબડકો થયો હતો. કોહલી ૯, ડુ પ્લેસીસ ૨૩, મેક્સવેલ ૦ રનમાં આઉટ થયા હતા. રાજસ્થાને નિયમિત અંતરે વિકેટ ઝડપીને બેંગ્લોરને હાર તરફ ધકેલ્યું હતુ.

### પોઈન્ટ્સ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ગુજરાત | 8 | 7 | 1 | 14 |
| રાજસ્થાન | 8 | 6 | 2 | 12 |
| હૈદરાબાદ | 8 | 5 | 3 | 10 |
| લખનૌ | 8 | 5 | 3 | 10 |
| બેંગલુરુ | 9 | 5 | 4 | 10 |
| દિલ્હી | 8 | 4 | 4 | 8 |
| પંજાબ | 8 | 4 | 4 | 8 |
| કોલકાતા | 9 | 3 | 6 | 6 |
| ચેન્નાઈ | 8 | 2 | 6 | 4 |
| મુંબઈ | 8 | 0 | 8 | 0 |

## ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન તરીકે સ્ટોક્સની નિયુક્તિ : બ્રોડ-એન્ડરસનનું પુનરાગમન



**લંડન**

ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન તરીકે અપેક્ષા મુજબ જ ઓલરાઉન્ડર બૅન સ્ટોક્સની નિયુક્તિ કરવામાં આવી છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે નવા મેનેજિંગ ડાયરેક્ટર રોબ કીની ભલામણને સ્વીકારી લેતાં સ્ટોક્સ ઈંગ્લેન્ડનો ૮૧મો ટેસ્ટ કેપ્ટન બન્યો હતો. સ્ટોક્સે ઈંગ્લેન્ડની ટેસ્ટ કેપ્ટન્સી સંભાળી તેની સાથે સાથે બ્રોડ અને એન્ડરસનની ફાસ્ટ બોલિંગ જોડીનું પુનરાગમન પણ નક્કી જેવું જ મનાય છે. નવા ટેસ્ટ કેપ્ટન બૅન સ્ટોક્સે ઈંગ્લેન્ડની રેકોર્ડ બ્રેકિંગ ફાસ્ટ બોલિંગ જોડી બ્રોડ અને એન્ડરસનના પુનરાગમનની તરફેણ કરી હતી. ઈંગ્લેન્ડને હવે ન્યુઝીલેન્ડ સામે ટેસ્ટ શ્રેણી રમવાની છે, જેમાં બ્રોડ-એન્ડરસનનું પણ ટીમમાં પુનરાગમન થશે, તેમ રોબ કીએ જણાવ્યું હતુ. અગાઉ એશિઝની નિષ્ફળતા બાદ બ્રોડ-એન્ડરસનને પડતા મૂકવામાં આવ્યા હતા.

# બેડમિંટન એશિયા ચેમ્પિયનશિપ: ભારતની પી.વી. સિંધુ ક્વાર્ટર ફાઈનલમાં, સાયના-શ્રીકાંત બહાર

### સાત્વિક સાઈરાજ અને ચિરાગની જોડી મેન્સ ડબલ્સમાં અંતિમ આઠમાં


**મનિલા**

ભારતની ડબલ ઓલિમ્પિક મેડાલીસ્ટ પી.વી. સિંધુએ સિંગાપોરની યુઈ યાન જાસ્લીન હૂઈ સામે ૨૧-૧૬, ૨૧-૧૬ થી સીધી ગેમ્સમાં વિજય મેળવતા બેડમિંટન એશિયા ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. જ્યારે ભારતની સાયના નેહવાલ ચીનની વાંગ ઝી યી સામે ૨૧-૧૨, ૭-૨૧, ૨૧-૧૩થી હારી જતા બહાર ફેંકાઈ હતી.



વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનારો ભારતનો કિદામ્બી શ્રીકાંત પણ બીજા રાઉન્ડમાં ચીનના વેંગ હોંગયાંગ સામે ત્રણ ગેમના સંઘર્ષ બાદ ૧૬-૨૧, ૨૧-૧૭, ૧૭-૨૧થી હારી ગયો હતો. આ સાથે મેન્સ સિંગલ્સમાં ભારતના પડકારનો ક્વાર્ટર ફાઈનલ પહેલા જ અંત આવી ગયો હતો. સાતમો ક્રમાંક ધરાવતી સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટીની જોડીએ મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. તેમણે જાપાનના એકિરા કોગા અને ટાઈચી સૈટોની જોડીને ૨૧-૧૭, ૨૧-૧૫થી પરાજીત કરી હતી. અગાઉ ભારતનો યુવા બેડમિંટન સ્ટાર લક્ષ્ય સેન પહેલી જ મેચમાં હારીને બહાર ફેંકાયો હતો.

## યોકોવિચ કોરોનાની વેક્સિન લીધા વિના પણ ફ્રેન્ચ ઓપન-વિમ્બલ્ડનમાં રમી શકશે



**લંડન**

કોરોનાની વેક્સિન ન લેવાના કારણે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ ગુમાવનારા વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર યોકોવિચને ઓલ ઈંગ્લેન્ડ કલબે રાહત આપી છે. વિમ્બલ્ડન ગ્રાન્ડ સ્લેમમાં રમવા માટે ખેલાડીએ કોરોનાની વેક્સિન લીધી હોવી જ જોઈએ તેવો નિયમ દૂર કરવામાં આવ્યો છે. જેના કારણે વેક્સિન ન લેનારા ખેલાડીઓ પણ આ વર્ષે વિમ્બલ્ડન ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશિપમાં રમી શકશે. આ કારણે વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર યોકોવિચ વિમ્બલ્ડનમાં તેનું ટાઈટલ જાળવી રાખવા માટે ઉતરશે. અગાઉ પેરિસમાં યોજાનારી ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડ સ્લેમના આયોજકોએ પણ કોરોના અંગેના નિયંત્રણો પડતા મૂક્યા હતા. જેના કારણે યોકોવિચ માટે ક્લે કોર્ટ પર યોજાતી ગ્રાન્ડ સ્લેમમાં રમવા માટેના દરવાજા ખુલ્યા હતા. વિમ્બલ્ડન ગ્રાન્ડ સ્લેમમાં આ વર્ષે કોરોના અંગેના કોઈ પણ નિયંત્રણો નહીં હોય.

# કંગાળ ફોર્મનો શિકાર બનેલો વિરાટ કોહલી આઈપીએલમાંથી ખસી જાય : રવિ શાસ્ત્રી

**મુંબઈ**

કંગાળ ફોર્મનો શિકાર બનેલા વિરાટ કોહલીને તેના માનીતા કોચ રવિ શાસ્ત્રીએ આઈપીએલમાંથી ખસી જવાની સલાહ આપી છે. આઈપીએલમાં કોમેન્ટેટર તરીકેની જવાબદારી સંભાળી રહેલા શાસ્ત્રીએ કહ્યું કે, કોહલીએ તેની ખુદની પ્રતિભાને જાળવવા માટે આઈપીએલમાંખી ખસી જવું જોઈએ.

ધુરંધર બેટ્સમેન તરીકેની પ્રતિભા ધરાવતો કોહલી આઈપીએલની આ સિઝનમા સદંતર ફ્લોપ રહ્યો હતો. તે છેલ્લા ત્રણ વર્ષથી કોઈ પણ ફોર્મેટમાં સદી ફટકારી શક્યો નથી. કોહલી અને શાસ્ત્રી વચ્ચે સારી દોસ્તી છે. કોહલી જ્યારે ભારતીય ટીમનો કેપ્ટન હતો, ત્યારે તેણે શાસ્ત્રીને ફરી વખત કોચ બનાવવાની તરફેણ પણ કરી હતી. કોચ શાસ્ત્રી અને કેપ્ટન કોહલીની જોડીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નોંધપાત્ર સફળતા પણ મેળવી હતી. શાસ્ત્રીએ કહ્યું કે, તે છેલ્લા કેટલાક સમયથી અવિરત ક્રિકેટ રમી રહ્યો છે. તેને આરામની જરુર છે. તે તમામ ફોર્મેટમાં ટીમની કેપ્ટન્સી કરી ચૂક્યો છે. તેણે ક્રિકેટમાંથી વિરામ લેવો જોઈએ. શાસ્ત્રીએ એક યૂટયુબ ચેનલની સાથેની મુલાકાતમાં કહ્યું કે, એક તબક્કે તો સંતુલન રાખવું જ જોઈએ. તેણે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીને લંબાવવા માટે બ્રેક લેવો જરુરી છે.

અગાઉ પણ શાસ્ત્રી કોહલી માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી આરામની માંગણી કરી ચૂક્યો છે. તેણે કહ્યું હતુ કે, પસંદગીકારોએ કોહલીને ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા કે પછી આરામ આપવાનો નિર્ણય લેવો પડશે.

# વિશ્વના સૌથી મોટા હીરાની હરાજી, 4.4 અબજમાં બ્લુ ડાયમંડનું વેચાણ

## દ. આફ્રિકાની ખાણમાંથી મળેલો ડી બીયર્સ કલીનન બ્લુ ડાયમંડ 15.10 કેરેટનો છે

**કેપટાઉન**

હીરા એ દુનિયાની સૌથી મૂલ્યવાન વસ્તુઓમાંની એક છે. પારદર્શક ઉપરાંત, આ હીરા ઘણા રંગોના છે, જેની કિંમત કરોડોમાં છે. વિશ્વના સૌથી મોટા બ્લુ હીરાની હરાજી કરવામાં આવી હતી, જેની કિંમત 57.5 મિલિયન એટલે કે લગભગ 4.4 અબજ રૂપિયા છે. ફાઈન આર્ટ્સ કંપની સોથેબીએ હોંગકોંગમાં આ હીરાની હરાજી કરી હતી. સોથેબીના જણાવ્યા અનુસાર, 15.10-કેરેટ સ્ટેપ કટ રત્નનું નામ 'ધ ડી બીયર્સ કલીનન બ્લુ'



રાખવામાં આવ્યું છે. ચાર ખરીદદારો વચ્ચે બોલી લગાવવાનું આઠ મિનિટ સુધી ચાલ્યું. એક અજાણ્યા ખરીદદારે ફોન કરીને હીરા માટે 48 મિલિયનની સૌથી વધુ બોલી લગાવી. આ દુર્લભ હીરા 2021માં દક્ષિણ આફ્રિકાની કલીનન ખાણમાંથી મળી આવ્યો હતો. રંગીન હીરામાં તે સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. અમેરિકાની જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ એ સોથેબીના નિવેદન અનુસાર આ દાગીનાને 'ફેન્સી વિવિડ બ્લુ' તરીકે વર્ગીકૃત કર્યા છે. સંસ્થાને અત્યાર સુધી મોકલવામાં આવેલા તમામ વાદળી હીરામાંથી, તેનું કલર ગ્રેડિંગ ટોચ પર છે, જે અત્યાર સુધીના હીરાના માત્ર એક ટકા છે.

# સીરિયામાં ઈફ્તાર પાર્ટીમાં ISના આતંકીનો ગોળીબાર, 7ના મોત

**અબુ ખશાબ**

સીરિયાના અબુ ખશાબ નામના નાનકડા શહેરમાં યોજાયેલી ઈફ્તાર પાર્ટીમાં આઈએસના આતંકવાદીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં સાતનાં મોત થયા હતા અને ચારને ગંભીર ઈજા પહોંચી હતી. અમેરિકાના સમર્થનથી ચાલતી સીરિયન ડેમોક્રેટિક રિફોર્મ્સના અધિકારીએ રમજાન માસ ચાલતો હોવાથી ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું હતું. બ્રિટિશ હ્યુમન રાઈટ્સ સંસ્થાએ દાવો કર્યો હતો કે પાર્ટીમાં આઈએસનો આતંકી ઘૂસી ગયો હતો અને ચાલુ પાર્ટીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. લોકો કંઈ સમજે તે પહેલાં જ સાતનાં મોત થઈ ગયા હતા. હુમલામાં ઘણાં લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. એમાંથી ચાર લોકોને ગંભીર ઈજા પહોંચી છે.

અહેવાલો પ્રમાણે દૈર અલ ઝોર પ્રાંતમાં આ ઘટના બની હતી. મોટરસાઈકલ પર આવેલો આતંકવાદી ઈફ્તાર પાર્ટીમાં પહોંચ્યો કે તરત જ તેણે ફાયરિંગ કરી દીધું હતું. તેનો ઈરાદો અધિકારીને નિશાન બનાવવાનો હતો. આ ફાયરિંગમાં સીરિયન ડેમોક્રેટિક રિફોર્મ્સના પ્રવક્તાનું પણ મોત થયું હતું. આ પ્રાંત આઈએસના કબજામાં હતો. એ વખતે કુર્દિશ આતંકવાદીઓ હુમલા કરતા હતા, પરંતુ હવે ફરીથી આ વિસ્તારમાં આઈએસના આતંકીઓ હુમલા કરવા લાગ્યા છે.

# મિસિસિપીમાં હોટલમાં ઘૂસીને શખ્સનો ગોળીબાર, 4ની હત્યા

**વોશિંગટન**

અમેરિકામાં મિસિસિપીના ગલ્ફ કોસ્ટ પરની એક હોટલમાં ગોળીબારમાં ચાર લોકોના મોત થયા છે. આ પછી શંકાસ્પદને પોલીસ દ્વારા થોડે દૂરથી પકડી લેવામાં આવ્યો હતો. ગલ્ફપોર્ટ પોલીસે જણાવ્યું હતું કે શંકાસ્પદ એક બિઝનેસ કોમ્પ્લેક્સની અંદર બંધ હતો. અધિકારીઓએ વિસ્તારને સીલ કરી દીધો હતો.

ઓફિસર હેન્ના હેન્ડ્રીએ જણાવ્યું કે અધિકારીઓએ શંકાસ્પદ વ્યક્તિને આત્મસમર્પણ કરવાનું પણ કહ્યું હતું. બિલોક્સી પોલીસ વિભાગના કેપ્ટન મિલ્ટન હૌસમેને પુષ્ટિ કરી કે ચાર લોકો માર્યા ગયા છે, પરંતુ તેમની ઓળખ જાણી શકાઈ નથી. પોલીસે જણાવ્યું કે ગોળીબાર સવારે ૯ વાગ્યાની આસપાસ બિલોક્સી બ્રોડવે ઈનમાં થયો હતો.

પોલીસે જણાવ્યું કે બંદૂકધારી ભાગી ગયો અને પછી લગભગ ૧૩ માઈલ (૨૦ કિલોમીટર) દૂર ગલ્ફપોર્ટમાં અન્ય પીડિતા પર હુમલો કર્યો. જે બાદ પોલીસે તેને પકડી લીધો હતો. આ પહેલા મિસિસિપીમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાની પાર્ટીમાં અનેક લોકોએ ગોળીબાર કર્યો હતો, જેમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. ફાયરિંગની આ ઘટનામાં અન્ય ચાર લોકો ઘાયલ થયા છે.

# રશિયાએ પોલેન્ડ અને બલ્ગેરિયાના ગેસ સપ્લાયમાં કાપ મૂકતા વિવાદ વણસ્યો

## અમેરિકા-બ્રિટને યુક્રેનને શસ્ત્રો પૂરા પાડવા કહેતાં રશિયાની ત્રીજા વિશ્વયુદ્ધની ધમકી

**પોક્રોવ્સ્ક**

રશિયાએ યુક્રેનના શસ્ત્રો માટે ગેટવે બનેલા પોલેન્ડ અને બલ્ગેરિયાને આપવામાં આવતા પુરવઠામાં નોંધપાત્ર કાપ મૂકતા વર્તમાન યુદ્ધમાં નવો વળાંક આવ્યો છે. યુરોપે આને બ્લેકમેઈલિંગ તથા યુરોપીયન દેશોને એકબીજા સામે મૂકવાનો પ્રયાસ ગણાવ્યો છે. રશિયાએ પૂર્વી યુક્રેનમાં તેના હુમલા વધારે તીવ્ર બનાવતા લોકો જવા માંડયા છે. જ્યારે ઝેલેન્સ્કીએ ચેર્નોબિલ અંગે ચેતવણી આપી છે.

અમેરિકા અને યુરોપના સહયોગીઓ દ્વારા યુક્રેનને શસ્ત્રો પૂરા પાડવાની ઝડપ વધારવાના નિર્ણયના દિવસ પછી રશિયાએ પોલેન્ડ અને બલ્ગેરિયાને આપવામાં આવતા ગેસના પુરવઠામાં કાપ મૂકવાની સાથે તેને સંપૂર્ણ બંધ કરવાની ધમકી આપી છે. તેની ધમકી છે કે જો યુરોપ યુક્રેનને ટેકો આપવાનું બંધ નહી કરે તો ગેસનો પુરવઠો સદંતર બંધ કરવામાં આવશે.

પોલેન્ડ તેની ગેસની કુલ જરુરિયાતના ૪૫ ટકાની અને બલ્ગેરિયા ૯૦ ટકાની રશિયાથી આયાત કરે છે. સ્પેને તો તેના માટે વૈકલ્પિક સંસાધન તૈયાર રાખ્યા છે. તેની પાસે મોટાપાયા પર કોલસો છે અને ઓઈલ ભંડાર પણ છે. તેમાથી બે પાઈપલાઈન શરૂ થવાની છે. પણ વધારે તકલીફ બલ્ગેરિયાને પડવાની છે. જો કે રશિયાને પોતે પણ આ પગલાંથી દરરોજનો ૪૦ કરોડ ડોલરનો ફટકો પડશે. તેના અર્થતંત્ર પર પણ અસર પડશે.

# નાઈજીરિયાની ઓઈલ રિફાઈનરીમાં વિસ્ફોટ, 100થી વધુના મોત



દક્ષિણ-પૂર્વીય નાઈજીરિયાની એક ગેરકાયદેસર ઓઈલ રિફાઈનરીમાં વિસ્ફોટ થવાના કારણે 100થી વધારે લોકોના મોત થયા હોવાની આશંકા છે જ્યારે અન્ય કેટલાય લોકોને ઈજાઓ પહોંચી છે. જાણવા મળ્યા મુજબ વિસ્ફોટના કારણે લાગેલી આગ આસપાસની ઈમારતો સુધી પણ ફેલાઈ ગઈ હતી.

# સિંગાપોરમાં હીરોઈન સાથે પકડાયેલા મૂળ ભારતીય યુવકને ફાંસી

**સિંગાપોર**

સિંગાપોરમાં માનસિક રીતે અસ્થિર ભારતીય મૂળના મલેશિયન નાગરિક નાગેન્દ્રન ધર્મલિંગમને બુધવારે ફાંસી આપવામાં આવી હતી. નાગેન્દ્રનની માતાએ છેલ્લી ક્ષણ સુધી પોતાના પુત્રને ફાંસીથી બચાવવાના પ્રયત્નો કર્યા પણ આ તમામ પ્રયત્નો નિષ્ફળ નિવડયા હતાં. બુધવારે ફરીથી નાગેન્દ્રનની માતા કોર્ટમાં ગયા હતાં પણ કોર્ટે તેમની અરજી ફગાવી દેતા બુધવારે તેને ફાંસી આપી દેવામાં આવી હતી. નાગેન્દ્રન પર ડ્રગ્સની હેરાફેરી કરવાનો આરોપ હતો.

# ઇન્ડોનેશિયાએ ખાદ્યતેલોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો

**જકાર્તા**

ઈન્ડોનિશિયા તમામ ખાદ્યતેલોની નિકાસ પર પ્રતિબંધ મૂકવા મક્કમ છે અને તેની માટે નિકાસ પ્રતિબંધનો દાયરો વધાર્યો છે. જ્યારે ત્રણ દિવસ અગાઉ જ તેણે નિકાસ પ્રતિબંધમાંથી ક્રૂડ પામતેલ અને આરબીડી પામોલિન તેલની બાકાત રાખવાની વાત કહી હતી જેને ફેરવી ટાળ્યું છે. ઈન્ડોનેશિયાના આર્થિક બાબતોના મંત્રી એરલંગા હાર્ટર્ટોએ બુધવારે જણાવ્યુ કે, નિકાસ પ્રતિબંધોમાં રો-મટિરિયલ, આરબીડી પામતેલ અને વપરાયેલા ખાદ્યતેલનો પણ સમાવેશ કરાયો છે. આમ હવે ક્ડ પામતેલ, આબીડી પામોલિન તેલની નિકાસ પર પણ પ્રતિબંધ લાગુ થશે. નિકાસ પ્રતિબંધની નવી જાહેરાત બાદ કુઆલાલંપુર ખાતે પામતેલના જુલાઈ ડિલિવરી વાયદામાં ૧૦ ટકાનો ઉછાળો આવ્યો છે. ભારત પોતાની કુલ પામતેલ આયાતમાંથી ૬૦% ઈન્ડોનેશિયા પાસેથી ખરીદે છે. પામતેલની આયાત પર પ્રતિબંધ મૂકાયાના અહેવાલ બાદ ખાદ્યતેલોના સ્થાનિક અને વૈશ્વિક ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે.

# મ્યાનમારની કોર્ટે ભ્રષ્ટાચારી નેતાને ફટકારી સજા, સુ કીને પાંચ વર્ષની જેલ

**દુબઈ**

મ્યાનમારમાં સાન સુ કીને ભ્રષ્ટાચારના આરોપમાં દોષિત ઠેરવ્યા અને બુધવારના રોજ પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં સેનાના તખ્તાપલટ પછી સત્તામાંથી ફેંકાઈ ગયેલી સુ કીએ પોતાના ટોચના રાજકીય સાથીદાર પાસેથી સોનું અને હજારો ડોલર લાંચ તરીકે લીધા હોવાના આરોપોને નકારી કાઢ્યા હતા. આ ગુના હેઠળ મહત્તમ 15 વર્ષની સજા અને દંડની જોગવાઈ છે. પૂર્વ નેતા આંગ સાન સુ કીના સમર્થકો અને સ્વતંત્ર કાનૂની નિષ્ણાતોએ તેમની સજાને વખોડતા અને 76 વર્ષીય સુ કીને રાજકારણમાંથી દૂર કરવાના હેતુથી આ પગલુ લેવામાં આવ્યાનો આરોપ લગાવાયો હતો.

## US પ્રથમ, ચીન બીજું અને ભારત 76.6 અબજ ડોલર સાથે ત્રીજું

# પ્રથમવાર વિશ્વનું સંરક્ષણ બજેટ 160 લાખ કરોડને પાર : સીપ્રીનો રિપોર્ટ

**લંડન**

સ્વીડનની ડિફેન્સ થિંક ટેંક એસઆઈપીઆરઆઈ (સીપ્રી)ના અહેવાલમાં દાવો થયો હતો કે દુનિયાનું ડિફેન્સ બજેટ પહેલી વખત ૨.૧ ટ્રિલિયન ડોલર એટલે કે અંદાજે ૧૬૦ લાખ કરોડ રૂપિયાનેપાર થયું છે. અહેવાલ પ્રમાણે અમેરિકા પ્રથમ, ચીન બીજા અને ભારત ત્રીજા ક્રમે છે. રશિયા અને બ્રિટનનો પણ સૌથી વધુ બજેટ ફાળવતા દેશોમાં ટોપ-પમાં સમાવેશ થાય છે. સ્વીડનની થિંક ટેંક સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ (સિપરી)ના અહેવાલમાં દાવો કરાયો હતો કે સતત સાતમા વર્ષે દુનિયાના સંરક્ષણ બજેટમાં વધારો થયો છે. પ્રથમ વખત દુનિયાનું ડિફેન્સ બજેટ ૨૧૧૩ અબજ ડોલર થયું છે. સૌથી વધુ ૮૦૧ અબજ ડોલરનું સંરક્ષણ બજેટ અમેરિકા ફાળવે છે. ૨૯૩ અબજ ડોલર સાથે ચીન બીજા ક્રમે છે અને ભારત ત્રીજા ક્રમે છે. ભારતે ૨૦૨૧ના વર્ષમાં ૭૬.૬ અબજ ડોલરનું ડિફેન્સ બજેટ ફાળવ્યું હતું.

# પાકિસ્તાનની કરાચી યુનિવર્સિટીમાં બ્લાસ્ટને કારણે 5 લોકોના મોત

**કરાચી**

પાકિસ્તાનની કરાચી યુનિવર્સિટીમાં એક વાનમાં બ્લાસ્ટ થયો છે. આ વિસ્ફોટમાં 5 લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. વાનમાં બ્લાસ્ટ થયાની માહિતી મળતાં જ ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓએ તપાસ શરૂ કરી છે. પાકિસ્તાનની કરાચી યુનિવર્સિટીમાં બ્લાસ્ટને કારણે 5 લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ઘાયલ થવાની આશંકા છે. પાકિસ્તાનના સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, વિસ્ફોટ કરાચી યુનિવર્સિટીના કન્ફ્યુશિયસ ઈન્સ્ટિટ્યૂટ પાસે એક વાનમાં થયો હતો. બ્લાસ્ટ બાદ વાનમાં આગ લાગી હતી.

**માઇક્રોસોફ્ટના રિપોર્ટમાં ખુલાસો**

# રશિયાએ યુક્રેન પર કર્યો સાયબર અટેક

## 2021થી સાયબર હુમલાની તૈયારી કરી રહ્યા હતા, હેકર્સે ડઝનબંધ સંસ્થાના ડેટાનો નાશ કર્યો, યુદ્ધની ગુપ્ત માહિતી એકત્રિત કરાઇ

**ન્યૂયોર્ક**

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને બે મહિનાથી વધુ સમય વીતી ગયો છે. પરંતુ યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું. મળતી માહિતી મુજબ, રશિયા માત્ર દારૂગોળો અને મિસાઈલ જ નહીં પરંતુ યુક્રેન પર સાઈબર હુમલા પણ કરી રહ્યું છે. યુદ્ધની વચ્ચે, રશિયન હેકર્સની એક ટીમ સાયબર હુમલા કરીને યુક્રેનને નબળું પાડી રહી છે. માઈક્રોસોફ્ટ કંપનીએ બુધવારના રોજ જાહેર કરેલા એક રિપોર્ટમાં જણાવ્યું છે કે, રશિયન સરકારના સમર્થિત હેકર્સે છેલ્લા કેટલાક સમયમાં યુક્રેનમાં ડઝનબંધ સંસ્થાઓ પર સાયબર એટેક કર્યો છે અને તેમના ડેટાનો નાશ કર્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, રશિયન હેકર્સે માહિતીનું અરાજકતાભર્યુ વાતાવરણ ઊભું કર્યું છે.

અહેવાલમાં જણાવાયું છે કે, લગભગ અડધા હુમલા મહત્વપુર્ણ માળખાગત સુવિધાઓ પર કરવામાં આવ્યા હતા અને આવા ઘણા હુમલાઓ બોમ્બ વિસ્ફોટ સાથે સાથે કરવામાં આવ્યા હતા. માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે, રશિયા સાથે જોડાયેલા સમુહ માર્ચ 2021 થી વ્યૂહાત્મક અને યુદ્ધ ક્ષેત્રની ગુપ્ત માહિતી એકત્રિત કરવા અને ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવા નેટવર્કને હેક કરવા માટે હુમલાની તૈયારી કરી રહ્યા હતા. અહેવાલ મુજબ, યુદ્ધ દરમિયાન, હેકરોએ નાગરિકોની વિશ્વસનીય માહિતી અને મહત્વપૂર્ણ સેવાઓની ઍક્સેસને અવરોધવાનો પ્રયાસ કર્યો હતો.

## રશિયાએ ખેરસનને પર કર્યો કબજો, 300 જેટલા લોકોને બંધક બનાવ્યા

રશિયનોએ કબજે કરેલા ખેરસન ક્ષેત્રમાં એક જેલ સિબિર બનાવી છે, જ્યાં 300 યુક્રેનિયન કાર્યકરો અને સૈનિકોને રાખવામાં આવ્યા છે. યુક્રેનની ડિફેન્સ ઈન્ટેલિજન્સ અનુસાર, ત્યાંના લોકોની પૂછપરછ, મારપીટ અને ટોર્ચર કરવામાં આવે છે. રશિયાએ યુક્રેનના ખેરસન પર કબજો જમાવ્યો છે. અહીં સતત ગોળીબાર થવાને કારણે માનવ કોરિડોર નિષ્ફળ ગયો છે, જેના કારણે હજારો લોકો અહીં ફસાયેલા છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ શહેરને લઈને રશિયા અને યુક્રેન વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે. ડોનબાસની તર્જ પર રશિયા પણ ખેરસનમાં જનમત યોજવા માગે છે.



## યુક્રેનનું સમર્થન કરનારા દેશ પર કરાશે હુમલો, રશિયાએ ફરી ધમકી આપી

પુતિને ફરી એકવાર પશ્ચિમી દેશોને ચેતવણી આપી છે. પુતિને કહ્યું છે કે, જો કોઈ પશ્ચિમી દેશ અમારા સ્પેશિયલ ઓપરેશનમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરશે તો રશિયા તે દેશો પર હુમલો કરતા અચકાશે નહીં. પુતિને ધમકી આપી છે કે, જો કોઈ દેશ યુક્રેન સામેના યુદ્ધમાં હસ્તક્ષેપ કરશે તો હુમલો કરશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે કહ્યું હતું કે, યુદ્ધમાં હસ્તક્ષેપ કરવાનો નિર્ણય લેનારા દેશો પર તાત્કાલિક હુમલો કરવા માટે રશિયા પાસે તમામ સાધનો છે. રશિયાએ અમેરિકાને યુક્રેનને શસ્ત્રો મોકલવાનું બંધ કરવા કહ્યું છે.

## યુક્રેનને અમેરિકા-બ્રિટનની સૈન્ય સહાય પરમાણુ યુદ્ધ નોંતરી શકેઃ સર્ગેઈ લાવરોવ

ખારકીવ : યુક્રેન પર રશિયાના આક્રમણને બે મહિનાથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ યુદ્ધના અંત અથવા શાંતિ સ્થપાવાની કોઈ શક્યતા જોવા મળતી નથી. રશિયાએ યુક્રેનના પૂર્વીય અને દક્ષિણી ભાગો પર હુમલા વધાર્યા છે. બીજીબાજુ રશિયાનો સામનો કરવા માટે અમેરિકા અને બ્રિટન સહિતના દેશોએ યુક્રેનને સૈન્ય સહાય વધારી છે. વધુમાં યુક્રેનનું સૈન્ય રશિયાને હરાવી શકે છે તેવા અમેરિકાના નિવેદનથી રશિયા ઉશ્કેરાયું છે. તેણે વધુ એક વખત યુક્રેન યુદ્ધ ત્રીજા વિશ્વયુદ્ધ, પરમાણુ યુદ્ધમાં પરિવર્તિત થવાના જોખમની ચેતવણી આપી છે. રશિયન સમાચાર એજન્સી સાથે વાત કરતાં રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે યુક્રેન સાથે શાંતિ મંત્રણા નિષ્ફળ જવા અંગે કીવના દૃષ્ટિકોણની ટીકા કરતા કહ્યું કે, ત્રીજા વિશ્વ યુદ્ધનું જોખમ 'વાસ્તવિક' છે અને ત્રીજું વિશ્વ યુદ્ધ થશે તો પરમાણુ યુદ્ધ પણ નિશ્ચિત છે, જે વધુ ભયાનક હશે. તેમણે કહ્યું કે, યુક્રેન સાથે શાંતિ મંત્રણા ચાલુ રહેશે.

## 87 મિલિટરી બેઝ પર એર સ્ટ્રાઈકમાં 500 યુક્રેની સૈનિકોના મોત : રશિયાનો દાવો

**મોસ્કો :** રશિયા અને યુક્રેન વચ્ચે બે મહિના કરતા વધારે સમયથી જંગ ચાલી રહ્યો છે.જોકે બંને પક્ષો પાછા હટવાનુ નામ નથી લઈ રહ્યા. યુધ્ધના કારણે બને દેશોના હજારો સૈનિકોએ જીવ પણ ગુમાવ્યો છે. આમ છતા યુધ્ધનો અંત દેખાઈ રહ્યો નથી. રશિયાએ યુક્રેનના 500 સૈનિકોને મારી નાંખવાનો દાવો કર્યો છે. રશિયન ન્યૂઝ એજન્સીએ કહ્યુ હતુ કે, રશિયન એરફોર્સે યુક્રેનના 87 જેટલા મિલિટરી બેઝને ટાર્ગેટ કર્યા હતા અને તેમાં 500 યુક્રેની સૈનિકોના મોત થયા છે. જોકે યુક્રેને હજી સુધી આ બાબતને સમર્થન આપ્યુ નથી. દરમિયાન યુક્રેને દાવો કર્યો છેકે, દોનેત્સક વિસ્તારમાં રશિયન સેનાએ નાગરિકોને ટાર્ગેટ બનાવીને 24 કલાકમાં 17 વખત ફાયરિંગ કર્યુ છે અને તેમાં ચાર લોકોના મોત થયા છે. દરમિયાન રશિયાએ ફરી ચેતવણી આપીને કહ્યુ છે કે, યુક્રેન ત્રીજા વિશ્વ યુધ્ધને ભડકાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે અને તેમાં પરમાણુ યુધ્ધના ખતરાને ઓછો આંકી શકાય તેમ નથી.

**વિભૂતિ વૈભવ**

**પ્રમુખ પરિમલ લેખમાળા - 1**


# વિભૂતિ વૈભવને જાણવા અને માણવા જરૂરી છે

જ્યારે એ સામાન્યપણું છોડીને અસામાન્ય બને ત્યારે, જ્યારે એનામાં મહાનતા પ્રગટે ત્યારે.

મહાનતા વેચાતી મળતી નથી, ખેતરમાં ઉગાડી શકાતી નથી, પરંતુ એ વિભૂતિ પુરુષોના કદમ ચૂમતી આવે છે. કારણ કે, એમની પાસે સદ્ગુણોનો ભંડાર હોય છે. એ જ છે વિભૂતિ પુરુષોનો વૈભવ! એ વૈભવ એમની જીવનભરની સાધનાનો પરિપાક હોય છે.

આ સંસારમાં આપણી વચ્ચે જ રહીને ઘૂમતા-ફરતા આ ઓલિયાઓની જીવનશૈલી આપણા કરતાં ખાસ અલગ નથી હોતી, પરંતુ એમનો આંતરિક વૈભવ હિમાલય કરતાં પણ ઊંચો હોય છે. છેલ્લી એક સદીથી આપણી વચ્ચે રહીને, ઈશ્વરના ચરણે જીવન સમર્પિત કરી દીધું હોવા છતાં, આપણા સૌના માટે પોતાના જીવનની ક્ષણે-ક્ષણને લોહીનો કણેકણ વાપરી જનારા મહાપુરુષ હતા પ્રમુખસ્વામી મહારાજ.

**The higher you go, the higher is the level of courtesy; and the higher is the level of courtesy, the higher you go** - જેમ જેમ વિનમ્રતા વધતી જાય છે, એમ મહાનતા પણ વધતી જાય છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દ્વારા આ સિદ્ધાંતને સાબિત કરી બતાવ્યો છે. ઈ.સ.૧૯૮૨માં એમના વિદેશના ધર્મ પ્રવાસની શરૂઆત લંડનના હીથ્રો એરપોર્ટ ઉપરથી થઈ. શ્રી દાદુભાઈ પટેલ ખૂબ ઉમંગભેર જાજરમાન રોલ્સ-રોઈસ ગાડી લઈને એમને વિમાન ઉપર તેડવા આવેલા. સ્વામીશ્રી ગાડીની આગલી બેઠક પર બેઠા. દાદુભાઈ જમણી બાજુની બેઠક પરથી ગાડી ચલાવતા હતા. પાછળની બેઠક ‰પર ચાર સહયાત્રીઓ ગોઠવાઈ ગયેલા. આ વિશાળ એરપોર્ટમાંથી ગાડીને સલામત રીતે બહાર લઈ જવા માટે એક અંગ્રેજ ભોમિયા પણ આવેલા હતા, પરંતુ પ્રશ્ન એ થયો કે એ ક્યાં બેસે ? ગાડીમાં તો કોઈ જગ્યા જ બાકી નહોતી. સ્વામીશ્રીએ આ જોયું કે, તરત એક ક્ષણના પણ વિલંબ વગર તેઓ આગલી બે બેઠકની મધ્યમાં આવેલ ગિયરબોક્સ ઉપર બેસી ગયા અને ભોમિયાને પોતાની સીટ ઉપર બેસાડ્યા. જેનું સ્વાગત કરવા રોલ્સ-રોઈસ ગાડી આવેલ તે બેઠા ગિયર-બોક્સ ઉપર, અને પોતાની બેઠક ઉપર બેઠા બીજા. જોવાની ખૂબી એ હતી કે, સ્વામીશ્રી આમ કરતી વખતે એટલા સહજ રીતે વર્તતા હતા કે શું બની ગયું એનો કોઈને ખ્યાલ પણ ન આવ્યો.



તારીખ ૪૬-૧-૪૬. મુંબઈ. બીજે દિવસે સ્વામીશ્રી વિદેશની ધર્મયાત્રાનો પ્રારંભ કરવાના હોવાથી આજે પોદાર કોલેજના હોલમાં વિદાય-સભા આયોજીત થઈ હતી. આ સભામાં પ્રખર વક્તા પૂજ્યશ્રી ચિન્મયાનંદજી પણ ઉપસ્થિત રહેવાના હતા. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ પહેલેથી જ આયોજકોને સૂચના આપેલી કે બંને આસન- એટલે કે પોતાનું અને અતિથિને બેસવાનું- એકસરખાં જ કરવાનાં છે તે ધ્યાન રાખજો. જ્યારે પણ કોઈ સંત-મહાત્મા સભામાં આવવાના હોય ત્યારે તેઓની આ કાયમી આજ્ઞા રહેતી. મુંબઈમાં આવા જ એક પ્રસંગે એક સંત-મહાત્મા અણધાર્યા જ આવી પહોંચ્યા. એમના માટે બીજું સારું આસન લાવવું શક્ય દેખાતું નહોતું. ત્યારે સ્વામીશ્રી તરત જ પોતાના આસન ઉપર ખસી જઈને એકદમ ખૂણામાં બેસી ગયા અને અતિથિસંતને પોતાના આસન ઉપર વ્યવસ્થિત રીતે માન સહિત બેસાડ્યા. નિર્માનીપણે વર્તવું એ એમનો સહજ સ્વાભાવિક ગુણ હતો.

પચાસ-સો માણસો જ્યારે પોતાનું નિરીક્ષણ કરી રહ્યા હોય, ત્યારે સદ્ગુણી દેખાવાનો પ્રયત્ન કોઈ પણ માણસ કરવાનો. પરંતુ જીવનના કણેકણમાં નિર્માનીપણું વણાયેલું હોય, એ ત્યારે જણાય કે જ્યારે છેક નાની વયથી જ એ વ્યક્તિ નિર્માનીપણે વર્તતી હોય. પ્રમુખસ્વામીને એમના ગુરુ શાસ્ત્રીજી મહારાજે દીક્ષા આપી ત્યાર પછીના થોડા વર્ષો એમણે એક નાના સાધકની જેમ મંદિર બાંધકામની તનતોડ મજૂરી-સેવા કરીને અને સંસ્કૃતનો અભ્યાસ કરીને વિતાવેલા. પરંતુ એમનામાં છુપાયેલી દિવ્ય પ્રતિભાને ગુરુ ઓળખી ગયેલા. આથી શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીને ૨૮ વર્ષની વયે વિશ્વવ્યાપી બોચાસણવાસી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ (એટલે કે મુખ્ય વહીવટકર્તાઅને સત્તાધીશ) બનાવ્યા. આના દ્વારા પ્રમુખસ્વામી સંસ્થાના તમામ વડીલ સંતો અને તમામ હરિભક્તોના ઉપરી બની ગયા હતા. પરંતુ પ્રમુખ તરીકેના એમણે કરેલ પ્રથમ ઉદબોધનમાં સત્તાની સ્વીકૃતિનો એક છાંટો પણ દેખાયો નહીં, ઊલટાનું એમણે તો માત્ર પ્રાર્થના કરી કે, મારામાં જે શક્તિ જ્ઞાન અને પ્રેરણા છે તે બધું જ આપે આપેલું છે. હું આજે આપ ગુરુશ્રી સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે, મારું કર્તવ્ય બરાબર બજાવવા આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ. કરોડો ભાવિકોના હૃદયમાં ગુંજતું થયેલું નામ પ્રમુખસ્વામી જે દિવસે અસ્તિત્વમાં આવ્યું એ દિવસે સ્વામીશ્રીના પ્રથમ ઉદગારોમાં નિર્માનીભાવ, દાસભાવ, સેવકભાવના મેહુલા વરસ્યા. એની પરાકાષ્ઠા તો ત્યારે આવી કે, જ્યારે આ સભા પૂર્ણ થઈ ત્યારે ઉપસ્થિત તમામ હરિભક્તોને જમાડવામાં આવેલાં. એ બધાનાં એંઠાં વાસણ પ્રમુખસ્વામીએ એકલા હાથે જ ઊટકી કાઢ્યાં. **The Servant Leader** તરીકે એમણે કરેલી આ પ્રમુખપદની પ્રથમ સેવા હતી. દુનિયાના કયા પ્રમુખની કારકિર્દી આવી સેવાથી શરૂ થઈ હશે !

પુસ્તકોના વાંચન દ્વારા સદ્ગુણોની માહિતી ચોક્કસ મળે, પરંતુ એને આત્મસાત્ કરવા માટે એ સદગુણો જેમણે જીવનમાં ઉતાર્યા હોય એમનું જીવન જ પ્રેરણા આપી શકે. એટલા માટે આ વિભૂતિ વૈભવ જાણવો અને માણવો જરૂરી છે.

**● સાધુ યોગેન્દ્રદાસ, BAPS (Los Angeles, USA)**

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!

JUST LISTED
141 Centre St, Belleville



$599,000


Look No Further, A Beautiful Raised Bungalow, Ready To Move In. Finished Basement With 2 Bedrooms. Centrally Located To All Of Belleville's Local Amenities. Close To Wellness Centre, Mall, Transit, Parks & 401-Home Is Perfect For Those On The Go! Access To The Fenced Backyard And Potential For In-Law Suite With A Separate Walk-Up Basement Entrance.

JUST LISTED
128 Golfdale Road, Belleville



$649,900

A Beautiful Raised-Bungalow Perfect For A Growing Family. Functional Layout With 3 Bedroooms On The Main Floor, 2 In The Basement. The Floorplan Allows For An In-Law Suite On The Lower Level With Kitchen Providing Income Potential! Bright And Spacious W/Ample Windows Providing Natural Light. Great Curb Appeal. Walkout From The Kitchen To A Large Deck Overlooking The Private Backyard. Minutes To Belleville Go Station, Hwy 401 And Much More.




Call or DM for further details on this both amazing projects.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work!

## Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE



**416.993.0826**
**24/7 # 905.305.8508**

તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com